

વીણાધારિણી

શિલ્પાચાર્ય શ્રીધર મહાપાત્રનું આ એક બહુગુણપ્રપૂર્ણ મૂર્તિકાવિધાન છે. તિબેટ-ની પુરાતન તારાદેવીની મૂર્તિ કે ધ્યાનમગ્ન પ્રજ્ઞાપારમિતાની પ્રાચીન ભારતીય મૂર્તિઓની હારમાં મૂકી શકાય એવી આ ભાવ-મનોહર કૃતિ માટે કલાકાર પણ ગૌરવ લઇ શકે તેમ છે. એ શિલ્પકારના સંપૂર્ણ સચિત્ર પરિચય માટે અંદર જુઓ.

કુમાર


વર્ષ ૧૮મું · અંક ૮મો · ઑગસ્ટ ૧૯૪૧

આવતી કાલનાં નાગરિકોનું માસિક · તંત્રી : રવિશંકર રાવળ · સંપાદક : બચુભાઈ રાવત ૨૧૨ મો અંક



કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક-બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક—રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂા. ૬, બ્રહ્મદેશના રૂા. ૬ાા, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના; મુંબાઇમાં: કુમાર ઑફિસ, ૧૩૬–૧૪૨ મેડોઝ સ્ટ્રીટ મુંબાઈ-૧; તથા બીજા એજન્ટો: આર.આર શેઠની કં., પ્રિન્સેસ સ્ટ્રીટ ને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઇ—૨




અપ્સરા

શિલ્પી · શ્રી શ્રીધર મહાપત્ર

(એમના વધુ પરિચય માટે આ અંકમાં બીજે જુઓ.)

શ્રીધર મહાપત્રે અમદાવાદના નિવાસ દરમિયાન સર્જેલું આ એક અનુપમ કાષ્ઠશિલ્પ છે. માત્ર આઠ જ ઇંચના લાકડાના ટુકડામાં એણે સૌંદર્યકાવ્ય રચ્યું છે. સેવર્નના સફેદ લાકડાને મીણ જેવી મૃદુતા અર્પી નખશીખ અવયવો, અલંકારો અને અંગમરોડમાં કોઈ ઠેકાણે પણ ટાંકણાનો કર્કશ ઘસારો જણાવા દીધો નથી. વાયુની ફૂંકે જાણે બધી સપાટી લીસી અને મૃદુ બની હોય એવી અજબ કારીગરી સાથે મનોહર સૌંદર્યની જે ભભક આખા પાત્ર ઉપર ફેલાઈ છે તે તો આ ફોટોગ્રાફમાં પણ ઉતારવી અશક્ય બની લાગે છે.



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ઉપરથી ડાબી બાજુથી અનુક્રમે : 'ખેતર ભણી'–મઝહર એસ. માસ્તર (પાલણપુર) બીજું ઈનામ; 'ગ્રામ્યકળા'–કંચનરાય એમ. અમીન (અમદાવાદ) નોંધપાત્ર; 'સૂર્યપ્રકાશિત શેરી'–મઝહર એસ. માસ્તર (પાલણપુર) નોંધપાત્ર; 'જીવનની સંધ્યા' ફિરોઝ એ. સરકાર (સુરત) ઉત્તેજના ઇનામ.

કુમાર આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૧૮ · અંક ૮ · ઑગસ્ટ · ૧૯૪૧

કોની વાટ?

કોની જુએ છે તું વાટ
અભાગી! કોની જુએ છે તું વાટ?
કોણ રે આવી, નાવ લાવી તુજ
નાંગરશે ઉર-ઘાટ?—અભાગી૦

શાને આ તું ફૂલહાર બનાવે?
દીપકમાળા શાને આ જલાવે?
એમાં શાને તુજ કાળ વિતાવે?
શા આ વ્યર્થ ઉચાટ?—અભાગી૦

ઊઠ! ઊભો થા ઝાલી લે લાકડી,
લઈ લે તારે કાંધે તું ગાંસડી,
આવવાનું નથી કોઈ,
પણ તેથી ના રહેવું રોઈ:
જાવાનું છે તારે,
થાવાનું છે તારે
નાના મટીને વિરાટ!—અભાગી૦

આફત આવશે આભથી ઊતરી,
લેશે ધરા નિજ દુઃખમાં જોતરી;
તોય છે તારે માથે,
થઈ એક જવું સહુ સાથે,
લેખ લખ્યા છે એ
મા ન વી તા રે
એક જ ભવ્ય લલાટ—અભાગી૦

પ્રહ્‌લાદ પારેખ





સ્વ. મણિલાલ માધવલાલ દવે—સમાજ અને વિદ્યાર્થીઓના સાચા સેવક

● પાટણનું ડૉ. પંડ્યા વિદ્યાર્થી અભ્યાસગૃહ અને તેને અંગે જોડાએલી સંસ્કાર તથા સેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ ગુજરાતભરમાં જાણીતી છે. ડૉ. પંડ્યા સ્વાર્પણ અને સેવાનો જે વારસો મૂકી ગયા તેને પાછળથી સંવૃદ્ધ કરનાર અને વિકસાવનાર, એક મૂંગા અને અવિરત કામ કરનાર, સમાજ અને વિદ્યાર્થીઓના સેવક, સ્વ. મણિભાઈ હમેશાં અપ્રસિદ્ધ રહેવાનું જ વ્રત પાળતા, એટલે ગુજરાતે શું ગુમાવ્યું છે તેની બહારની દુનિયાને ઓછી ખબર પડશે. પણ પાટણ જઇ આવેલા વિદ્વાનો, વિદ્યાર્થીઓ અને પાટણની જનતાને પ્રગતિના એક મોટા સુકાનીની ખોટ પડી લાગશે.

ડૉ. પંડ્યા સમાજની સેવા કરતાં રોગનો ભોગ થઇ પડ્યા તે પછી તેમનાં સેવાકાર્યોનો તમામ દોરીસંચાર સ્વ. મણિભાઇએ જીવનભર એકધારો સાચવ્યો હતો. એ હતા તો પાટણ હાઈસ્કૂલના એક આસિસ્ટન્ટ શિક્ષક માત્ર,



પણ પોતાની વિશાળ અનુકંપા અને સેવાપરાયણતાએ કરીને તે આખી વિદ્યાર્થી આલમ, બાળમંદિરો, વાચનાલયો અખાડાઓ અને ઉત્તર ગુજરાતના વ્યાયામ સંગઠનના પ્રાણરૂપ હતા. સ્વભાવે દિલાવર અને બહાદુર તેમજ હસમુખા અને પ્રેમાળ હોવાથી અનેક ગામોમાં તેમનું બહોળું મિત્રમંડળ બંધાયું હતું. અધિકારીઓ, વ્યાપારીઓ, વકીલો, ડૉક્ટરો એવાએવા અનેક ધંધાર્થીઓની લાગવગથી અને પોતાની સંગઠનશક્તિથી શહેરમાં મફત વિદ્યાર્થીગૃહ, વાચનાલયો, સંગ્રહસ્થાન, અખાડાઓ ને વાર્ષિક વિદ્યાર્થીસંમેલનો યોજીને તેમણે આજના પાટણનું નામ સંસ્કારી જગતમાં તરતું કર્યું હતું. નોકરીનાં પ્રમોશનો અને પદોનો લોભ ત્યાગીને તેમણે પાટણમાં જ જીવન સ્થિર કર્યું હતું. એમનું હસતું મોં કદી નિરાશા કે હાર સ્વીકારતું જ નહિ. અધિકારી કે રાષ્ટ્રભક્ત, વેપારી કે વિદ્વાન, બાળક કે વિદ્યાર્થી, સૌ તેમની સરળ અને વાત્સલ્યભરી મૂર્તિથી પ્રસન્ન બનતા. સેવાપરાયણ પત્ની, પુત્રો અને પુત્રીઓના બહોળા કુટુંબને તેમના આધારની હજુ જરૂર હતી ત્યાં એકાએક, ગઇ તા. ૯મી ઑગસ્ટને શનિવારે સવારે છ વાગ્યે હૃદય બંધ પડતાં એ મિત્રે પરલોકપ્રયાણ કર્યું. પાટણના શ્રીમંતો અને અધિકારીઓ કરતાં એમણે કરેલી સ્વભૂમિની સેવા જ્વલંત રહેશે. એમની ભાવનાઓ અને આશાઓ ટકાવી રાખવા પાટણના નાગરિકો યથાયોગ્ય કરશે તો એમનો પવિત્ર આત્મા પ્રસન્ન થશે.

સ્વ. કવિકુલમણિ ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર

● ગાઢા પ્રકાશવંત દીપજ્યોતિ બુઝાઈ જતાં અંધકારનો જેવો ભાસ થાય એવો અનુભવ ભારતની સમસ્ત જનતાને આજે થાય છે. એવા મહાન આત્માની જીવન-સમૃદ્ધિનો અને ભાવનાજગતનો તાગ લેવાની આપણી શી વિસાત છે? પણ એમના સમા, વિકસિત માનવ સંસ્કૃતિના પ્રફુલ્લ પદ્મનું દર્શન કરવાનું સદ્ભાગ્ય પણ આપણને મળ્યું હતું એટલું સ્મરતાં યે આપણે વિશ્વનિયંતાને કૃતજ્ઞભાવે પ્રણમી એમને આપણી હૃદયાંજલિ અર્પીએ. એવા મહાન હંસયાત્રીનું પ્રયાણ તો સીધું બ્રહ્મહૃદયમાં જ સંભવે. આપણે એમના જીવનની સુવાસ અને પ્રસાદીમાત્રથી કૃતાર્થ બની સ્તોત્ર અને માનાર્ઘ્યથી વિશેષ શું ધરી શકીએ?

એ મહા કવિ હતા બેશક, પણ એવું વર્ગીકરણ તેમની

પૂરી વ્યાખ્યા કરી શકતું નથી. એઓ માનવજીવનની મધુરતમ વીણા હતા. એના સ્વરોનાં અનુકંપને જગતનાં હૃદય ગલિત થતાં. ઊંચી માનવસૃષ્ટિનો સ્પર્શ પામતા એ ઋષિકુલાવતંસ હતા. પણ કેવા ઋષિ! એમનાં તપ અને ત્યાગ હઠયોગીઓ જેવાં રુક્ષ ને આગ્રહી નહોતાં, પણ કોઈ બાળક પંખીનાં ગાન સાંભળતું, કુદરત જોતું, સરિતાના પ્રવાહની લીલા જોતું, ઘરમાંથી નીકળી પડે તેની પેરે પ્રેમળ સુકોમળ વાતાવરણની ઉપાસનામાં તે પરિણમતા. વ્યવહાર અને આદર્શ જુદા હોઈ શકે એ તેમણે કદી સ્વીકાર્યું જ નહોતું. આદર્શનું દર્શન થતાં પૈસા, પદવી, સંબંધીજનો, સ્વભૂમિ કે આત્મ-સંગોપન બધાં તેમણે તુચ્છ કર્યાં અને આશ્રમજીવનને યે વિદ્યા અને વીણાનું મનોહર ધામ બનાવ્યું.

પંડિતાઈ કે વિદ્વત્તા કેળવવા તેમણે વિદ્યાભ્યાસ ન સ્વીકાર્યો, પણ જનતામાં વિચારશૂન્યતાની જડતા ન રહે અને ઉચ્ચ માનવપ્રેમ વિકાસ પામે તે માટે ગ્રામજીવનના સંપર્કમાં જ તેમણે 'વિશ્વભારતી' સ્થાપ્યું અને પૃથ્વીના કંઇ કંઇ ખૂણેથી પધારતા જ્ઞાનયોગીઓનો તે અખાડો બન્યું.

કવિતા અને કળાનો સાચો સંબંધ તો શાંતિનિકેતનમાં જ મંડાયો છે. આપણી બીજી ગોખણિયા યુનિવર્સિટીઓએ યુરોપ અને હિંદની કવિતાનો અક્ષરદેહ જ વિચાર્યો, ત્યારે શાંતિનિકેતનના કળાધામમાં કવિતા કલાકારની પીંછીએ સાકાર બની અને વીણાની અંગુલીએ સ્વરલહરીએ ચડી એવી કવિતાનાં દર્શન બીજે દોહ્યલાં છે. બીજી કઈ યુનિવર્સિટીએ ભારતીય કળાઓના આદર કે સમારોહ કરી બતાવ્યા? શાંતિનિકેતનના સાધકો અને સહચારીઓએ તો કલકત્તાની યુનિવર્સિટીમાં વર્ષોથી કળાનું સિંહાસન મેળવ્યું છે અને શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર, શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલી અને સ્ટેલા ક્રૅમરિશ વગેરેની કલાવિવેચનાઓથી તેની કીર્તિ પ્રસારી છે. એને મુકાબલે આપણું મુંબાઈનું વિદ્યાધામ સંગીત અને શિલ્પકળાઓ વગર સંસ્કૃતિનું ફારસ માત્ર લાગે છે.

કવિવર રવીન્દ્રનાથ વિદ્વાન હતા, કલાચાર્ય હતા અને રાજર્ષિ હતા; પણ એકલા સદ્‌ગુણો સમસ્ત જનતાનાં હૃદય જીતી શકતા નથી, એકલી કલાસંપન્નતા બધાને મુગ્ધ કરતી નથી, એકલી વિદ્યા બધાંની સમજણ કરી શકતી નથી. કવિવરમાં તો હતું એક, અનેરૂં ઐશ્વર્ય. પરમાત્માની વાણી તેમનાં વચનોમાં ધ્વનિત થતી અને કુદરતના સ્વરો તેમને મુખેથી સરતા.

એ પયગંબરી વાણી, એ ભવ્ય ઋષિમાનવ, એનાં શ્રવણ દર્શન અને સ્પર્શ અલોપ થયાં. એનો પ્રસાદ જ હવે માત્ર પાવન કરનારો બનશે. અનંતમાં વિલીન થએલા એ ભવ્ય ને મહાન આત્માને આપણાં સાષ્ટાંગ નમન હો.

ર. મ. રા.



જન્મ: ૬ મે ૧૮૬૧ • અવસાન: ૭ ઑગસ્ટ ૧૯૪૧
૧૯૯૭ની શ્રાવણી પૂર્ણિમાના મધ્યાહ્ને

શ્રદ્ધાંજલિ

• અનુષ્ટુપ •

હતા શું એકલા? દેવ! ગયા શું એકલા [illegible]
ના, ના; સૌના હતા સૌમાં રમતા છો, જગદ્‌ગુરુ!

બુદ્ધના પક્ષ શું હૈયું લોકહૈયું હતું અને
તન ને ધનથી ભારે ભર્યો છે લોકસંગ્રહ.

રાષ્ટ્રના ગૌરવે રાચ્યા રક્ષી આર્યજ સંસ્કૃતિ;
ધર્મના ગોપ! ધાર્યાં છે અધર્મે તપ ને ધૃતિ.

ત્રિવેણી ગૂંથતા દીઠા શ્રી શાંતિ વિશ્વભારતી;
મંદિરે સ્તોત્રમંત્રોની ઉચ્ચારી શિવઆરતી.

ભેદતાં મોહરાત્રિનાં શ્યામ આવરણો, રવિ!
ક્રાન્તદર્શી ય રાજર્ષિ સોહ્યા સૌમ્ય મહાકવિ.

ભાવનામેઘની વર્ષા વર્ષાવી જગ શાશ્વતી;
રવીન્દ્ર! આપથી મ્હેકી સંસારે રસશ્રાવણી.

પ્રાણ ને પ્રેરણા કેરા ગેબી ઓ પયગમ્બર!
ભણી ને શીખવી ગૌરી-ગાયત્રી, રસઈશ્વર!

શબ્દના સ્વરના રંગી! રંગ્યા અર્થ તથા ધ્વનિ;
જીવને હે કલાચાર્ય! સાધી આંતરસંગતિ.

દેશળજી પરમાર

શુદ્ધ ભારતીય કલાપરંપરાનો મૂળ તાર સાચવનારાં વિરલ કુટુંબોના વંશજ અને માટી, કાષ્ઠ, ધાતુ કે પથ્થર—કોઇ પણ સાધનમાં રૂપસુંદર કલાકૃતિઓ નિપજાવનાર

પ્રાચીન હિંદી કળાની સાચી પરંપરાનો આરંભકાળ તો હજારો વર્ષના ઇતિહાસમાં છુપાએલો છે. પણ તે પરંપરાના તાર સાચવી કામ કરતા અને શિલ્પશાસ્ત્રનાં સૂત્રો પ્રમાણે જ કલાનિર્માણ કરતા કલાચાર્યો પણ આજે તો વિરલ થઇ પડયા છે.

સંગીત અને શિલ્પનાં સુકાઇ જતાં ઝરણાં સજીવન કરવા માટે અને વિસરાતી સંસ્કૃતિના સાચા પરિશીલન તેમજ સાચા પુનરૂદ્ધાર માટે એવા શીલવંત કારીગરોને કળાશાળાઓમાં રોકી તેમની પાસે અનેક વિદ્યાર્થીઓ તૈયાર કરાવવામાં આવે તો હજુ પણ જગતને ચકિત કરી દે એવાં સર્જનો હિંદમાં શકય બને.

થોડાં વર્ષો પહેલાં હિંદના સરકારી પુરાતત્ત્વ ખાતાના વડા સર જૉન માર્શલે, આજે ભગ્નશેષ બનેલાં પ્રાચીન મહાલયો ને મંદિરોમાં સમારકામ કરવા તેમજ તેમનું સંરક્ષણ કરવા માટે, જેમના પૂર્વજોએ તે બાંધેલાં એવા પ્રવીણ શિલ્પીઓની શોધ કરવા માંડી. બિચારા કેંક શિલ્પીઓના વારસો કામધંધો નહિ મળવાથી સરકારી ઑફિસોમાં કારકુનો અને પટાવાળા બની ગયા હતા; પણ જગન્નાથપુરી અને કોનાર્કનાં મંદિરો બાંધનારાઓનો એક વેલો કંઇક કળા સાચવી રહ્યો હતો. તેમાંના એક પુરુષ શ્રી ગિરિધારી મહાપત્ર એ ખાતાને હાથ



ચડયા. કલકત્તામાં એ વખતે શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર, શ્રી ઇ.બી. હૅવલ અને શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલી વગેરેએ ભારતીય કલાની હિલચાલ ઉપાડી હતી. તેમની નજરે એ કલાધરની કૃતિઓ વસી એટલે વખતોવખત તેઓ તેને કંઇકંઇ કામ આપતા. પુરાતત્ત્વ ખાતાનું કામ પૂરૂં થયું, એટલે શ્રી મહાપત્રને તેમણે કલકત્તાની સરકારી કળાશાળામાં અધ્યાપક તરીકે ખેંચી લીધા.

એ જ અરસામાં ત્યાં ઓરીએન્ટલ આર્ટ સોસાએટી (પૌરસ્ત્ય કલાસંઘ)ની સ્થાપના થઇ અને તેનું સંચાલન ત્રણેક જણાની કમિટી દ્વારા થવા લાગ્યું. સરકારની પણ તેને મદદ હતી. તેનો ઉદ્દેશ શુદ્ધ પૌરસ્ત્ય કલાપ્રણાલિઓનો સમુદ્ધાર કરવાનો હતો. બાલક શ્રીધર મહાપત્ર એ વખતે પિતાની પાસે તાલીમ લઇ રહ્યા હતા. અસલ તો તેમનો ધંધો પથ્થર ઉપર જ શિલ્પ કરવાનો હતો, પરંતુ ગિરિધારી મહાપત્રે લાકડા ઉપર પણ પ્રયોગો કરી તેમાં નવી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી અને પોતાના પુત્રોમાં તે ઉતારવાનો સતત આગ્રહ રાખ્યો હતો. પરંપરાગત ઘરગથ્થુ તાલીમ અને સંસ્કાર કલાસર્જનમાં જે સૂક્ષ્મતા કેળવી શકે છે તે માત્ર થોડાં વર્ષોના પાઠ્ય અભ્યાસક્રમથી શકય નથી બનતી; અને આવાં જ કારણોથી આપણા દેશમાં ધંધાર્થીઓની જ્ઞાતિઓ બની હશે. શ્રી મહાપત્ર પોતાના પુત્રને સવારે પાંચ વાગ્યે જગાડે અને કામ પર બેસાડે; દસ વાગ્યે નહાવાજમવાની છૂટ મળે ને ફરી બપોરને નમતે પહોરે કામ ચાલે તે રાતના ખેંચાય ત્યાં સુધી. આવી રીતે એકાગ્ર થઇ એક બેઠકે કામ કરવાની આદત અને નિશ્ચય શાળાપદ્ધતિમાં ભાગ્યે જ આવે છે.

તરુણ મહાપત્રની લગની પણ ઓર જ હતી. જેવી કંઇ કલાકૃતિ જુએ કે કલાકો સુધી જોતાં સ્થિર થઈ જાય. કેટલી યે વાર કલાની મસ્તીમાં અશ્રુ પણ વહાવી દે. પુત્રની પ્રગતિ જોઇ પિતા પ્રસન્ન રહેતા. શ્રી અવનીન્દ્રનાથની તેના પર ખાસ નજર હતી. એવામાં એક પ્રસંગ બન્યો.

અભિજાત શિલ્પકાર શ્રીધર મહાપત્ર



શ્રીધર મહાપાત્રની
બે શિલ્પકૃતિઓ
ડાબીબાજુ : શણગાર–
કાષ્ઠશિલ્પ; જમણીબાજુ
પાળેલું પંખી–કાષ્ઠશિલ્પ



કલકત્તા કળાશાળાની નજીક એક પરદેશી ઈટાલિયન વેપારીએ કેટલીક આરસની ઇટાલિયન શિલ્પકૃતિઓની દુકાન ખોલી. યુવાન શ્રીધર મહાપાત્ર તે રસ્તે થઈ રોજ જાય, આવે અને આંખ ભરીભરીને તે જોયા કરે. તેનાથી મુગ્ધ બની એવું કંઇ કરવાનો એણે નિશ્ચય પણ કર્યો. પણ આરસ જોઇએ તે ક્યાં મળે? એવામાં તેના પિતાએ એક આરસમૂર્તિ કચરામાં ફેંકી દીધી. તરુણ શ્રીધરે તે ઉઠાવીને ઈટાલિયન કૃતિના અનુકરણ રૂપે પણ ધ્યાનસંકલ્પથી એક ચહેરો ઉઠાવ્યો. ભાવમુદ્રા એવી સરસ ખીલવી હતી કે તેની પ્રશંસા આપોઆપ થઇ જાય. બીજા વિદ્યાર્થીઓ સાથે તેણે પણ પોતાની આ નવી કૃતિ રજૂ કરી દીધી. બધા સહાધ્યાયીઓએ તેની પ્રશંસા કરવામાં બાકી રાખી નહોતી.

સાંજે શ્રી અવનીબાબુ શાળાના કલાકાર્યની તપાસ કરવા આવ્યા. ફરતાંફરતાં તરુણ મહાપાત્રની આરસકૃતિ પાસે જઈ, તે કોણે કર્યું એ જાણતાં જ ગુસ્સામાં આવી ખિજવાઇને તેમણે આચાર્ય મહાપાત્રને બોલાવ્યા અને એકદમ કહી દીધું કે આ તમારા છોકરાને હાલ ને હાલ અહીંથી પાછો વતનમાં મોકલી આપો. પિતા પણ સમજી ન શક્યા કે આમ કહેવાનું કારણ શું? પરંતુ શ્રી અવનીબાબુની તેઓ ખૂબ આમન્યા રાખતા, એટલે 'બહુ સારું' કહી ગયા. તરુણ કલાકાર તો આ પ્રસંગથી આભો જ બની ગયો. બીજા વિદ્યાર્થીઓને મજાક થઇ. શ્રીધરને તો લાગ્યું કે ધરતી માર્ગ દે તો સારું. પણ ફરી નિશ્ચય કરી તે અવનીબાબુ પાસે ગયો અને પૂછ્યું કે મને કારણ વગર શા માટે આમ દૂર કરો છો? મને કારણ જાણવાનો હક છે. તે જાણ્યા પછી જ હું અહીંથી ખસીશ. એટલી વારમાં અવનીબાબુનો ક્રોધ પણ કંઇક નરમ પડ્યો હતો; છતાં કડકાઇથી તેમણે કહ્યું: 'કારણ? કારણ પેલો પથ્થર. તેં તારી જાતને, તારા બાપને,



નાગદમન

કૃતિ · શ્રીધર મહાપાત્ર

તારી કલાને તેમજ તારા દેશને કલંક લગાડ્યું છે. કોનાર્ક અને ભુવનેશ્વરનો કલાકાર ઈટલીની નકલ કરે એટલે ભારતીય કલાનું મૃત્યુ થઇ ચૂકયું. ભાવનિરૂપણમાં શું તારા દેશની કલા અસમર્થ છે કે તું આ રસ્તે ચડ્યો? જો હજી પણ તારી મરજી અહીં રહેવાની હોય તો પ્રતિજ્ઞા કર કે હવે એ હું કદી નહિ કરૂં. અને પેલા પથ્થરનો નાશ કર કે જેથી તારી કૃતિ તરીકે તે જાહેર ન થાય.

આ પુણ્યપ્રકોપે એ તરુણ કલાકારને પણ પશ્ચાત્તાપનાં આંસુ પડાવ્યાં. તેણે બધું કબૂલ કર્યું. પણ પેલી પથ્થરકૃતિ તો કોઇ વિદ્યાર્થી જ ઉઠાવીને રેલની ટિકિટ કઢાવી તુરત પોતાના ગામભેગો થઇ ગએલો. ત્યાર પછી શ્રીધર મહાપાત્રે કદી જ યુરોપીય કલાનો આશ્રય લીધો નથી ને ભારતીય દેવશિલ્પની ઉપાસના જ વિકસાવી છે.

તેણે થોડો વખત કલકત્તા, લખનૌ, પટણા વગેરે ઠેકાણે અદ્ભુત રૂપસુંદર કલાકૃતિઓ નિપજાવી છે. પથ્થર, લાકડું, ધાતુ કે માટી,—કોઇ પણ સાધનમાં તેની નિર્માણશક્તિએ ચમત્કાર કરી બતાવ્યા છે.

તેના કામ માટે તેને નથી મોટા સ્ટુડિયોની જરૂર કે નથી તેને મોટા ઘોડા કે ઓજારો જોઇતાં. માત્ર છ ફૂટની જગ્યામાં માત્ર જમીન ઉપર જ દિવસ અને રાત તે કામ કરતા બેસી શકે છે. પોતાનાં હથિયારોની અણીઓ કે ધાર જોઇએ એવી જાતે બનાવી લે છે. તે પોતાની કૃતિઓના નમૂના કે પાત્રો અને તેના અલંકારો મનના સામ્રાજ્યભંડારમાંથી જ ઉપજાવે છે. વાતવાતમાં તે કહે છે કે આ બધું આ જગતમાં નહિ હોય, પણ દેવસૃષ્ટિમાં બધું છે. એટલે આ સૃષ્ટિ સાથે તેને મેળવવાની તસ્દી ન લેશો. દેવસૃષ્ટિમાં બધું જ સુંદર ને અદ્ભુત ચમત્કારપૂર્ણ હોય છે. કલાકાર તો એ જગતનો વહેવારીઓ છે. તેનાં પાત્રો અપાર્થિવ છતાં મૂર્તિમંત ને આલ્હાદક અંગનિક્ષેપ કરી શિલ્પનિર્માણમાં સંગીત પૂરે છે. રસ અને પરમ પવિત્ર રસ એ જ એનું ધ્યેય છે.

એકાદ વેંતના લાકડામાં તો એ રત્નરંભા સર્જી શકે છે. માટીના પિંડમાંથી રૂદન, હાસ્ય કે શાંતિસ્વરો પ્રકટાવે છે. પથ્થર તો એની પરાપૂર્વની ઉપાસ્ય સામગ્રી છે ને એના હાથ તળે તે મીણ જેવો મૃદુ બની જાય છે.

આવા કલાનિપુણ માનવરત્નનો ગુજરાતને પરિચય કરાવવાનું ધન્ય કાર્ય શેઠશ્રી ગિરિજાપ્રસાદ ચિનુભાઈએ કર્યું છે. તેમના નિવાસસ્થાનમાં રહી શ્રી મહાપાત્રે પોતાની કલાના દરેક પ્રકારના નમૂના ઉપજાવી ગુજરાતને સુંદર સ્મૃતિપ્રસાદ આપ્યો છે. ગુજરાતની એકાદ મોટી કલાશાળા હોત તો હિંદની ભૂતપૂર્વ કલાસમૃદ્ધિના આ વારસદારનું તેમાં એક આચાર્યપદ અનેક વિભૂતિઓને તૈયાર કરી શકે એવું છે. પણ સમાચાર મળ્યા પ્રમાણે લખનૌની સરકારી કળાશાળા એમને એવા જ કાર્ય માટે નિયુક્ત કરે છે; એટલે કોઇ ને કોઇ સાધક એમનું સાન્નિધ્ય પ્રાપ્ત કરી એમની જીવનભરની સિદ્ધિનો કંઇક પ્રસાદ ગુજરાતમાં અવતારે એ જ વાંછના રહે છે.

રવિશંકર રાવળ

કહેવત · કથન · કવિતા

અબી બોલ્યા ને અબી ફોક

હજી તો પનો પંદર વાર પરણુશે.

બોલે બંધ નહિ.

ગાંડીને માથે બેડું.

卐

શિંગડે ઝાલો તો ખાંડો,
ને પૂંછડે ઝાલો તો બાંડો.

卐

બાઈ, બ્રાહ્મણ ને વરતીઆં;
ત્રણે સાઠાં ફરતીઆં.



માનવબચ્ચો જવલ્લે જ જીરવી શકે એવા એક દુઃસહ સાહસની કથા

હિમદંશનો કેર

જેમાં મારો જીવ બચાવવા મેં જાતે જ પગનાં આંગળાં કાપી નાખ્યાં

વીસ કરતાં વધુ ઉનાળા મેં ઉત્તર ધ્રુવમાં વિતાવ્યા છે. ગ્રીનલૅંડ અને લાબ્રાડૉરનાં બરફનાં વેરાનો ખૂંદતો રહી હું એસ્કિમો લોકો વચ્ચે તેમના સમાણો જ એક થઇને રહેલો. સાહસિક ખમીર વિનાના કોઇ ઇન્સાનને એ અફાટ પ્રદેશ આશ્રય આપી શકે નહિ, ને એ મુજબ મારે પણ ત્યાં અનેક સાહસો ઉઠાવવાં પડેલાં. પણ એ સૌમાં ખરાબ યાદ મૂકી જનાર સાહસ તો જેમાં મારે ડાબો પગ ગુમાવવો પડ્યો એ છે. આવા કિસ્સાઓમાં બને છે તેમ એ હોનારતમાં વાંક મારો જ હતો.

હડસનના ઉપસાગરની ઉત્તરે, ઉત્તર કૅનેડાનાં વેરાન શોધનારી એક ટોળી સાથે હું ૧૯૨૩ના જાન્યુઆરીની ૨૭ તારીખે ઊપડ્યો. દુઃસહ ઠંડી વરસતી હતી ને પારો શૂન્યથી ૬૦ અંશ નીચે ઊતરી ગયો હતો. એક સ્થાન પસંદ કરી, ત્યાં વળતી સફર માટેનો સરંજામ બરફમાં સુરક્ષિત સંતાડી, હળવી સ્લેજો પર અમે આગળ વધ્યા.

પરંતુ આગળ વધતાં અમને જણાયું કે અમે ભૂલ કરી હતી. બરફ એટલો તો કઠણ હતો કે ચાહે તેટલા બોજા સાથે તેના પર આગળ વધી શકાય. મારાથી એ સહન ન થયું. મેં તેમને કહ્યું, તમે ઇગલૂ (બરફ ખોદીને કરેલો નિવાસ) બનાવવા માંડો, હું એ સરંજામ પાછો આણું છું. મને થયું કે એકાદ કલાક લાગશે, અને એટલા સમયની મુસ્કેલી સહન કરવા હું સશક્ત હતો.

સામાનના સ્થળે પહોંચી મેં તે બધો સ્લેજોમાં ભરી લીધો. પણ થોડુંક આગળ વધતાં જ હિમઝંઝાવાત શરૂ થયો. સ્લેજો, કૂતરાં ને હું સુદ્ધાં બરફમાં ખૂંચી જવા લાગ્યાં. બરફ પરનું પગેરૂં ક્યાં યે અદશ્ય થઇ ગયું ને હું ગુમરાહ બની ગયો. મારી નજર સામે ઠંડું ગંભીર સપાટ વેરાન પથરાએલું પડ્યું હતું. નહોતી કોઇ કશી ટેકરીઓ કે જેથી હું દિશાનો ખ્યાલ રાખી શકું.

હું બેબાકળો બની ગયો. કૂતરાં સાથે મળી મેં સ્લેજ ઢસડવા માંડી. પણ જવું ક્યાં? ઝંઝાવાત શમવાની રાહ જોવી? ત્યાં એક ખડક આડો ખાડો મળી ગયો. નિરુપાયે ત્યાં આશ્રય લીધો ને થોડીવાર હું ઊંઘી રહ્યો.

અને જાગ્યો ત્યારે પહેલું જ સંવેદન મને એ થયું કે મારાં અંગો પર કંઈક વિપરીતતા વીતી ચૂકી છે. મારો ડાબો પગ બિલકુલ જડ બની ગયો છે ને મારા પર બરફ જામી ગયો છે. મારા ધડને હવે એ બરફમાંથી કેમ કાઢવું? મેં ચામડાની ટોપીનો એક ટુકડો ફાડી ચાવવા માંડ્યો. બરાબર પલળ્યો એટલે થોડીવાર ખુલ્લામાં મૂકી દીધો ને એ અક્કડ થઇ ગયો. એનો હાથપાવડા તરીકે ઉપયોગ કરી હું બરફ ઊતરડવા લાગ્યો. મને પડેલી મુસીબતનું લાંબું વર્ણન ન કરતાં એટલું જ કહીશ કે એ કબરમાંથી નીકળતાં મને કલાકો લાગ્યા!

એક કૂતરો આ નાશમાંથી બચ્યો હતો. એને લઈ જેમતેમ હું ઇગલુ પર પહોંચ્યો. પણ મારો હિમજડ પગ વધુ ને વધુ બગડતો ગયો. માંસ બધું મરી ગયું ને તેને ચીરીને મારા પગનાં આંગળાંનાં હાડકાં બહાર ડોકાવા લાગ્યાં. ડેન્માર્કની ઑસ્પિટલના એક વિદ્યાર્થી તરીકે પહેલાં હું ઉત્તરીય પ્રદેશોમાં જઇ આવેલો હોઇ મને એક વસ્તુ ખ્યાલમાં હતી, અને તે એ કે, મારે મોતને ન ભેટવું હોય તો પગનાં આંગળાંને રજા આપી દેવી. 'ઍનેસ્થેટિકસ' ત્યાં ક્યાંથી કાઢે? સામાન્ય કોદાળી વડે મેં એ બંડખોર આંગળાંને કાપી કાઢી રજા આપી દીધી! પરંતુ પગ ન બચ્યો તે ન જ બચ્યો. વરસો પછી મારે ડેન્માર્કની એક ઑસ્પિટલમાં તેને પણ કપાવી રૂખસદ આપી દેવી પડી. વળી એ પણ અત્યારે કહી દઉં કે હિમદંશથી મારો ચહેરો એટલો તો બેડોળ બની ગએલો કે ત્યારથી મારે ચહેરા પર દાઢી ઉગાડવી પડે છે!

ધ્રુવપ્રદેશોના ખેડાણમાં બીજા કપરા અનુભવો તો મને અનેક થયા છે, પણ બીજો કોઇ અનુભવ આવી દુઃખદ સ્મૃતિ મૂકી નથી ગયો.

(પીટર ફ્રૅશેનની, 'ઍન્સર્સ'માં આવેલી આપવીતી પરથી)

કાઠિયાવાડના એક નાના ગામમાં ગાળેલા બીનજવાબદાર બાળપણનાં રમૂજી સંસ્મરણો

પરાક્રમમૂર્તિ શેરીમિત્ર

ગદલ



ગઢડામાં જળઝીલણીના સમૈયાને ત્રણેક દિવસની વાર હતી. એવામાં એક દિવસ ગદલ મારી પાસે આવ્યો. ગદલનું આની રીતે અચાનક આવવાનું થાય ત્યારે હું સમજી જતો કે કંઈક લાભની વાત છે. અને ગદલ પણ જાણતો કે ગામતરાં ખેડવામાં આ ભાઈબંધ હિંમતથી સાથ આપશે જ. એટલે આવવાનું કારણ પૂછતાં તેણે કહ્યું કે 'ગયા વર્ષની ગઢડાની જળઝીલણીનો ઉત્સવ ભૂલી ગયો?' જળઝીલણીનો ઉત્સવ! નામ સાંભળતાં જ ગયા વર્ષના પ્રસંગો સાંભર્યા.

આપણી તો ના હોય જ શેની? જળઝીલણીની બે દિવસ અગાઉ જવાનું નક્કી કર્યું. અમારા બેમાં બીજા ત્રણ જણા ભળ્યા: ભૂરિયો, મકનો અને ગદલનો નાનો ભાઈ. એમ પાંચ જણાં તૈયાર થયા. ટુકડીનો આગેવાન તો ગદલ જ હોય. અવનવા સારાનરસા અને હિંમતવાળા દરેક કાર્યમાં પહેલ તેની જ હોય. પંદર વર્ષના સુકલકડી ગદલનો ચહેરો હમેશાં હાસ્યથી અને ટીખળથી ભરેલો જ રહેતો. શેરીના દરેક કામમાં પણ ગદલ મોખરે. અંધારિયા-અજવાળિયાની રમતમાં ગદલ ઘણો જ રસ લેતો. ગેડીદડાની મર્દાની રમત રમતાં રમતાં ચાંદનીમાં ગદની રાંગે વાગતી ગદલની ગેડીના હોકાનો અવાજ ગામમાં પણ સૂતાં માણસોને સંભળાતો. કોડીઓના લુંઝામાં ભંગાણ પાડવામાં ગદલનો પીંગળો કોડો પડે એટલે ગદલનું જ લુંઝું હોય એ શંકાવગરની વાત. ઉતાવળીમાં એ કાંઠામાં પૂર આવ્યું હોય તે તો ગદલના ખુશાલીનો દિવસ. નહાવા જતાં પણ સાથે ચારપાંચ ભાઈબંધનું ટોળું હોય જ. ગમે તેટલા ઊંડા પાણીમાં પૂલની ટોચ ઉપરથી ખાબકવાની પહેલ હમેશાં ગદલે કર્યા પછી જ બીજાઓ કરતા. ગદલ પાણીનો રંગ પારખીને હમેશાં ધુબાકા મારે. કોશિયો ને પલાંઠિયો ધુબાકો મારવામાં તો એણે પ્રભુતા મેળવેલી.

નિશાળમાં પણ હું અને ગદલ ઠેઠ સુધી સાથે જ ભણેલા. વહેલા બળકડામાં હજી સાથીદારો શેરીમાં દાતણ કરતા હોય ત્યાં તો પિત્તળની ચકચકાટ તાંબડી અને છાલિયું લઇ નાનાભાઈ સાથે ગદલ લોટ માગવા નીકળી પડતો. સાડા દસ વાગતાં તો છલોછલ બે તાંબડી ભરાઇને ઘરભેગી થઈ ગઈ હોય ને અગિયાર વાગ્યે શાળાનો ઘંટ વાગ્યા પહેલાં વર્ગમાં ગદલ હાજર થઇ ગયો હોય. વર્ગમાં ડાબી તરફથી પ્રથમ નંબરનું માન ગદલને ફાળે આવતું. કોઇકોઇ વાર મારા ભાગ્યમાં પણ એ માન આવતું. પણ અમે કોઈ દિવસ એથી ફુલાઈ જતા નહિ! ઘણીવાર તો અમને આનાથી પણ વધુ માન—બેન્ચ ઉપર પીઠ ફેરવીને ઊભા રહેવાનું—મળતું. અમારા શિક્ષકને અમારી ઉપર આવું હેત ઉદ્ભવવાનું એક કારણ એ હતું કે વર્ગમાં ચાલતા અભ્યાસ દરમ્યાન જો ગામને ગોંદરેથી ઢોલ, ત્રાંસાં કે શરણાઇનો અવાજ સંભળાઇ ગયો હોય તો એક પછી એક છેલ્લી પાટલીના બધા બ્રાહ્મણના છોકરા ત્યાં પહોંચી જ ગયા હોય. કણબીની જાન પરણીને જતી હોય એટલે દક્ષિણા તો મળે જ. અરધો કે એક કલાક ખોટી થયા પછી, અરધો અરધો કે એક એક પૈસો લઇ પુનઃ પાછા અમે એક પછી એક વર્ગમાં દાખલ થઇ જતા. આવું તો અમારે રોજનું થતું, એટલે શિક્ષક પણ રીઢા થઇ ગયા હતા. અભ્યાસમાં ગણિત અને પાઠમાળા જેવા વિષયોમાં તો ગદલ કોઇ દિવસ બુદ્ધિનો વ્યય કરતો જ નહિ, કારણકે એને આત્મશ્રદ્ધા હતી કે એવા વિષયો પોતાને આવડવાના જ નથી. બપોરની રજામાં ઘેર આવતાં કાળિયો, ભૂરિયો, મોતિયો અને ડાંડિયો ગદલની રાહ જોઇને પાણીઆરા પાસે હાંફતા ને પૂંછડી પટપટાવતા બેઠા જ હોય. અરધોક કલાક એ બધા કૂતરાની સાથે ગેલ કર્યા પછી, પાછો તે શાળામાં જાય અને સાંજે તો ઘેર આવીને ગેડીદડાની બઘડાટી

બોલાવવા સાથીદારોની સાથે પહોંચી જ ગયો હોય. ગદની શંગેથી મોડી રાતે ઘેર આવીને વાળુ કર્યા પછી શેરીના ચૉકમાં ગપ્પા મારવાનાં અને રાત્રે સૂઈ જવાનું. આવા ભરચક કાર્યક્રમમાં તેના દિવસો પસાર થયા કરતા.

દૂશમની પ્રાગડવાસ્યે અમે માંગે જણા એક પછી એક ગામને પાદર ભેગા થયા. પહેરેલાં લૂગડાં અને એક એક ધોતલી. સાથે મિલકતમાં કણબીની જાનના દક્ષિણાના ત્રણ ત્રણ પૈસા આવ્યા હતા તે પણ લીધા હતા. એક પછી એક ગામડાં વટતાં ગયાં. એમ કરતાં સૂરજ બાપા માથે આવ્યા અને અમે ભૂખ્યા ડાંસ જેવા થઈ ગયા. પણ ટૂંકી પોતડી ને બટન વગરના બાંડિયા પર પાંચેક વર્ષનો જાણીતો પીળા રંગનો હાફ કોટ હવામાં ફફડફફડ કરતો ગદ્દલ તો ઝીંકયે જ જતો હતો. પાછું વાળીને જુએ એ બીજા! આથમણી દિશાએ મોઢું ફેરવીને બોલતો જાય: 'એલા ભૂરિયા ! ઝટ હાલ્ય! મકના, પાછળ કેમ પડચો? દોટ મૂક મારો બાપો. આ સામે ઝાળ્યું દેખાય ઈ જ ગામ. ત્યાં જઈને જ પોરો ખાશું.' ત્યાં તો એનો ભાઈ બોલ્યો: 'મોટા! રોટલા ક્યાં ખાશું? હવે તો હલાતું નથી.'

'રોટલા તો, નાના, ઝાલરટાણે ગદડા ભેળા થાશું ત્યારે જ ભાળશું. હાલવા માંડ, હાલવા માંડ, બાપલા: હવે છેટું નથી.' આમ હિંમતમાં ને હિંમતમાં, ગામડેગામડે પોરો ખાતા ત્રેવીસ માઈલનો રસ્તો અમે કાપી નાખ્યો.

સૂરજ મેર બેઠો અને સામી છાતીએ પવનના સુસવાટા વાગવા માંડચા. આખા દિવસના ભૂખ્યા હોઈ આંખે અંધારાં આવતાં હતાં. દૂરદૂરથી મંદિરોના ઘુમ્મટ ઉપર સોનાનાં ટોપકાં ચળકતાં દેખાયાં. ટંડેલ પરના ધજાગરાનો, મોરના ઊડવાના ફફડાટ જેવો અવાજ કાને અથડાવા લાગ્યો. જોતજોતાંમાં તો લગભગ ગદડાને પહોંચ્યા. પાદરમાં વહી જતી ઘેલાંનાં આછાં નીરમાં મંદિરના ઘુમટોના વાંકાચૂકા અને સળવળાટ કરતા પડછાયા ખીલેલી સંધ્યામાં અનેરા લાગતા હતા. અરધા કાંઠામાં વહી જતાં ઘેલાંના પાણી કાપવાં જરા મુશ્કેલ હતાં.

બહુ જ થાકેલા હોવાથી અમે બધા પાણી પીને આરામ લેવા બેઠા. એવામાં મારું ધ્યાન ઘેલાના કાંઠા ઉપરની એક વાડી ઉપર પડ્યું. હજી તો હું ભૂરિયા ને મકનાને વાત કરું ન કરું ત્યાં તો ગદ્દલ પોતાના ખભા ઉપર રાખેલી પોતડીની ભેટ બાંધી વાડીના છીંડી-બારા પાસે પહોંચી ગયો! તેણે ચારે બાજુ આંખ ફેરવી ને નાક પર આંગળી રાખી અમને સિસકારી બોલાવ્યા. અમે જઈને થોરની આડશે ઊભા રહ્યા. અહીંથી ઊભાં-ઊભાં જોયું તો વાડીમાં પોપૈયાં, દાડમ અને કેળાં લચી પડતાં હતાં. એ જોઈને અમારી ધીરજ ખૂટી. નિશાની કરું એટલે તમે ધામેધામે અંદર આવજો એવું કહી ગદ્દલ બાડીબારું કૂદી અંદર પડચો. ત્રણેક મિનિટમાં તો ગદ્દલે ધોતલી હવામાં ઉડાડી અમને અંદર આવવાની સૂચના કરી અને અમે અંદર પેઠા. ગદ્દલે દાડમડી પરથી સાહસિત્તેર દાડમ તોડીતોડીને નીચે ઢગલો કર્યો હતો. ખવાયાં એટલાં ખાધાં, થોડાં ખીસાંમાં ભર્યા અને બીજાં સાથે લીધેલી પોતડીમાં ફાંટ બાંધી બહાર નીકળવાની તૈયારી કરતા હતા ત્યાં રખેવાળને ઝપાટાબંધ વાડી તરફ આવતો જોયો. અમારા હોશકોશ ઊડી ગયા.

અમે અડાબીડ નાઠા. એવા તો નાઠા કે હાથલા થોરની વાડ કૂદવાનું જોર પણ કુદરતી જ આવી ગયું! પરંતુ નસીબજોગે છીંડું જડયું ને કૂદીકૂદીને અમે બહાર પડચા. અમે આગળ ને રખેવાળ પાછળ એમ નદીના કિનારા સુધી દોડચા અને વધુ વિચારવાનો વખત ન હોવાથી નદીમાં ઝંપલાવ્યું. પાણીમાં એકદમ રસ્તો કાપવો બહુ મુશ્કેલ હતો. સાથળસાથળ પૂર પાણી આવ્યું. અમારી ઝડપ ઘણી ધીમી પડી ગઈ હતી. જોતજોતાંમાં રખેવાળ અમારી નજીક આવી પહોંચ્યો અને ગદ્દલની પીઠ ઉપર કડિયાળી લાકડીનો ઘા પડે એટલી જ વાર હતી, ત્યાં સમય વર્તી ગદ્દલે દાડમની ભરેલી પોટલી



રખેવાળ તરફ ફેંકી! દાડમની પોટલી લેવાના લોભમાં રખેવાળ જરા થોભ્યો, એ તકનો લાભ લઇ અમે નદી ઓળંગી ગયા!

અંધારૂં થઈ ગયું હતું. રખેવાળને હવે અમારી પાછળ આવવું પોસાય એમ હતું નહિ, એટલે દાડમની પોટલી હાથ કરી પોણી નદી વટાવી તે ગાળો દેતોદેતો પાછો ફર્યો. આરતીના ઘંટનાદ અને નગારાની દાંડીના ઘાવનો અવાજ સાંભળી યાત્રાળુઓ મંદિર તરફ ઉલટચે જતાં હતાં. અમે પણ ટોળા વટાવી મંદિરના વિશાળ ચોગાનમાં જઈ પહોંચ્યા. અસંખ્ય યાત્રાળુઓની ભીડ, આખાદિવસનીકાપેલીમજલ અનેહમણાંજખતીગએલા બનાવે અમે ભૂખ ને થાકથી લેવાઇ ગયા હતા. ગજવામાં રહ્યાંસહ્યાં આઠદસ દાડમ મંદિરની પાછળના ભાગમાં બેસીને અમે ખાધાં. આ ઉપરાંત રાત્રે ખાવાનું લેવા માટે અમારી પાસે કશી પણ સગવડ હતી નહિ. મંદિરના રસોડા પાસે પહોંચ્યા તો ભગવાનને થાળ પણ જમાડી લીધો હતો! અંદર જઇને પૂછતાં રસોડું ધોવાઈ ગયું છે એવા સમાચાર મળ્યા.

ત્યાં હાથીના પગ અને સૂંઢને પણ ભુલાવે એવા હાથપગવાળો એક ખડતલ પાળો ભંડાર સાફ કરતો હતો. એના પગ ને માથાની સપાટી કરતાં પેટ અરધો હાથ બહાર ઝૂલતું હતું. અમે ધીમે રહીને તેની પાસે ગયા. અમને જોતાં એ જરા ચમક્યો. જાણે અમે કાળીવાઘરીના છોકરા કેમ ન હોઇએ, એવું વર્તન બતાવી અમને પૂછ્યું 'અલ્યા કેમ આવ્યા છો?' 'અમે બ્રાહ્મણના છોકરા છીએ. કંઇક ખાવાનું હોય તો મહારાજનો પ્રસાદ આપો.' મહારાજના પ્રસાદની માગણી સાંભળતાં પાળાની આંખો લાલઘૂમ થઇ ગઈ. એક હાથમાંની સાવરણી અને બીજા હાથમાંની અરધી ભરેલી પાણીની ડોલ નીચે મૂકતોક ને તે અમારી તરફ ધસ્યો. હાથ પગ અને છાતી ઉપરાંત આખા શરીર પર ઊગેલા કાળા વાળવાળો એ માનવરીંછ જોઇને અમે થથરી ઊઠયા. 'સાળા વટલેલ બામણાઓ! મરી ગયા, જો અંદર આવીને રસોડું અભડાવ્યું તો! મહારાજના થાળ જાણે તમારે માટે જ બનતા હશે કેમ? લ્યો; આવ્યા રાજાના કુંવર! મહારાજનો પ્રસાદ આપો! પ્રસાદ ખાવો હોય તો જાવ, કોઠારમાં જઇને મહારાજને બે રૂપિયા ભેટ ધરો તો પ્રસાદ મળશે. જાવ, નીકળો બહાર. ફરી જો પગ મૂક્યો છે તો તમારી વાત તમે જાણ્યા.'

અમને વટલેલ બામણા કહેનાર આ નરવાનર પાળો જાણે ભગવાનના ભંડારમાં જ જન્મ્યો હશે! એની સાથે નકામી માથાકૂટ કરવાનું છોડી અમે મંદિરની એક મોટી ચાલીમાં આવ્યા, જ્યાં અનેક યાત્રાળુઓએ પડાવ નાખ્યો હતો. અમે પણ ત્યાં જ સૂવાનો વિચાર કરી પડાવ નાખ્યો અને આવતી કાલે સવારથી શુંશું કરવું તેની સૂચનાઓ ગદલ પાસેથી લેવા સૌ બેઠા. એટલામાં સાંભર્યું કે મૂળ મુદ્દાની વાત તો રહી જાય છે! 'અલ્યા મકના! જા દોડ તો! દુકાનો બંધ થઈ જશે. તો રખડી પડશું. પાંચ પૈસાનાં પાંચ પડીકાં કંકુનાં લઇ આવ. આવતી કાલે સવારમાં ચાર વાગ્યે જ જરૂર પડશે.'

થોડીવારમાં મકનો પૈસાવાળાં પાંચ પડીકાં લઇને આવ્યો. દરેક જણે એક એક પડીકું લઈ, નાની વાટકી અને એક ટબૂડી આટલી વસ્તુઓ તૈયાર કરી નાખી. સવારે સાડાચારે ઊઠવાની દરેકને સૂચના મળી ગઈ. પછી ભૂધર્યાને ઘેલાંના જમણા કાંઠાની હદમાં ફરવાનું; મકનાને ઘેલાંના ચઢતા ઢાળે સ્નાન કરીને જતા યાત્રાળુઓને ચાંદલા કરવાનું; નાનાને ઘેલાંના ડાબે કાંઠે ફરવાનું અને ગદલને તથા મારે નદીના પટ ઉપરથી તે મંદિરના ચોક સુધીની હદમાં ઘૂમવાનું નક્કી કર્યું. દિવસભરના કાર્યક્રમનો આ વ્યૂહ ગોઠવીને અમે થાક્યાપાક્યા સૂઇ ગયા.

પરોઢિયે મંગળાની આરતીનાં નગારાંનો અવાજ કાનમાં ગગડતાં જ અમે જાગી ઊઠયા. પાથરેલી પોતડીઓ ખભે નાખતાક ને ઝપાટાબંધ નદી તરફ રવાના થયા. નદીના પટ પર હજારો યાત્રાળુઓએ પડાવ નાખ્યો હતો. પાછલી રાતના અંધારિયાંમાં હજી એકબીજાનાં મોં પણ બરાબર દેખાતાં નહોતાં. વહેતા પાણીનો ખળખળાટ કાનને મધુર લાગતો હતો. અસાધારણ માનવમેદનીમાં અમે પાંચે જણા છૂટાછવાયા થઇ ગયા.

ચાંદલા કરવાની શરૂઆત કરતાં જરા શરમ તો આવી, પણ ગદલની જૂની ટેવ ને મહાવરાથી હું તેને અનુસરતો થયો ને ધીમેધીમે મારી શરમ ઓછી થતી ગઇ. પાઈ, પૈસો અને અધેલો કરતાં ગદલની ટબૂડી પૈસાથી ભરાવા લાગી. લગભગ સાડાદસને સુમારે અમે ફરી પાછા બધા એકઠા થયા, ત્યાં રાજભોગની આરતીનાં નગારાં સંભળાયાં. આજે તો બધા યાત્રાળુઓની સાથે અમે પણ મંદિરને રસોડે જમી આવ્યા જમીને ફરી પાછા

ચાંદલા કરવા ઊપડયા. તે સાંજના અંધારું થતાં સુધી એ જ પ્રવૃત્તિ કરી રાત્રે જૂના સ્થળે આવીને સૂઈ ગયા.

બીજે દિવસે જળઝીલણી એકાદશી હતી. આગલી સાંજથી જ લાલજી મહારાજના વરઘોડાની પૂર્વ તૈયારીઓ થવા માંડી હતી. મંદિરની બહાર ચોગાનમાં મેળાને શણગારવા અનેક માણસો દોડધામ કરતા હતા. કાલનો દિવસ અમારા માટે અમૂલ્ય હતો. જેટલી કાળજી ને ઝડપથી ચાંદલા કરીએ એટલું વધુ મેળવી શકીએ એવી સ્થિતિ હતી. સવારમાં ઊઠતાંવેંત જ અમે કામે વળગી ગયા. લગભગ બપોરના બાર સુધી એ જ કામ ચાલુ રાખ્યું. દોડાદોડ કરી થાકીને વખત થયે સંકેત પ્રમાણે નદીની ભેખડ પાસે અમે ભેગા થયા.

આજ તો એકાદશી એટલે મંદિરમાં રસોડું બંધ! ખાઇશું શું? બધા વિચાર કરવા બેઠા. પૈસા ખરચીને મેળામાંથી ખાવાનું તો લેવાની મરજી થાય જ શેની? ટબૂડીમાં એકઠા કરેલા પૈસા પાછા ઓછા થઇ જાય ને? વિચાર કરતાં ગદલને એક નુસખો જડી આવ્યો. તે બોલ્યો: 'આજે જો માલમલીદો ખાવો હોય તો મંદિરના બ્રહ્મચારીઓના ખાનગી ભંડારમાં જઇએ. નાટક ભજવીશું તો આજનો દિવસ સુધરી જશે. હું, ભુધર્યો અને તું ત્રણે ઉપર જઇએ. મકનો ને નાનકો નીચે આપણી રાહ જુએ. એમને માટે આપણે ખાવાનું લેતા આવીશું.' બરાબર નક્કી કરી અમે ત્રણે, શિખરબંધ મંદિરના વિશાળ ચોકમાં થઇને બ્રહ્મચારીઓના નિવાસ તરફ ઊપડયા. એક પછી એક વિશાળ હૉલમાં જુદાજુદા બ્રહ્મચારીઓ અને સાધુઓનાં મંડળોએ પોતપોતાના અડ્ડા જમાવ્યા હતા. રસ્તામાં જતાં દરેક સાધુની આંખો અમારા ઉપર પડી જ હોય, અને અમને ચારપાંચ પ્રશ્નો પૂછી લ્યે ત્યારે જ તેમને નિરાંત થાય. ગદલ આ બધાને બહુ જ સરળતાથી જવાબ આપતો જાય, ને આગળ ને આગળ હવેલીના ઊંડાણમાં ધપતો જાય. થોડી મિનિટ ચાલ્યા પછી ગદલ સહેજ અટક્યો અને પાછું ફરીને અમારી સામે જોયું. પછી આજુબાજુ નજર ફેરવી હળવેકથી કહ્યું, તમને કોઇ કંઈ પણ પૂછે તો તમારે એકદમ જવાબ આપવો જ નહિ. મૂંગામૂંગા સાંભળ્યે રાખવું. હું બધું પતાવી દઈશ. થોડુંક ચાલ્યા પછી એક મોટા ઓરડાના બારણા પાસે અમે આવીને ઊભા. નાનામોટા દસેક બ્રહ્મચારીઓનું એક મંડળ અંદર રહેતું હતું. ઓરડાના મધ્ય ભાગની બેઠક પર બે શિષ્યોના ટેકાએ મહામહેનતે ઊભા રહી શકે એવા એક હૃષ્ટપુષ્ટ ગુરુ તકિયાને અઢેલી આડા પડયા હતા. અમે ત્રણે જણે ધીમેથી અંદર જઇ નીચા વળીને જે સ્વામીનારાયણ કર્યા. ક્યાંથી આવો છો, કેવા છો, વગેરે બેત્રણ પ્રશ્નો પૂછ્યા, તેના જવાબમાં ગદલે પોતાની પૂર્વ હકીકતોનો પણ સમાવેશ કરી નાખ્યો. થોડીઘણી વાતચીતથી મહારાજ પણ ગળી ગયા હતા. તેમણે પૂછ્યું 'તમે અભ્યાસ કરો છો કે છોડી દીધો?'

'અભ્યાસ તો અત્યારસુધી કરતો હતો, પણ ગામમાં સંસ્કૃત ભણવાની સગવડ ન હોવાથી ત્યાં ચેન પડતું નથી.'

સંસ્કૃતના અભ્યાસનું નામ સાંભળતાં મહારાજ સહેજ તકિયાને દબાવી બેઠા થયા. અમારામાંથી એકાદ બેને ચેલા મૂંડવાની વૃત્તિ તેમને જાગી. ગદલે પણ વાતનો રંગ બરાબર પકડયો અને કહ્યું, 'સંસ્કૃત ભણવાની જો કયાંય વ્યવસ્થા થતી હોય તો, બધી જ માથાકૂટ છોડીને સંસ્કૃત જ શીખવાની ઘણી હોંશ છે.'

'અલ્યા છોકરા, તારે બાપા છે કે?'

જરાક મોઢું નબળું કરીને ગદલે ના પાડી. 'મારે બા છે અને એક નાનો ભાઇ છે, એટલે મારે ઘેરથી તો કોઈ વાંધો લે એમ જ નથી.'

'ત્યારે મૂરખા, ત્યાં તારા ગામમાં શું પડયો છે? અહીં તો બહુ જ સરસ સંસ્કૃત પાઠશાળા છે. ખાવાપીવાનું આપણી સાથે રાખજે ને પાઠશાળામાં ભણવા જજે. કોઇકોઇ વખત કપડાં પણ આપીશું,—જો તું ભણતો હોય ને તારો ભવ સુધરતો હોય તો; સમજ્યો કે?'

ગદલ મોંઢાના ભાવ સહેજ પણ બદલાવ્યા વિના ઘણી જ આમન્યાપૂર્વક આગળ વાતો કરતો જ ગયો: 'સ્વામીજી, અહીં જ આપની સાથે રહીને જો અભ્યાસ કરવાની સગવડ થાય તો આપનો મોટો ઉપકાર.'

'તે ગાંડા! અમે શું કામ ના પાડીએ? તમારા જેવા બ્રાહ્મણના છોકરા ભણીગણીને હોશિયાર થતા હોય તો અમારું શું બગડી જવાનું છે? અમે તો ખુશી જ હોઇએ ને? જ્યારે અહીં આવવું હોય ત્યારે મંદિર ખુલ્લું જ છે.'

થોડીઘણી વાતચીતમાં ગદલે મહારાજને એવી તો ખાત્રી કરાવી દીધી કે આ છોકરો હવે વહેલો મોડો આપણો શિષ્ય બની જશે. એટલે મહારાજને હજી પણ વિશેષ લાગણી બતાવવાનું મન થયું : 'કેમ અલ્યા છોક-



રાઓ, આજે તો અગિયારશ છે. એટલે તમારે જમવાનું કેમ કર્યું? ભંડાર તો આજે બંધ હશે?'

'જમવામાં તો, મહારાજ, બહાર જઈને બબ્બે પૈસા-ના ગાંઠિયા ખાઈ લઈશું. એટલે ચાલશે.'

'ગાંડો થયો છે, મૂર્ખા' બે પૈસાના ગાંઠિયાથી કાંઈ આખો દિવસ નીકળતો હશે? નિષ્કુળાનંદ, જુઓને જરા, ઓલ્યા ડબામાં મહારાજનો પ્રસાદ હોય તો છો-કરાઓને જરા નાસ્તો કરાવો, જરાક પાણીઆધાર થાય.'

આઠદસ મગજના લાડવા, સારી પેઠે સુખડી, અથાણું વગેરે નિષ્કુળાનંદે લાવી આપ્યું અને એ પ્રસાદની પત્રાવળી લઈ ગદલે નમીને સાષ્ટાંગ કરી રજા માગી. મહારાજે પણ હસતાંહસતાં છેવટનો લોભ બતાવી કહ્યું કે 'અહીં આવશો તો રેશમી અબો-ટિયાં સુદ્ધાં આપીશું.' ગદલે લાગણીપૂર્વક પ્રત્યુત્તર આપ્યો કે 'મારી બા ઓણુ રજા આપશે તો તો જરૂર તરત આવીશ. નહિતો પોર આ વખતેતોઆવ્યા વિનારહીશજનહિ.'

બહાર મકનો અને નાનકો અમારી રાહ જ જોતા હતા. ભગવાનના પ્રસાદની પત્રાવળી લઈ અમે ઝપાટાબંધ બહાર આવ્યા. મગજ-ના લાડુ ને સુખડી બરાબર ઉડાવી અને આજના ભોજનની ચિંતા મટાડી દીધી.

એકાદ કલાક આરામ લઈ અમે પાછા ચાંદલા કરવા ઉપડી ગયા. ઉત્સવ સાંજ સુધી જ હવે હતો. ફરી પાછા છસાત કલાક રખડી સાંજે અમે બધા ભેગા થયા. દરેક જણાએ પોતપોતાનો કમાણીનો હિસાબ રજૂ કર્યો. સરેરાશ આઠઆઠ દસદસ રૂપિયા મેળવ્યા હતા. બીજે દિવસે સવારે ઘર તરફ પ્રયાણ કર્યું. નીગાળા સુધી ચાલ્યા, ત્યાંથી વગર ટિકિટે ગાડીમાં બેઠા, રસ્તામાં પકડાયા અને સાહેબે છોડી પણ મૂક્યા. ઘોળાથી મોટરમાં બેસી ઘેર આવ્યા. ગદલની રાહ જોતો કાળિયો અને મોતિયો ખડકીની બહાર ઝૂરતા હતા તે ગદલને દૂરથી આવતો જોઈ બબ્બે પગે ઊંચા થઈ એને ભેટી પડ્યા.

વ્રજલાલ ત્રિવેદી

પવનપાવડી

એ નામથી હમણાં જ બહાર પડેલી પુસ્તિકામાં ચાલુ યુદ્ધના વિવિધ પ્રકારના અનેક વિષયો સમાવેલા છે. અત્યારનાં સુધરેલાં રાષ્ટ્રોના શાસકો કોણ છે; અત્યારના યુદ્ધના કર્ણ-ધારો કોણ છે; અત્યારનાં વિમાન, યુદ્ધનૌકા, ટૅન્ક, ટૉર્પિડો આદિ શું છે અને કેવાં છે; અત્યારે બનતા મહાન બનાવોવાળાં સ્થળો ક્યાં છે તથા કેવાં છે; જગતની રંગભૂમિ ઉપર અત્યારે ભજવાતા પ્રસંગોની પૂર્વભૂમિકાઓ શી છે; ટોટલ વૉર, વૉર ઑફ નર્વ્સ, લાઈટનિંગવૉર, ન્યૂ ઑર્ડર, નૅશનલ પ્લૅનિંગ, બ્રિટિશ ઇન્ડિયા વગેરે વિદ્યાર્થીને જાણવાલાયક, પણ સગવડને અભાવે નહિ જણાએલી બાબતોનું રહસ્ય શું છે; વગેરે મુદ્દાઓ ચર્ચતી આ નાની પુસ્તિકા વિદ્યાર્થી આલમની રસ-વૃત્તિ ઉત્તેજીને તેમના મર્યાદિત દૃષ્ટિકોણને વિશાળ બનાવે છે. પ્રાથમિક વિદ્યાર્થીથી માંડી મૅટ્રિક તથા આગળના વિદ્યાર્થીઓ, તેમજ વર્તમાનપત્ર વાંચતા બીજા સામાન્ય વાંચકોને પણ આ પુસ્તિકા એક મિત્રની ગરજ સારશે. કીમત ચાર આના. લેખક-પ્રકાશકઃ દેવેન્દ્ર મજમુદાર, નાગરવાડો, પાટણ.

ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલનનું ચૌદમું અધિવેશન

કવિશ્રી અરદેશર ફ. ખબરદારના પ્રમુખપદ હેઠળ મુંબાઇના ઉપનગર અંધેરીમાં મળનારા આગામી અધિવેશન-ની તારીખો ૪-૫ ઑક્ટોબર ૧૯૪૧ (સંવત ૧૯૯૭ના આસો સુદ ૧૪-૧૫) શનિ-રવિ નક્કી કરવામાં આવી છે. તેમાં નીચે જણાવ્યા પ્રમાણે વિભાગવાર પ્રમુખો ચૂંટવામાં આવ્યા છેઃ (૧) સાહિત્ય-શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ, એમ.એ. (૨) ઇતિહાસ-પુરાતત્ત્વ--પ્રો. કૉમીસેરીએટ, એમ.એ. (૩) તત્ત્વજ્ઞાન-શ્રી રસિકલાલ પરીખ, બી.એ. (૪) સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર-સર મણિલાલ બા. નાણાવટી. (૫) કલા-શ્રી નાનાલાલ સી. મહેતા, આઈ સી.એસ. (૬) ભાષાશાસ્ત્ર-શ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી, એમ.એ; (૭) પત્રકારત્વ-શ્રી ચુનીલાલ વ. શાહ (૮) વિજ્ઞાન-શ્રી કપિલરામ વકીલ.

આ ઉપરાંત કવિ-મુશાયરો, નાટ્યપ્રયોગ, નૃત્ય આદિ રંજન-કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે.

પૃથ્વીના ગુરુત્વાકર્ષણ અને હવાના વાતાવરણથી યે પર અનંત અવકાશમાં ઊડીને ગ્રહો તથા ઉપગ્રહોમાં ડોકિયાં કરવાના માનવીના ગગનગામી મનોરથોને પાર પાડતું

અ વ કા શ - યા ન

જુલે વર્નના 'ચંદ્રલોકમાં પ્રવાસ' જેવી વાર્તાઓમાં જેની માત્ર કલ્પના જ કરી છે તે રૉકેટ તથા તેની પછી કદાચ સ્થાન લે તેવા યાંત્રિક વાહનની શક્યતાઓનો ચોક્કસ વૈજ્ઞાનિકરીતે વિચાર કરતો અત્યંત રસભર્યો સરળ લેખ

પક્ષીઓની જેમ આકાશમાં ઊડવાનું સ્વપ્ન માનવજાતે લગભગ બાલ્યાવસ્થાથી જ અત્યંત સોનેરી રંગે રંગેલું છે. એટલે વિમાનોનો યુગ શરૂ થયો અને હલકો વાયુ ભરવાની ભાંજગડ વગર જ વજનદાર જહાજો વાદળાંઓમાં સ્વૈરવિહાર કરવા શક્તિમાન થયાં, ત્યારે પ્રથમ તો માનવને લાગ્યું કે ઉડ્ડયન માટેની તેની યુગયુગની મહત્ત્વાકાંક્ષાનો હવે છેડો આવી ગયો. પણ એવામાં, માનવજાતના જીવનની કોઈ સુભાગી પળે આપણને રૉકેટ (હવાઇ) સાંપડી; અને માનવીની સ્વભાવત: જ ગગનગામી કલ્પનાને ફરી નવું જોમ મળ્યું.

બલૂનો હવા કરતાં હલકાં હોવાથી તેમને ઊંચકી શકે એવા હવાના થર સુધીમાં જ તે તરી શકે. વિમાનો વળી પોતાની ગતિના જોરે હવા પર દબાણ લાવતાં હોઇને એ દબાણના જોરે અદ્ધર જાય; પણ તે યે એવું દબાણ આપી શકે એટલી ઘટ્ટ હવા હોય ત્યાં સુધી જ તે ઊંચે ચડી શકે. પણ રૉકેટના ઉડ્ડયનને તો હવા સાથે કાંઈ નિસ્બત નથી. તે તો પોતાના જ જોરે, પોતાની અંદર સમાએલી ગતિપ્રેરક શક્તિથી જ આગળ વધે; પછી ભલે આસપાસ હવા હોય અગર ન હોય. ઊલટું, જેમ હવા ઓછી તેમ તો એને વધારે સુગમતા રહે, જેથી એટલો ઘસારો તો ઓછો! એટલે આ રૉકેટના પ્રથમ દર્શને ફરી પાછી માનવકુલને કવિતા સ્ફુરી અને ગ્રહે ગ્રહ ફરવાના એને કોડ જાગ્યા.

અને પછી તો કલ્પનામાં ઉન્મત્ત બનેલા માનવીએ એ રૉકેટની શક્યતા ઉપર ઘણો યે કલ્પનાવિહાર કરી જોયો. તેના ઉપર પુષ્કળ વાર્તાસાહિત્ય રચાયું, જે અત્યારે પણ આપણને રોમાંચ આપી રહ્યું છે. કોઇએ એચ. જી. વેલ્સની 'થિંગ્ઝ ટુ કમ' નામની ફિલ્મની પેઠે 'સ્પેસ ગન' કલ્પના કરી; કોઇએ હવાથી પણ હલકી ને પોલાદ કરતાં પણ મજબૂત ધાતુઓ કલ્પી; કોઇએ ગુરુત્વાકર્ષણથી પર એવાં તત્ત્વો કલ્પ્યાં; અને આ બધી યે કલ્પનાઓને બળ આપનાર પેલી રૉકેટ જ રહી. પણ રૉકેટની કાર્યશક્તિને યે મર્યાદા છે. કેમ તે આપણે જોઇએ.

બંદુક ફૂટતાં જેમ પાછળ તેનો ધક્કો લાગે છે, તે જ સિદ્ધાંત રૉકેટની કલ્પના પાછળ છે. કોઈ પણ બંધ વાસણમાંથી, ઓચિંતો ફાટે તેવો વાયુ જેટલા વેગથી બહાર નીકળે એ વેગના પ્રમાણમાં તે બહાર નીકળવાની વિરુદ્ધ દિશામાં એ વાસણ પર દબાણ કરે. આથી, બંદુક ફૂટે છે ત્યારે નળીની બહાર નીકળતી વખતે એની અંદરનો વાયુ–ધુમાડો–બંદુકને પાછી હડસેલે છે. રૉકેટની ગતિમાં પણ મૂળભૂત સિદ્ધાંત આ જ છે. એની અંદરનાં રસાયણો સતત સળગતાં રહી અતુલ દબાણવાળો વાયુ જન્માવે, તે વાયુ એક અથવા વધુ નળીઓ વાટે બહાર નીકળતો જઈ રૉકેટને પાછળ ધક્કેલે, અને વાયુની દૃષ્ટિએ પાછળ ધક્કેલાતા એ ભાગને એવી રીતે 'સ્ટ્રીમલાઈન' કર્યો હોય કે તે એ દિશામાં પોતાની સમતોલતા રાખી શકે, એટલે એ પાછળનો ભાગ તે રૉકેટનો આગળનો ભાગ બની જાય. અને જ્યાં સુધી બહાર નીકળતા વાયુનું એને પાછું દબાણ મળ્યા કરે ત્યાં સુધી એમ આગળ ને આગળ રૉકેટ ધસ્યે જાય. એ ભાગને, ધારો કે, ચંદ્રની દિશામાં રાખ્યો હોય, તો રૉકેટ એમ અંદરના વાયુના દબાણથી ધક્કેલાતું ધક્કેલાતું અમુક વખતે ચંદ્રમાં પણ પહોંચે.

પણ અહીં આપણી એક મર્યાદા નડતર રૂપ થાય છે. રૉકેટને બહુ લાંબી સફર કરાવવી હોય ત્યારે એ આખી સફર દરમ્યાન ફૂટયા જ કરે એટલા વાયુનું ભાતું પણ તેમાં પ્રથમથી જ પૂરી દેવું જોઇએ. અને ગ્રહોની મુસાફરી માટે તો એ ભાતું–બળતણ–હજારો ટન જેટલું થઇ જાય છે. વળી, આ મુશ્કેલી કાંઇ આટલેથી જ અટકતી નથી. રૉકેટમાં મૂકવાના બળતણ સાથે રૉકેટના કદ અને વજનનો પણ પરસ્પર મેળ સાધવો જોઇએ. એટલે વધુ બળતણ સમાવ-

વાંમાં જેમ રૉકેટ મોટી અને વજનદાર કરતા જઈએ તેમ એ વધારાના વજનના ભાગનું વધુ બળતણ પણ પાછું જોઈએ. આમ, આ કાર્યકારણની અતૂટ સાંકળ એટલે લાંબે સુધી લંબાય છે કે કદ, વજન ને બળતણનો પરસ્પર મેળ મળી રહેતાં એ ભાવી રૉકેટ આપણી આજની શક્તિની મર્યાદા બહાર ચાલ્યું જાય છે! છતાં વિજ્ઞાનીઓ તો હજુ પણ રૉકેટના પ્રયોગો કર્યે જ જાય છે.

આ ઉપરાંત જેમાં વીજળિક બળ કામે લગાડી શકાય તેવા કોઇ અવકાશયાન સાધનનો વિચાર પણ વિજ્ઞાનીઓ બીજી બાજુ કરવા લાગ્યા કારણકે આજે સૂર્યના પ્રકાશમાંથી સીધેસીધી વીજળિક શક્તિ મેળવવાની શોધ પ્રયોગાવસ્થામાં છે; અને એકાદ દાયકામાં તો સૂર્યનાં કિરણોનું વીજળીનું રૂપાંતર કરવાની ક્રિયા એવી સાદી અને અસરકારક થઈ ગઈ હશે, કે જો કોઈ વિમાનમાં વીજળિક શક્તિનો પ્રયોગ થતો હોય તો તે માર્ગમાંથી જ પોતાની બહારની સપાટી પર પડતાં સૂર્યનાં કિરણોમાંથી સારી શક્તિ મેળવી શકે. ગ્રહોમાં વિમાનોને પહોંચતાં દિવસો નહિ પણ વર્ષો લાગે, અને અવકાશમાં તો એના ઉપર સૂર્યનો પ્રકાશ સતત જ પડ્યા કરતો હોય. એટલે, આમ વર્ષો સુધી સતત રીતે મળતો વિદ્યુતનો પ્રવાહ જો ઉપયોગમાં લઈ શકાતો હોય તો બળતણમાં સેંકડો ટનનો બચાવ થાય અથવા તો કદાચ બળતણની જરૂર પણ ન પડે.

વળી આ ઉપરાંત રેડિયોમાં પણ દિનપ્રતિદિન નવાનવા આવિષ્કારો થયે જ જાય છે; અને વિજ્ઞાનીઓની એવી ગણતરી પણ છે કે પચીસેક વર્ષમાં તો ધારેલી દિશામાં તાર વગર વીજળીનો પ્રવાહ મોકલતા થઇ જવાશે. આથી, આજે જેમ કોઈ યંત્ર વીજળીથી ચલાવવા માટે પાવરહાઉસની સાથે તારનું સંધાન કરવું પડે છે તેની જરૂર પછી નહિ રહે, અને દૂર બેઠાં કોઇ પણ યંત્રને વીજળિક ગતિ આપી શકાશે. અત્યારે પાઇલટ વિના ચાલતાં વિમાનો વિષે આપણે વાંચીએ છીએ, પણ તેની રચના જુદી હોય છે. એવાં વિમાનોમાં વીજળીની શક્તિ નિમાયક સ્ટેશનથી નથી આવતી, પણ વિમાનમાં જ ઉત્પન્ન થતી હોય છે. માત્ર તેનું નિયંત્રણ કરનારાં વિવિધ ચક્રોને, વિમાનમાંની વિદ્યુતના બળે જ, સ્ટેશનથી છૂટેલો બીનતારી સંદેશો આમતેમ દોરવે છે એટલું જ. પણ આ અવકાશ-વિમાનમાં તો ખુદ ગતિ માટેની શક્તિ જ મોકલવાની વાત છે.


અને આ વાત સિદ્ધ થાય તો બે ફાયદા થાય તેમ છે. એક તો એ કે એવા અવકાશ-વિમાનને પોતાની ગતિ માટે જોઇતાં બળતણ તેમજ તે ઉત્પન્ન કરવાનાં યંત્રોનો બોજો ઉપાડવો પડતો ન હોવાથી તે હળવું બને, અને તેથી ઓછી શક્તિનો વ્યય થાય. અને બીજો ફાયદો એ કે એ વિમાનને રોજેરોજ જોઈતી શક્તિ હમેશની જરૂર મુજબ જ ઉત્પન્ન થતી હોવાથી શક્તિનું કોઇ અશક્ય ભંડોળ જમાવવાની તકલિફ જ ન રહે. ઘણાં વર્ષો સુધી કોઇ યોજના ચાલુ રાખવાનો પ્રશ્ન હોય ત્યાં આ બહુ મોટી સગવડ થઇ પડે એ સ્પષ્ટ છે.

આ ઉપરથી સમજાશે કે વિજ્ઞાનીઓ રૉકેટ માટે વીજળીની શક્તિ સારૂ શા માટે આગ્રહ રાખે છે. અવકાશ-યાન માટેનું વિમાન પણ રાસાયણિક ક્રિયા કરતાં યાંત્રિક ગતિ ઉપર આધાર રાખતું હોય તો એના આયોજનમાં વહેલી સફળતા મળે.

પણ વળી એક પ્રશ્ન ઊભો થયો. યાંત્રિક ગતિથી બહુ તો એકાદ પૈડું પોતાની ધરી ઉપર ફરી શકે; પરંતુ એ પૈડાના આધારને—ખુદ એ વિમાનને જ ધક્કો કેવી રીતે લાગી શકે? આ પ્રશ્ન એક જબરા કોયડા રૂપ હતો. અને છતાં પાછળથી એનું જે સમાધાન આવ્યું તે જાણીએ તો આપણને તેની સાદાઇ માટે આશ્ચર્ય જ થાય. આપણે બધાએ જીવનમાં કોઇ ને કોઇ રીતે અનુભવેલો યંત્રશાસ્ત્રનો એક તદ્દન સાદો નિયમ એ સમાધાનની ચાવી રૂપ છે, એ જોતાં આપણને પ્રતીતિ થાય છે કે બધી મહાન સાધનાઓના મૂળમાં તો કોઇ મુફલિસ દેખાતું તત્ત્વ જ હોય છે.

કોઈ નવું જ આણેલું ઍલાર્મ-ઘડિયાળ સુંવાળા ટેબલ પર મૂકયું હોય છે ત્યારે તેનો ઍલાર્મ ચાલુ થતાં ઘડિયાળ પોતાની અંદર લાગતા ધક્કાના જોરે ટેબલ પર ચક્કર લેવા માંડે છે, આ બનાવ તો આપણે ઘણી યે વખત જોઇએ છીએ. અને આપણને કલ્પના પણ ભાગ્યે જ આવી શકે કે વિજ્ઞાનીઓની આવતી કાલની આશા રૂપ એ ભાવી અવકાશ-વિમાનને ગતિ આપનારો સિદ્ધાંત આ ઘડિયાળમાં જ છુપાએલો છે.

એ સિદ્ધાંતને યંત્રશાસ્ત્રની વ્યવસ્થિત રીતે ચિત્ર નં. ૧માં સમજાવ્યા છે. એ ચિત્રમાંની ઉપરની આકૃતિમાં




વચ્ચે એક કમાન છે અને તેની બે બાજુ બે સરખાં વજનો છે. યંત્રની ધરીને બે છેડે દીવાલરૂપે બે ડેશીઓ રાખેલી છે અને ડાબી તરફની ડેસી આગળ બીજી એક કમાન રાખેલી છે. હવે ધારો કે એ ધરી પરના એ વજનોમાંનું ડાબી બાજુનું વજન ડાબી તરફ અને જમણી બાજુનું વજન જમણી તરફ એકસરખા જોરથી, ત્યાં મૂકેલી ડેશીઓ સામે અથડાવા માટે ફેંકાય છે. એ વજનોને ગતિ કેવી રીતે મળી શકે તે ચિંતામાં આપણે હાલ પડવાની જરૂર નથી. એને માટેની યાંત્રિક રચના તો જરૂર પડશે તેમાં સહેલાઈથી ઉમેરી શકાય. પણ એ વજનો જ્યારે પોતપોતાની બાજુ તરફ ફેંકાશે ત્યારે, ડાબી બાજુના વજનની અને ત્યાંની ડેશીની વચ્ચે આડે આવતી કમાન શો ભાગ ભજવે છે તે જ આપણે ખાસ જોવાનું છે. પ્રથમ તો એ કમાન પોતાની પર આવતા વજનનું જોર ઝીલી લેશે અને તેથી સંકોચાશે. અને પછી પહોળી થતી વખતે પોતે સંઘરેલી બધી શક્તિ ડાબી બાજુની ડેશી પર દબાણ લાવવામાં વાપરશે. એથી ઊલટું, જમણી બાજુનું વજન તો, તે તરફની દીવાલ સાથે સીધેસીધું અથડાતાં એની ઘણીખરી શક્તિ એ અથડાટથી ઉત્પન્ન થતી ગરમીમાં તેમજ એ દીવાલને જીર્ણ કરવામાં ખર્ચાઈ જશે. અને એ શક્તિનો માત્ર થોડો ભાગ જ એ જમણી દીવાલ પર સાચેસાચું દબાણ લાવી શકશે. ગણતરીથી નક્કી થયું છે કે આવી રીતે વજન દીવાલ સાથે સીધેસીધું અથડાય ત્યારે તેની એકંદર શક્તિનો ⅔ ભાગ ગરમી તથા અથડાટમાં નકામો જાય છે. અને માત્ર ⅓ ભાગ જ દબાણમાં કામ લાગે છે. આમ, ડાબી તરફની બાજુ ઉપરની કમાનને લીધે આ ⅔ ભાગ નકામો જતો ન હોવાથી એ તરફની દીવાલ ઉપર એટલું વધુ દબાણ અસર કરશે. અને તેથી, નીચેની આકૃતિમાં જણાવ્યા પ્રમાણે, યંત્ર એ ⅔ શક્તિના આંચકાથી તીરની દિશામાં ખેંચાશે. એટલે જો આ વજનો ફેંકાવાનો ક્રમ યાંત્રિક રીતે ચાલુ રહી શકે તો, યંત્રને એ ડાબી તરફની કમાનની બાજુ પર એટલું સતત દબાણ રહ્યા કરે કે તે એ દિશામાં એકધારી ગતિ કરી શકે. અને આ ગતિ યંત્રની અંદરથી જ ઉત્પન્ન થતી હોવાથી તેને બહારની દિશાની કોઈ મર્યાદા નથી. તેથી જેમ એ ગતિથી યંત્ર આગળ ધકેલાય છે. તેમજ, જો પૂરું દબાણ થાય તો, ગુરુત્વાકર્ષણની સામે થઈને તે ઉપર પણ જઈ શકે.

ચિત્ર નં. ૨માં આ યંત્રના અમેરિકન શોધક મિ. હૅરી બુલ પોતાના યંત્ર સાથે તેમની પ્રયોગશાળામાં દેખાય



છે. એ યંત્ર એટલે ચિત્ર નં. ૧માં જણાવ્યા મુજબની રચનાવાળી એકાદ ફૂટ લાંબી નળી તથા તેમાં વજનોને વીજળીથી ગતિ આપવા માટેની થોડીક વધુ યંત્રરચના. જે તાર વડે એ યંત્રને લટકાવેલું છે તે તાર જ વિદ્યુત-વાહકનું કામ પણ કરે છે. વિદ્યુતનો પ્રવાહ ચાલુ કર્યા પહેલાં યંત્ર સમતોલ હોય છે. પણ જેવો પ્રવાહ ચાલુ કરવામાં આવે કે તરત જ જાણે કોઈ અદૃશ્ય શક્તિ તેને ડાબી બાજુથી ખેંચી રહી હોય તેમ તે એ તરફ ધસે છે અને પ્રવાહ ચાલુ રહે ત્યાં સુધી, ગુરુત્વાકર્ષણનો સામનો કરતું, એમ તોળાએલું જ રહે છે.

ચિત્ર નં. ૩માં એક યાંત્રિક ચિત્રકારે આ સાદા પ્રયોગથી ઉત્તેજિત થતી નિરંકુશ કલ્પનાને મૂર્ત કરતું એ ભાવી અવકાશ-વિમાનનું કલ્પનાચિત્ર આલેખ્યું છે. વીજળિક શક્તિ બીજી રીતે મળી ન શકે ત્યાં સુધી બળતણમાંથી જ તે ઉત્પન્ન કરવાનો તેમાં હિસાબ



રાખ્યો છે. એ વિદ્યુતપ્રવાહને બળે યંત્રની અંદરની જુદીજુદી મોટરો ચાલવા લાગે છે. ઊભા મૂકેલા નળોમાં અથડાતાં વજનો યંત્રને ઉપર જવાની ગતિ આપે છે, ક્ષિતિ-સમાંતર ગોઠવેલાં યંત્રો તેને આગળ હડસેલે છે અને ઝંડા પર નિરકસ મૂકેલાં યંત્રો જરૂર પડે તો આખા વિમાનને ચક્કર ફેરવવાના સુકાનનું કામ કરે છે.

અને આ તો હજુ એક અપૂર્ણ કલ્પના જ માત્ર છે. એને વ્યવહારમાં મૂકતાં પડેલાં અનેક વિગતો એમાં પૂરવી પડશે. તેમ છતાં આ નમ્ર શરૂઆત પણ આજના વિજ્ઞાનીની આશાને સતેજ બનાવે છે; કેમકે આ યંત્ર તો હજુ એ દિશામાં પ્રથમ જ પ્રયાસ છે. પણ શોધખોળ માટેની એક નવી દિશાને તે ખુલ્લી અવશ્ય કરી દે છે.

અને એથી આજના વિજ્ઞાની કવિની કલ્પના હવે અશક્ય ન લાગતી એવી કેટલીક સાધના કરવા તરફ ઊડે છે. એ કલ્પના હવે સૈકાઓ વટાવતી એવી કોઈ ધન્ય પળની શોધમાં જાય છે, જ્યારે માનવજાતના વર્ષોના અથાગ પરિશ્રમ અને અતુલ ખર્ચે તૈયાર થએલાં સ્વ-નિયંત્રિત અવકાશ-વિમાનો અહીંથી છૂટાં મૂકવામાં આવ્યાં હોય. એ વિમાનો થતાં સુધીમાં તો વિજ્ઞાન એટલી પ્રગતિ સાધી શક્યું હશે કે તેમાં રહી જીવતા મનુષ્યે કરવાનું કામ બધું અહીં પૃથ્વીતળ પર બેઠાં આપણે કરી શકીએ. એમાં દિશાઓ જાણવાનાં હોકા-યંત્ર ગુરુત્વાકર્ષણથી ચાલતાં હશે અને સૂર્યમાળાના નકશામાં વિમાનનું સ્થાન દર પળે બતાવતાં હશે. એમાં બહારની ઠંડી. ગરમી, અવાજ, પ્રકાશ, ચુંબકત્વ, ગુરુત્વાકર્ષણ અને એવી બીજી અનેક અસરો માપતાં યંત્રો એક જ આલમારીમાં રહી પોતપોતાના કાંટાઓ ફેરવતાં હશે. એની પાસેના જ તખ્તા ઉપર એ વિમાનમાંથી બહારનું જગત જેવું દેખાતું હોય તે દૃશ્યનું એકાદ કૅમેરા વડે ફોકસ રચાતું હશે અને એ દૃશ્ય તથા ઘડિયાળોના કાંટા સહિત એ આખો તખ્તો ટેલીવીઝનથી પૃથ્વી પરનાં મનુષ્યો દર પળે જોઇ શકતાં હશે. તેમજ સમયાનુસાર ઉપસ્થિત થતી જતી જરૂરત પ્રમાણે એ વિમાનના કાંટા વાંચી, તેના ઉપરથી હિસાબ કાઢી, એવા જ બીનતારી શક્તિપ્રવાહો વડે વિમાનનાં જુદાંજુદાં સંચાલન-ચક્રોને મરજી માફક નિયંત્રિત કરી શકતાં હશે.

આવાં વિમાનોને પોતાની સફરો પૂરી કરતાં વર્ષો નહિ પણ પેઢીઓ કે કદાચ સૈકાઓ લાગશે; કેમકે એકાદ નવી સંસ્કૃતિની રચના એ કોઇ એકાદ બે દસકાનો પ્રશ્ન નથી હોતો. પણ જેમ બીજી અનેક વસ્તુઓમાં આપણે પરંપરા સાચવી જાણીએ છીએ અને પછી પેઢી દર પેઢી જ્ઞાનનો વારસો આપતા જઇએ છીએ, તેમ વ્યક્તિઓ તો જન્મશે અને મરશે, પણ માનવતા એક અને અખંડ રહેશે. અને તેથી આવાં વિમાનોની સંચાલનપરંપરા પણ અતૂટ રહેશે. છાપાંઓમાં અને રેડિયોમાં આજે મહત્ત્વનું સ્થાન ધરાવતા લડાઈના કે બજારભાવના સમાચારોનું સ્થાન આવાં પ્રજાપ્રિય થઈ પડેલાં વિમાનોની પ્રગતિના અહેવાલો તેમજ ટેલીવીઝનથી મળેલાં ચિત્રો લેશે. અને આ પ્રમાણે એ વિમાનોમાં ગોઠવેલી પોતાની વિશ્વદૃષ્ટિ મારફત માણસો પોતાના ટેબલ પર બગાસાં ખાતાંખાતાં પણ સામે પડેલા ટેલીવાઇઝરમાં અંતરીક્ષ પર્યટનનો રોમાંચ અનુભવી શકશે. કોને ખબર છે કે એમ અંતરીક્ષમાં ભટકતાં, કોઇ ભુલાએલા ખૂણે પડેલા કોઇ ઉપગ્રહમાં, આપણા જેવું જ જીવન બીજી જ કોઇ રીતે જીવી રહેલી જીવંત સૃષ્ટિનાં આપણને દર્શન થાય? કોને ખબર છે કોઇ ગ્રહમાં, આપણા જીવનકલહમાં સહધર્મી થઈ શકે એવી કોઇ નૂતન માનવતા સાથે હસ્તધૂનનનો લહાવો આપણે લઇ શકીએ? કોને ખબર છે કોઈ દૂરદૂરના ભવિષ્યમાં આવો યાંત્રિક વ્યવહારનો માર્ગ જોડાતાં વખતે મનુષ્ય સ્વદેહે . . . .

પણ, ઓ! કાળા માથાનું મિથ્યાભિમાની માનવી!

હરિકૃષ્ણ વ્યાસ


ભૂતકાળની શોધમાં

આપણા આંગણાના જ અવશેષો ઉપર પુરાતત્ત્વના પ્રાથમિક પાઠ પઢાવતી રસભરી લેખમાળા

માતાની દહેરી પાસે પાએક કલાક વિસામો ખાઇ હું ઊભો થયો ને પેટપૂજાની આશાએ લોટેશ્વર ભણી માટ માંડી ફરી બેચરાજીના રણનો પંથ કાપવા લાગ્યો. હવે મારી અડખેપડખે દૂર રણને બંને કાંઠે ઊભેલાં ગામડાં દેખાવા લાગ્યાં હતાં. વળી, સામે આવી રહેલા મુંજપુરની મસીદોના મીનારા અને તેનાથી બે'ક માઇલ દૂર આવેલા લોટેશ્વરનો ગઢ પણ મારી નજીક સરકતાં આવતાં હતાં. મને ખૂબ તરસ લાગી હતી અને માથે ધોમ ધખતો હતો, એટલે તેનો ત્રાસ વધવા લાગ્યો. એ દિવસના ખાલી પેટે ધીરજ છોડી દીધી. મુકામ આવવાને હવે વાર તો જોકે એક કલાકની જ હતી, પણ એ કલાક ખૂટે શા રીતે ? એવામાં નજર સામે દેખાતા ગામોના સમૂહમાં દૂરથી જ જોઇને પ્રત્યેક ગામની પુરાતનતા માપવામાં મારૂં મન પરોવાઇ ગયું. લોટેશ્વરના પાદરમાં પ્રવેશ કર્યો તેટલીવારમાં તો સમી, કુકરાણા, રવદ, વાગોસણ, કાડી; તારવડું, નાયકા વગેરે બધાં ગામોની સાપેક્ષ (comparative) પ્રાચીનતાનો મેં અંદાજ કાઢી લીધો. આ પ્રયોગ બીજા કોઇને કદાચ ખપ લાગે તે અર્થે ટૂંકમાં અહીં સમજાવી દઉં છું.

'તમે કોઈ ડુંગરવગરના, સપાટ તથા જેની માટીમાં પથરા ન હોય એવા (બીજા શબ્દોમાં, જેમાં કુદરતી ટેકરીઓ ન હોય તેવા) પ્રદેશમાં સફર કરતા હો તો તેમાં દૂરથી જોતાં જે ગામના ટેકરા જેટલા વધુ ઊંચા દેખાય તે ગામ, તે વિસ્તારનાં સૌથી નીચી સપાટીવાળાં ગામ કરતાં, પ્રમાણમાં તેટલાં વધુ પ્રાચીન હોય છે. ટૂંકામાં જેમ ટેકરા ઊંચા તેમ ગામોની પ્રાચીનતા વધારે.' ક્ષેત્ર પુરાતત્ત્વનો આ એક મુખ્ય સિદ્ધાંત છે.

માંડમાંડ કરી લોટેશ્વર આવ્યું. આશરે ચાર વાગ્યા હતા. પાદરમાં પેસતાં જ પાળીઆ અને દહેરીઓનાં જૂથનાં જૂથ દેખાયાં. જૂનામાં જૂનો પાળીઓ સંવત



લોટેશ્વરના કુંડનો નકશો. આટઆટલું ફર્યો છું પણ આવો કળાભર્યો કુંડ જવલ્લે જ જોયો છે. વચ્ચે કુંડ છે. ત્રણ બાજુ નાની દહેરીઓ છે. નીચેથી મુખ્ય મંદિરમાંથી કુંડ તરફ જવાનો દ્વારમંડપ છે. ઉપર નાના વોંકળા જેવી નદી વહે છે, જેનાં પાણી બંને પડખાંનાં પગથિયાં સુધી પણ ઘણીવાર આવે છે.

૧૭૬૨નો હતો. નજીકમાં જ એક કૂવો હતો અને તેના બોરિંગમાંથી ધોધમાર પાણી ચાલ્યું જતું હતું. ત્યાં જઈ મેં પેટ ભરીને પાણી પીધું. તેના સ્વાદ ઉપરથી લોટેશ્વરનું ભૂસ્તર પરખાઈ આવતું હતું. મને લાગ્યું કે તેનાં પડોમાં દરિયાઈ ક્ષાર ભરેલા હોવા જોઇએ અને પુરાતન કાળમાં જરૂર આ ધરતી ઉપર સાગર ઘૂઘવતો હશે. ખારા રણની ઉપસ્થિતિના સૂચનને આ વધુ ટેકો મળ્યો.

હવે પેટને સંતોષવાનો વિચાર કર્યો. આવા તીર્થસ્થળમાં હૉટેલ કે વીશી તો જરૂર હશે જ એમ માની અનેક ઉકરડા વટાવી હું ગામમાં પેઠો. માંડ સાઠ પોણોસો ખોરડાંનું ગામ હશે. ગામમાં એક જ મોદી હતો અને તેની દુકાને પણ તાળું વાસેલું હતું ! ધીરજ ધરી હવે હું ગઢમાં પેઠો. લોટેશ્વરનું મંદિર તથા બીજી બધી ધાર્મિક ઈમારતો ગઢમાં જ હતી. ગામ અને ગઢ ઉપર લોટેશ્વરના મંહતની સત્તા ચાલે છે. રાજ્ય રાધનપુરનું છે. એક આસન ઉપર એક અત્યંત સ્થૂલ શરીરના આધેડ પુરુષ બેઠાબેઠા કાલાં ફોલી રહ્યા હતા. તેમની આસપાસ એક મંડળી જામેલી હતી. આ જ લોટેશ્વરના મહંત હતા. મને વિચાર આવ્યો કે જો મહંત પૂછે કે શા કામે આવ્યા છો તો શો ઉત્તર આપવો? પુરાતત્ત્વસંશોધનની

વાત તો કરાય જ નહિ, નહિતર અહીં પણ વાઘેલ જેવા ભૂંડા હાલ થાય. પણ મારે શું કહેવું એ હું નક્કી કરૂં તે પહેલાં જ હું મહંતની સામે આવી પહોંચ્યો હતો. પ્રભુ કરે તે થાય એમ વિચારી મેં તેમને પ્રણામ કર્યા.

'કેવા છો?' મહંતે પૂછ્યું.

'બ્રાહ્મણ.' મેં ઉત્તર આપ્યો.

'ક્યાંથી આવો છો?'

'પાટણથી!' મનમાં હું ભગવાનને વીનવવા લાગ્યો કે એ મને મારા ઉદ્દેશ વિષે પ્રશ્ન ન પૂછી બેસે.

'આમ ક્યાં જવું છે?'

કયા ગામનું નામ આપવું તે હું નક્કી કરી શક્યો નહિ; જે બાજુએ મારો હાથ ગયો તે દિશાનું મેં સૂચન કરતાં કહ્યુંઃ 'આમ જવું છે.'

'એટલે, વીરમગામ ભણી?' મને એ પહેલવહેલી ખબર પડી કે અહીં થઇને વીરમગામ જવાય છે.

'તો મા'રાજ, પાટણથી સીધા ટ્રેનમાં જ બેસી જવું'તું ને, તે આમ પગપાળા ચાલી નીકળ્યા છો?'

'જરા દેલમાળ કામ હતું.' મેં જવાબ આપ્યો.

'એમ? તો તો તમે ઠીક કર્યું, તે આ રસ્તે થઇને ચાલ્યા. દેલમાળથી તો અહીં થઈને જ વીરમગામ ઢૂંકડું પડે. પણ અહીં આવવાને બદલે મુંજપર જઈ ત્યાંથી બસ પકડી હોત તો જગ્યા સારી મળત.'

'કંઈ નહિ, લોટેશ્વર ભગવાનનાં દર્શન તો થયાં ને?'

'હા એ ઠીક, મહારાજ; લાગો છો તો શ્રદ્ધાળુ. સારૂં ત્યારે, તમારા માટે એક ઓરડી ખોલાવી દઉં છું.'

હજારેક માણસને ઉતારો આપી શકાય એટલી બધી ઓરડીઓ મંદિરના અતિથિગૃહમાં હતી. મજૂરને ગાઉ દીઠ આના લેખે મજૂરી ચૂકવી વિદાય કર્યો અને હું પેટપૂર્તિનાં સાધનો માટે સાંજ પડવાની રાહ જોતો ઓરડીના એક ખૂણામાં થાકયોપાકયો પડયો.

લોટેશ્વરનો કળામય કુંડ

ક્ષિતિજને ગોખલે આવી બેઠેલી સંધ્યા સૂર્યકિરણો ઉપર સોનેરી રંગ રેલવા લાગી. લોટેશ્વરના ગોવાળિયા ઢોર લઇને ઘેર પાછા વળતા દેખાયા. થોડીકવારની ઊંઘે મારામાં નવું ચેતન રેડી દીધું હતું. ઊઠીને હું બહાર લોટેશ્વર મહાદેવના મંદિરની સામેના કુંડ ઉપર આવ્યો. કોઈ કુશળ શિલ્પીએ ભારે કળા વાપરી. આ કુંડની રચના કરી છે. આટઆટલું ફર્યો છું, પણ એવો કળાભર્યો કુંડ કયાં યે નિહાળ્યો નથી. બીજા કશા માટે નહિ તો તેની કારીગરી જોવા પણ કળાવિદોએ આ સ્થળ અવશ્ય જોવું જોઇએ. ત્યાં એક ઠેકાણે ચતુર્ભુજ વિષ્ણુની પૂર્ણ માનવકદની આરસની એક અખંડ પ્રતિમા કયાંકથી લાવીને ઊભી કરી દીધેલી જણાઈ. કોઈ પણ મ્યુઝિયમની પ્રતિષ્ઠા વધારે તેવી તેની કારીગરી હતી. એવી તો કેટલી યે પ્રતિમાઓ વઢિયારની ભૂમિમાં ડગલે ને પગલે રગદોળાતી મેં જોઇ છે.[1]

લોટેશ્વર તીર્થ

લોટેશ્વર એ વઢિયારનાં મુખ્ય તીર્થોમાંનું એક ગણાય છે. ખરૂં નામ લોહેશ્વર છે. પૂર્વકાળે ધર્મારણ્ય (વઢિયાર અને પાટણવાડો આ બંને પ્રદેશો પુરાતન કાળમાં ધર્મારણ્ય કહેવાતા. એના ઇતિહાસ માટે જુઓ કુમાર અંક ૧૯૫–૯૬માંના લેખાંક)માં લોહાસુર નામનો દૈત્ય રહેતો હતો. તે આ વનમાં તપસ્યા કરતા ઋષિઓ ઉપર ઘણો ત્રાસ વર્તાવતો, એટલે મહાદેવે તેનો નાશ કર્યો અને એથી તેઓ લોહેશ્વર કહેવાયા અને આ સ્થળે સ્થાપિત થયા.[2] સ્કન્દ પુરાણાન્તર્ગત ધર્મારણ્ય ખંડ છે તેમાં આ તીર્થની પૌરાણિક વિગત મળે છે. આ ઉપરાંત સરસ્વતી માહાત્મ્ય અને સરસ્વતી પુરાણમાં સરસ્વતીકાંઠાનાં તીર્થોની યાદીમાં 'લોહયષ્ટિ'ના નામથી એની પણ ગણત્રી કરવામાં આવી છે. સરસ્વતી પુરાણમાં એની નોંધ હોવાથી એટલું તો અવશ્ય જણાય છે કે વઢિયારના વિસ્તારમાં 'લોટી'ના નામથી

---

૧ શિલાલેખો, તામ્રપત્રો, પાળીઆ ઇત્યાદિ પુરાસામગ્રી, તેમના મહત્ત્વથી અજાણ્યા લોકસમાજને હાથે કેવી રીતે નાશને ભેટે છે તેનો ખ્યાલ 'કુમાર' અંક ૨૦૬માંના લેખાંકમાં મેં આપ્યો છે. એનાથી ઊલટું, મૂર્તિઓ ઈત્યાદિ ધાર્મિક પુરાવસ્તુઓને આપણો લોકસમાજ ઘણી કાળજીપૂર્વક સંઘરે છે એ પુરાવિદો માટે આનંદ પામવા જેવું છે. કોઈ જગ્યાએ જમીનમાંથી એકાદ અખંડ મૂર્તિ નીકળી આવે એટલે દેવ પ્રકટ થયા એવી માન્યતા લોકોમાં ફેલાઈ જાય છે, ને પછી ધાર્મિક વિધિ સાથે તેને કોઇ સારે સ્થળે સ્થાપી દે છે.

૨ લોહાસુરનું આખ્યાન ભસ્માસુરના ખૂબ જાણીતા પૌરાણિક આખ્યાન સાથે મળતું આવે છે. એટલે અહીં તેની નોંધ લીધી નથી. જેમને આ તથા લોટેશ્વર સંબંધી બીજી પૌરાણિક કથાઓ જાણવી હોય તેમણે નીચેને સરનામેથી 'લોહેશ્વર માહાત્મ્ય' નામનું પુસ્તક આઠ આનાની કિંમતે મંગાવી લેવું: વકીલ હરિલાલ જાદવજી શુકલ, વ્યવસ્થાપક શ્રી લોટેશ્વર મહાદેવ, મુ. રાધનપુર.

ઓળખાતું આ સ્થળ આજથી આઠસો વર્ષ પૂર્વે સિદ્ધરાજના સમયમાં તીર્થ તરીકે સારૂં મહત્ત્વ ધરાવતું હતું.[૩]

લોટેશ્વરના પુરા-અવશેષો

કુંડમાં મંદિરના એક કાર્યકર્તા સ્નાન કરતા હતા. તેમણે વાતો કરતાં મને જણાવ્યું કે ચંદુરના મુખી કરમશી રથવી નાડોદાએ બાદશાહ અલાઉદ્દીનના વખતમાં આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી મુસલમાનોથી તેનું રક્ષણ કરવા તેને ફરતો આ ગઢ બંધાવેલો છે.

કુંડને મૂકી હું મંદિરને ફરતા વિશાળ અને મજબૂત ગઢની રાંગેરાંગે ચાલવા લાગ્યો. પૂર્વ દિશાએ આવતાં એક પાળીઓ જોયો. તેના ઉપર વિક્રમ સંવત્ ૧૬૯૬નું વર્ષ વંચાતું હતું. આ પાળીઆને જેમ ને તેમ રહેવા દેવા માટે કોટમાં બારી પાડવામાં આવેલી હતી. આ પરથી જાણી શકાયું કે સં. ૧૬૯૬ પછી ગમે ત્યારે આ ગઢ બંધાયો છે. પેલા ભાઇએ કહેલી અલાઉદ્દીનના વખતમાં બંધાયાની વાત ખોટી જણાઇ. આ સ્થળની નજીક બીજા પણ પાળીઆ હતા. એ બધામાં જૂનામાં જૂના પાળીઆ ઉપર સં. ૧૬૬૭નું વર્ષ લખેલું હતું.


લોટેશ્વર સરસ્વતીને કાંઠે નહોતું

ગઢની પ્રદક્ષિણા પૂરી કરી હવે હું લોટેશ્વરમાં જે વાંકળો આવેલો છે તેને કાંઠેકાંઠે કદાચ કોઇ પ્રાચીન સ્થળ કે વસ્તુ મળી આવે એ હેતુથી ચાલવા લાગ્યો. મારે બીજું એ પણ તપાસવું હતું કે સરસ્વતીપુરાણ અને સરસ્વતીમાહાત્મ્યમાં જણાવ્યા પ્રમાણે લોટેશ્વર ખરેખર સરસ્વતી નદીને કાંઠે હતું કે કેમ. ખુબ ચીવટપુર્વક અવલોકન કરતોકરતો હું વાંકળાને કાંઠેકાંઠે ગામથી દોઢેક માઇલ દૂર પહોંચી ગયો અને અંતે મારા નિરીક્ષણ ઉપરથી હું એ નિર્ણય ઉપર આવ્યો કે સરસ્વતીનો પ્રવાહ કદી લોટેશ્વરને સ્પર્શીને વહ્યો નથી. અતિ પ્રાચીન કાળમાં તો લોટેશ્વર તથા હારીજ–વાઘેલ–દેલમાળ વિસ્તાર કે જેમાં થઇ સરસ્વતી વહે છે તેની વચ્ચે બેચરાજી સુધી જતી એક સાગરપટી આવેલી હતી, એટલે દેખાતીરીતે સરસ્વતી તેને વટાવીને લોટેશ્વર આવી શકે તેમ નહોતું. તે પછીના કાળમાં–એની જ્યારથી વિગત મળે છે ત્યારથી જ–એને પુરાણો ઝિલ્લાણ શ્રી સ્થલ (સિદ્ધપુર)થી તીર્થ તરફ વહેતી વર્ણવે છે. આ વસ્તુ તથા જમીનના ઉંચાણનીચાણનો વિચાર કરતાં મને એ શકય જણાયું નહિ કે કદી યે સરસ્વતીનો પ્રવાહ આટલો આઘો આવી શકયો હશે. હાલ લોટેશ્વરની વાયવ્યે હારીજની પેલી બાજુ બાર માઇલ દૂર સરસ્વતીનો પ્રવાહ વહે છે અને ઝિલ્લાણ[૪] તીર્થને બદલે તેની બાર માઇલ ઉત્તરે કચ્છના રણને કાંઠે

---

૩ જુઓ કનૈયાલાલ ભાઈશંકર દવે સંપાદિત 'સરસ્વતીપુરાણ' પાન ૨૭.

૪ આ ઝિલ્લાણ હાલ ઝીલાણંદ કહેવાય છે. ઝિંઝુવાડાની સામે કચ્છના રણમાં આવેલો એ એક બેટ છે. ત્યાં જે સ્થળે સરસ્વતી વહેતી તે હજી પણ દેખાય છે. આ લેખમાળામાં પંચાસર પછી એની વિગત આવવાની છે.



આવેલ કુંવર ગામ કે જેને પુરાણોમાં 'કોલ્લાદેવી' કહ્યું છે ત્યાં આગળ રણને મળી જાય છે. (આ સ્થળ પણ આ પ્રવાસમાં આગળ આવશે).

અંધારું થઈ જવાથી હવે હું પાછો ફરી મંદિરમાં આવ્યો. મહંતે કહ્યું કે 'મહારાજ, અમારા રસોડાનું તો તમને ખપે નહિ, એટલે સીધુંસામાન આપીએ છીએ; તે હવે રાંધી ખાઓ.' આખા દિવસના રઝળપાટ પછી આ અધરાતે પતે એવી કડાકૂટ ગમે કોને ? એટલે મેં મહંતનો આભાર માની ત્રણચાર શેર દૂધ મળી શકે તો તે ગામમાંથી મંગાવી આપવા વિનંતિ કરી. દૂધ આવ્યું તે પીને મહંત પાસેથી લોટેશ્વર વિષે માહિતી મેળવવા માંડી. તેમણે જે કંઈ જણાવ્યું તેનો સાર એ હતો કે આ સ્થળ પિંડદાન માટે આખા વઢિયારમાં મોટું તીર્થ ગણાય છે. ફાગણ વદ દશમથી તે અમાસ સુધી અને ભાદરવા વદ દશમથી તે અમાસ સુધી એમ વર્ષમાં બેવાર અહીં મોટી જાત્રા ભરાય છે. પિંડદાન ઉપરાંત અહીં ભુતપ્રેત વગેરેનો ઉદ્ધાર થાય છે, એટલે આખા ઉત્તર-ગુજરાતમાંથી તાંત્રિકો અને ભૂવાઓ આવી અહીં એકઠા થાય છે અને લોકોના ભૂતપ્રેતના વળગાડનું નિવારણ કરે છે. (આ દષ્ટિએ આ મેળાઓ જોવા જેવા તો ખરા !) મંદિરનો ફરતો ગઢ હનુમાનગઢી તથા કુંડમાંનો મુખ્ય કૂવો ગંગકૂપ કે ગંગવો કહેવાય છે. સવાસો વર્ષ ઉપર થઈ ગએલા પાટણના મોટા દવે કહેવાતા એક બ્રાહ્મણે અહીં તપસ્યા કરેલી, એટલે તેમની એક પ્રતિમા મંદિરમાં એક ઠેકાણે બેસાડવામાં આવી છે. રાધનપુર રાજ્ય તરફથી મંદિરને જમીન મળેલી છે તેમાંથી તેનો ખર્ચ ચાલે છે.

દિવસ કરતાં રાત્રે મંદિરનું વાતાવરણ વધુ જીવંત જણાતું હતું, કારણ કે સાંજ પડતાં સંખ્યાબંધ વટેમાર્ગુઓ અહીં રાત રોકાઈ રહે છે. છેલ્લી રાતના વાઘેલના વાતાવરણ કરતાં અહીંનું વાતાવરણ મને આનંદકારક લાગતું હતું અને એથી મારા આ પ્રવાસને આગળ લંબાવવાનો મારામાં ઉત્સાહ આવ્યો.

(ચાલુ) **અમૃતલાલ વ. પંડયા**

જીવી જાણનારા]૧૪[જે માનવજીવનનું સાચુ મૂલ્ય શીખવી ગયા

કેઇટ શેલીનો પૂલ

આયોવા (Iowa)માં એક નદી (Des Moines) ઉપર પૂલ છે તેને અમેરિકનોએ પંદર વર્ષની વીર કન્યા કેઇટ શેલીનું નામ આપ્યું છે.

કેઇટના પિતા રેલ્વેના પાટાના ઇન્સ્પેક્ટર હતા, પણ તે મરી ગયા હતા. કેઇટ મા તથા નાનાં ભાઈ-ભાંડુ સારે રહેતી હતી, ને એના ઉપર કુટુંબનો આધાર હતો.

૧૮૮૧ના ઊનાળામાં સતત વરસાદ થયો, ને નદીમાં પ્રચંડ પૂર આવ્યું. એનાં ઢોર પોતાની જાણે ઊંચા સુરક્ષિત જગ્યાએ ચાલ્યાં જાય, એટલા સારુ કેઇટ એને છોડી મૂકવા ઘર બહાર નીકળી. ઢોરને છોડીને એ પાછી ઘેર આવતી હતી, ત્યાં એણે જોયું તો હની ક્રીક ઉપરના પૂલ આગળ એક એંજિન આવ્યું તે પૂલ તૂટી જવાને લીધે નદીના ઘોડાપૂરમાં જઈ પડ્યું.

એંજિનની પાછળ જ પશ્ચિમથી આવતી રાતની પૅસેંજરગાડી આવતી હતી. થોડી જ વારમાં એ તૂટેલ પૂલ આગળ આવી પહોંચવાની હતી. પૂલે આવતાં પહેલાં તે મૉઇનગોના સ્ટેશને ઊભી રહે. એટલે જો કેઇટ ત્યાં ગાડી ઉપડયા પહેલાં જઈ પહોંચે તો ટ્રેઇન બચી જાય.

ફાનસ લઈ ને કેઇટ નિકળી; પણ પવને ફાનસ ઠારી નાખ્યું. પૂરને લીધે પાટે પાટે ચલાય એમ નહોતું, એટલે ઘર પાછળ ટેકરી હતી એના ઉપર થઈને કેઇટ ચાલી. વચ્ચે એક પૂલ આવ્યો, એના ઉપર લપસણાં પાટિયાં જ હતાં, ને નીચે નદી સાગરનાદ કરતી હતી. પૂલનાં પાટિયાં ઉપર ઊભાંઊભાં ચાલવામાં જોખમ હતું, એટલે કેઇટ ચાર પગ કરીને ચાલી. છેવટે એણે પૂલ વટાવી દીધો, પણ હજી અર્ધો માઇલનો પંથ કરવાનો હતો, અને થોડીક જ મિનિટ બાકી રહી હતી. પડતીઆખડતી કેઇટ મૉઇનગોના સ્ટેશને પહોંચી એ જ વખતે ટ્રેઇન પણ સ્ટેશનમાં આવી, અને ટ્રેઇન બચી ગઈ. આમ કેઇટે કોણ જાણે કેટલાંયે સ્ત્રીપુરુષો તથા નાનાં બાળકોના જીવ બચાવી લીધા.

(મીના અંગ્રેજી ઉપરથી) **દે. વા.**

જીવનનું પરોઢ

ભાગ ત્રીજો

પ્રકરણ ૧૮મું

આદર્શ કેદી રામદાસ કાકા

મોટેરાંઓને જેલમાં વળાવી અમારી બાલમંડળી ફીનિક્સના કામમાં મશગૂલ બની હતી. જેમજેમ વખત વીતતો ગયો તેમતેમ અમારો કલ્લોલ પણ વધતો ગયો. પણ જ્યારે જેલવાસીઓના ઉપવાસના ખબર ઉપરાઉપરી આવવા લાગ્યા ત્યારે અમે ખૂબ અકળાયા.

રૂસ્તમજી કાકાની કુસ્તી અને પૂજ્ય બાના ફળાહાર માટે તો ટૂંકાટૂંકા ઉપવાસોથી કામ પત્યું, પણ ઘી માટેના ઉપવાસે જેલ બહારના લોકોને ભયભીત કરી મૂક્યા. ડરબન એ નાતાલ પ્રાંતની—આખા દક્ષિણ આફ્રિકાની—શ્વેત નગરી તરીકે વખણાતી, અને તેની રાજધાની મેરિત્સબર્ગ તો જાણે મોતીનગર. પણ ત્યાંનાં કેદખાનાં તો કાળાં ઘોર હતાં. સત્યાગ્રહના યુદ્ધનો અનુભવ ટ્રાન્સવાલને તો આ પહેલાં મળી ચૂક્યો હતો, પણ નાતાલ પ્રાંતની સરકારને સારુ સત્યાગ્રહી કેદીઓ સંઘરવાનો આ પહેલો જ મોકો હતો. ટ્રાન્સવાલના સત્યાગ્રહમાં જેટલો નહોતો પડતો તેટલો નાતાલના સત્યાગ્રહમાં ગોરાઓના ખિસ્સા ઉપર કાપ પડતો. આ અણધાર્યા ઘાથી નાતાલના ગોરા અમલદારો છેડાઈ પડે એ સ્વાભાવિક જ હતું. મેરિત્સબર્ગનું કેદખાનું ઉભરાવા લાગ્યું કે ખૂની હબસી કેદીઓ માટેનું ડરબનનું દોઝખ સમાણું કેદખાનું પણ હિંદી કેદીઓનું મહેમાનઘર બન્યું. ત્યાં જેલના સુપરિન્ટેન્ડેન્ટ જેલના ગવર્નર કહેવાતા. ડરબનની જેલનો ગવર્નર વધુ પંકાએલો હતો. પોતાના પાષાણ હૃદય માટે તેને ગુમાન હતું. હિંદી કેદીઓને સીધા દોર કરી દેવાનો અને તેમના ઉભરાને મોળો પાડી દેવાનો એણે આકરો સંકલ્પ સેવ્યો હતો.

દક્ષિણ આફ્રિકાની જેલોમાં ગોરા અને હબસી કેદીઓને અઠવાડિયે બે વાર ખોરાકમાં માંસ મળતું. હિંદી કેદીઓ માંસ ન લઈ શકતા હોવાથી તેમણે અપવાસો કરી ટ્રાન્સવાલની કેદમાં માંસને બદલે બે અંધાળ ઘી અઠવાડિયે બે વાર મેળવવાનું મંજૂર કરાવ્યું હતું. પણ નાતાલની જેલમાં સરકારે ઘી ન આપ્યું. ફીનિક્સની આખી ટોળી તથા જોહાનિસબર્ગથી આવી મળેલા મણિલાલ કાકા, પ્રાગજીભાઈ દેસાઈ, શ્રી મેઢ વગેરે પંદરેક જણે ઘીના મુદ્દા પર ઉપવાસ આરંભ્યા. ખરું જોતાં ઘી ન મળવાની ફરિયાદ તો ઘણી ફરિયાદોમાંની એક હતી. જૂથી ભરેલા કામળા, માંસથી ખરડાએલાં ખાવાનાં વાસણ, દારોગાઓની વગરકારણની ગાળો અને તુમાખી તથા અઠવાડિયે એક વાર નહાવા દેવાની પણ સખત અગવડ વગેરે અનેક કઠણાઈ દૂર કરવાને આ ઉપવાસો શરૂ થયા હતા.

ઉપવાસના ખબર જેલ બહાર બધે ફરી વળ્યા અને ડરબન તથા આખા નાતાલમાં હિંદી લોકોનો ઉચાટ વધી ગયો. ભૂખે મરનારાઓમાં મણિલાલ ગાંધી અને રામદાસ ગાંધી એ બે તો બાપુજીના દીકરા હતા. બે ત્રણ દિવસ બહારના લોકોએ સમાધાનીની આશા રાખી. પણ પછી ઉપવાસનો અંત જલદી આવતો જણાયો નહિ. એક દિવસ દેવદાસ કાકા છાપખાનામાં બીબાં ગોઠવતા હતા ત્યાં હું ગયો તો લખાણમાં આવેલો રેવાશંકર તથા મૅજિસ્ટ્રેટનો સંવાદ વાંચી સ્તબ્ધ બની ગયો. રેવાશંકર હતો ન હતો થઈ જવાનો ડર અમને લાગ્યો. સંવાદ કંઈક નીચે પ્રમાણે હતો: આજે મારી પાસે ઇન્ડિયન ઓપિનિયનની ફાઈલ નથી એટલે સ્મરણથી જ લખવું રહ્યું:

'રેવાશંકર રતનશી સોઢા નામના કેદીને ને કાજીને સંવાદ થયો.

કાજી—તમે શાં તોફાન આદર્યા છે.કેમ ખાતા નથી?

કેદી—અમે કંઈ ઈરાદાપૂર્વક તોફાન નથી કર્યું. અમારે ઘી જોઇએ છે, તે આપો એટલે ખાશું.

કાજી—ઘી બી કંઇ નહિ મળે. કેદમાં આવ્યા છો તે જાણો છો ? કેદમાં માગ્યું મળતું હશે ?

કેદી—તમે ઘી આપવાને લાચાર છો તો અમે અપવાસ છોડવાને લાચાર છીએ.

કાજી—ઘી નહિ મળે તો ક્યાં સુધી અપવાસ જારી રાખશો ?

કેદી—મરી જશું ત્યાં સુધી.

કાછ—મરી જશો તો જરા યે તોટો નથી. અમારી પાસે પુષ્કળ જગ્યા છે.

કેદી—તો ઘી ન મળે ત્યાં સુધી મરનારાનો યે તોટો નહિ પડે.

ઉપવાસીઓમાં સૌથી નાની વયના રામદાસ કાકા અને રેવાશંકર સોઢા હતા. જેલના ઉપવાસીઓએ એ બેને ફોડવાનો મહાપ્રયાસ કર્યો. રેવાશંકરે પોતાની કડકાઈથી જેલરોને હંફાવ્યા, એથી પણ વધુ રામદાસ કાકાએ પોતાની નમ્રતા, સરળતા અને દૃઢતાથી એ લોકોને દિગ્મૂઢ બનાવી મૂક્યા. જેલની બહાર આવ્યા પછી અમારા ગોઠિયાઓએ જેલની જે વાતો સંભળાવી તેમાં ઘીના ઉપવાસોની કથા સાથે રામદાસ કાકાની વિનમ્રતાની સ્તુતિનું પુનરાવર્તન પણ અનેક મોઢે હતું. જેલના અનુભવીઓ કહેતા:

'સવારથી સાંજ સુધી અમારે જેલનાં ખેતરોમાં કામ કરવાનું રહેતું. સવારે નાસ્તો કરી અમે કામે ચડીએ. તે વખતે ખેતરમાંનાં ગાજર, મૂળા, રીંગણાં જે હાથ આવે તે ચાવીએ. અંદરઅંદર પણ ગરમગરમ ચર્ચામાં ઊતરી પડીએ. મોટા નાના બધાનું તિકડં ચાલે પણ રામદાસ કશામાં ન ભળે. ખરેખર રામદાસ તો રામદાસ જ. બાપુ પેંડે જ જોઈ લ્યો. ન આમ જુએ કે ન તેમ જુએ. નીચા વળી ખોદવાનું કામ અખંડપણે કર્યે જાય. અમને ટોકવા દારોગો વારેવારે આવે, પણ રામદાસની પડખે પણ ન ચડે; કારણ કે રામદાસ થાકે તો યે કોદાળી છોડી બેસે નહિ. ઊભાઊભા સહેજ થાક લઈ લે ને વળી પાછા ધીમી ગતિએ અસ્ખલિત કામ ચાલુ કરે. કોઈવાર અમે બધા આગ્રહ કરી એકાદ ગાજર કે મૂળાનો કટકો આપવા મથીએ તો પણ રામદાસ એકના બે ન થાય. અમને સંભળાવી દે કે 'તમારે મને ન કહેવું.' કોઈક વાર અમારી પાસે તિકડંથી બહારનું મિષ્ટાન્ન આવતું ત્યારે યે તે હાથ ન લગાડતા. જેવા શાંત ખેતરમાં કામ વખતે, તેવા જ શાંત જેલની ઓરડીમાં. કામ પરથી પાછા આવી પોતાની જગ્યાએ બેસી વાંચવા લાગે. ગીત ગાય તો પણ અડખેપડખેના કોઈને ખલેલ ન પડે એ રીતે ધીમે સાદે. રામદાસનાં સંયમ, શાંતિ, અને વિનય પાસે મોટામોટાઓ પણ વામનજી દેખાતા. જેલના નિયમોનો ભંગ ન થવા દેવાની એમની ચીવટ એટલી બધી કે પોતાના ભાણામાંથી કદી કોઈને આપે નહિ કે કોઈમાંથી કદી લે નહિ. આકરી મજૂરીનું કામ એટલે ભૂખ તો કકડીને લાગે, પરંતુ જેલનિયમ વિરુદ્ધ બાગનો વધારાનું ખાવાનું મેળવી લાવે તોપણ એક કોળિયો પણ રામદાસ સ્વીકારે નહિ. ખૂબી એ કે આખી ટોળીમાં રામદાસ સૌથી નાના. પૂરા સોળ વરસના પણ નહિ. પોતાનું વર્તન એમણે જેટલું શોભાવ્યું તેટલા જ એમણે અમારા અપવાસ પણ દીપાવ્યા. એ જેટલા વિનયી એટલા ટેકીલા પણ.

અમારા લાંબા અપવાસમાં શરૂશરૂમાં તો ઘણા ભળ્યા પણ જેમજેમ વખત જતો ગયો તેમતેમ કેટલાક ખરવા લાગ્યા. ચાબીડીની ટેવવાળા વહેલા પડ્યા. મક્કમ રહેલાઓમાંથી રેવાશંકર ને મગનભાઈ ચક્કરી ખાઈને પડ્યા, પણ સૌથી કુમળા રામદાસ અડગ રહ્યા. એ કાચી કળી રખે કરમાઈ જાય એ ભયે જેલના અધિકારીઓ બાવરા બની ગયા. દૂરદૂર સુધી જેલના અધિકારીઓ અને સરકારી ઊંચા અમલદારો વચ્ચે તારના સંદેશા ચાલુ થયા.

'જેલના ઉપવાસો એટલે બહારના ઉપવાસો જેવા હુંફાળા નહિ. બહાર કોઈ ઉપવાસ આદરે કે આસપાસના બધા લોકોની સહાનુભૂતિ પોતા તરફ ખેંચી લે. ઉપવાસીને બનતો આરામ, શાંતિ, પાણી, સ્નાન વગેરે મળે. તેથી ઊલટું દક્ષિણ આફ્રિકાની જેલમાં હતું.'

આ સંબંધી વાતો ચાલતાં રેવાશંકર વગેરે પાસેથી મેં સાંભળેલું કે 'ઉપવાસને દા'ડે જેલરનો કડપ બહુ વધી જતો. ખોદવામાં આડે દા'ડે સુસ્તી કરીએ તો ચાલે, પણ ઉપવાસને દા'ડે તો દારોગો કમર ઊંચી ન થવા દેતો. પરોઢિયે ઊઠવાભંગા રોજની જેમ પોતપોતાના પાયખાનાની બાલ્દીઓ ઉપાડી પરેડ કરવી પડે અને સાંજે અમે થાક્યા હોઈએ તોપણ જડતીની પરેડમાં દારોગો જાણીબૂઝીને એટલી બધી ચિકાશ કરતો કે એના પર ખૂબ દાઝ ચડતી. જડતીની પરેડમાં રોજ સાંજે બધાં લૂગડાં ઉતારી એક હારમાં અમારે દિગંબર ઊભા રહેવું પડતું. મોં, બગલ અને સાથળમાં અમે કંઈ છૂપાવ્યું નથી એની ખાત્રી જ્યારે દારોગાને થતી ત્યારે અમને ફરી કપડાં પહેરવાની છુટ્ટી મળતી. અપવાસને દહાડે એક તરફ ઝટ દમને આડા પડવાની

ઉતાવળ હોય ને દારોગો પરેડમાં દોઢો વખત લગાડી અમને સતાવે. મન ઊકળી જાય તો યે એ કડવો ઘૂંટડો ગળે ઉતારી અમારે શાંતિ સાચવવી પડતી. ઉપવાસમાં નહાવાનું ન મળતું એ સૌથી મોટો ત્રાસ હતો. આખા દિવસમાં બપોરે જમવાનો ને આરામનો કલાક દોઢ કલાક મળે તેમાં ઊંઘ ખેંચી કાઢતા એટલે ટકી શકાતું.

ઉપવાસો લંબાયા એટલે અધિકારીઓએ ફૂટ પાડવાના પ્રયત્ન આદર્યા. મોટાઓમાંથી પ્રાગજીભાઈ દેસાઇ અને શ્રી મેઢને જુદી એકાંત કોટડીઓમાં પૂર્યા. નાનામાંથી રામદાસ કાકા, રેવાશંકર ને કુપ્પુસ્વામીને જુદા કાઢ્યા, અને એમને અપવાસ છોડવા અનેક રીતે સમજાવ્યા. કાયદા પ્રમાણે આખી રાત કેદીને પડખે ખાવાની થાળી પડી રહેતી, પણ એક આંગળી સુદ્ધાં કોઈ બોળતું નહિ, એક ટંક ભૂખ્યા ન રહી શકનારા ગોરા તથા હબસી જેલ-અધિકારીઓ આટલી ટેક અને કષ્ટસહન જોઇ સ્તબ્ધ બની જતા.

ઉપવાસ, કોદાળીનું કામ અને માથાફાટ તડકો એમાં કેટલુંક ખેંચાય? ત્રીજે ચોથે દિવસથી એક પછી એક, ખેતરનાં કામ કરતાં તમ્મર ખાઇને જમીન પર ઢળી પડ્યા. જેલવાળાઓ ગભરાયા ને ખેતરમાં તડકે કામ કરવાનું બંધ કરાવ્યું. રેવાશંકર જે સૌથી જબરો દેખાતો એ સૌથી વધુ ક્ષીણ દેખાયો એટલે એને ઇસ્પિતાલમાં મોકલવામાં આવ્યો. ત્યાં ચારપાંચ જણાએ સુસ્કેટાટ બાંધી એના ગળામાં દૂધ રેડવા માંડ્યું. પણ રેવાશંકર એમ ગાંજ્યો જાય એવો ન હતો. તેણે ઊબકા કરી બધું બહાર ફેંકી દેવા માંડ્યું. જેલવાળાઓ વધુ આકરા થયા. તેમણે રેવાશંકરના ગળા નીચે રબરની નળી ઉતારી. રેવાશંકરની રાડારાડ કશી કામ ન આવી ને એની હોજરીમાં બળાત્કારે ખોરાક પંપ કર્યો. એ ખોરાકમાં ઈંડાં આપ્યાની શંકા રેવાશંકરને પડી, પણ એ લાચાર હતો.

આમ જ્યારે એક તરફ રેવાશંકરના પેટમાં પંપથી ખોરાક પહોંચાડવાનો બળાત્કાર ચાલતો હતો ત્યારે બીજી તરફ પ્રાગજીભાઇ દેસાઇ પર એક હબસી દરોગો તૂટી પડ્યો. એમને લાત મારી અને પગ પકડી પીઠ-ભર એમને બેચાર ગજ ઘસડી કાઢ્યા. ઉપવાસોનો આ ઇતિહાસ બહુ પુરાણો થઇ ગયો અને તે યે મેં પ્રત્યક્ષ અનુભવેલો નહિ, કેવળ સાંભળેલો. પણ એની



શ્રી મેઢ અને (ઊભેલા) શ્રી રામદાસ ગાંધી

કારમી અસર આજે પણ મને વિસરાઇ નથી. મારા વર્ણનમાં તે તે પ્રસંગોના સમય અને ક્રમમાં કદાચ ફેર પડ્યો હશે, પણ બધી વાતનો સાર એટલો કે નાતાલની સરકાર સત્યાગ્રહી કેદીઓને ઝુકાવવા પોતાનું બધું બળ અને બધી કળ વાપરી રહી હતી અને બીજી તરફ ફીનિક્સવાસી સત્યાગ્રહીઓ અણનમ રહેવાને નરકયાતના સમાણાં દુઃખો સ્વેચ્છાએ ઝીલી રહ્યા હતા. જેલની બહારના લોકો અધીરા થઈ ગયા હતા. ત્યાં સાતમે કે આઠમે દિવસે ખબર ફરી વળ્યા કે સત્યાગ્રહી કેદીઓને ઘી મળ્યું છે અને બીજી ફરિયાદો દૂર થઇ છે.

સત્યાગ્રહની લડાઇનો અંત તો હજુ ક્યાં યે દેખાતો ન હતો, પણ કેદખાનામાં મળેલા આ વિજયે હિંદીઓના ઉત્સાહમાં મોટો ઉછાળો આણ્યો.

ઉપવાસના અંતની વિગત પણ રસભરી છે. એ સાંભળેલી બીના પણ અહીં આપી જાઉં. રેવાશંકર, કુપ્પુ વગેરેનું કહેવું હતું કે પાંચ દિવસ તો અમે તાનમાં ખેંચી કાઢ્યા. પણ પછી અમારા હોશકોશ ઊડી ગયા હતા અને દિલ કરમાવા લાગ્યું હતું. છતાં પણ રામદાસ જરા યે ત્રાસ્યા ન હતા. એમનામાં હજુ ખેંચવાની પૂરી હિંમત હતી. મોટાઓના શા હાલ થયા છે એની અમને ખબર ન પડતી. હજુ કેટલું વેઠવું પડશે એવો ફફડાટ અમને પજવવા લાગ્યો હતો. ત્યાં એક સાંજે જેલર, ગવર્નર અને મૅજિસ્ટ્રેટ આવ્યા અને આવતાંની સાથે ધમકાવવાનું જ શરૂ કર્યું: 'તમે શું સમજો છો તમારા મનમાં? આમ તોફાન કરશો તો હાથે કરી ખુવાર થશો. સરકાર બોલતી નથી ત્યાં સુધી ઠીક છે,

પણ એ આકરી થશે તો એમાં ભારે થઇ પડવાની છે.' ગોરા અમલદારોનું અંગ્રેજી સમજાવવા એક દુભાષિયો (ઇન્ટરપ્રીટર) રીત પ્રમાણે તેમની સાથે આવેલો. એ ત્યાં 'ઇદ્રાપટ' કહેવાતો! સાહેબથી સવાયા લ્હેકામાં તેણે એમની વાતનો અનુવાદ અમને સંભળાવ્યો. 'સુનો, સાહબ બોલતા હૈ તુમ નહિ ખાયગા તો તુમકો સખત સજા હોગા. તુમ ખાઓ નહિ તો સરકાર તુમકો બહુત સજા કરેગી.' આટલું ઉતાવળેથી ધમકીના અવાજમાં સંભળાવી ધીમે સાદે એ પણ સંભળાવી દીધું: 'ઘીકા પરવાના તો આ ગયા હૈ.' વળી ઊંચે સાદેઃ 'લેકિન તુમકો ખાના હી પડેગા. સાહબકું કહ દો કિ હમ ખાવેંગે. માન જાઓ. સાહબકે સામને મત હો.' વળી ધીમેથી: 'ઘીકા પરવાના મિલ ગયા, ફિકર મત કરો.' આમ અમને ધમકી અને ઘી મળ્યાના ખબર એક-સાથે મળ્યા. અમારા ટાંટિયા ગળવા લાગ્યા હતા તે જોર આવ્યું અને અમે સાહેબનું કહેવું રોજની જેમ ઘોળીને પી ગયા ને અમારો નન્નો કાયમ રાખ્યો.

લગભગ ઊંઘવાને સમયે જેલર ફરી તારના સમાચાર લઇને આવ્યોઃ 'અમે મિ. ચિમનીને તમારી ફરિયાદો મોકલી હતી. તમારી કેટલીક માગણી સાચી હતી ખરી, પણ આમ તોફાન કરી માથે વાગી બેસો એ કેમ પોસાય? પણ હવે તમે ઘી લઇ શકો છો. મિ. ચિમનીએ મંજૂરી આપી છે. બોલો શું ખાશો? અત્યારે તો રસોડું બંધ છે એ તમે જાણો જ છો.' અમે આભાર માન્યો અને બીજી સવારે જ પારણાં કરશું એમ કહી શાંતિપૂર્વક સૂતા.

પારણાં કર્યાં, ઘી મળ્યું, રસોડામાં અમારા પ્રતિનિધિ તરીકે શ્રી મેઢ રસોઇ કરાવવા રહ્યા. સફાઇ પણ સુધરી અને અમે થોડા દિવસમાં તાજા થઇ ગયા. ઉપવાસની વાત વિસારે પડી. એ એક વાર્તા બની રહી.'

ઉપવાસની કથા ઉપરાંત જેલવાસીઓના બીજા અનુભવની વાતો પણ ખૂટે એવી નથી. મોટીમોટી યાત્રાના પ્રસંગોથી કેદીજીવનના પ્રસંગો ઓછા નથી હોતા. મને પોતાને જેલ જવાનું મળેલું નહિ એટલે ત્યાંની નાનીનાની વાતોમાં પણ મને ભારે રસ પડતો. જેલ જતા–આવતાઓ પાસે કલાકો સુધી ત્યાંની કથા સાંભળતો. એમાંનું ઘણું આજે ય મગજમાં રમી રહ્યું છે. પણ એ બધું ક્યાં આપવા બેસાય? એક બે કિસ્સા કહી આ પ્રકરણ પતાવું.

દક્ષિણ આફ્રિકાના ગોરાઓને હિંદી લોકોનો ધર્મ એ ન સમજાય એવી ચીજ થઈ પડી હતી. નહાવામાં ધરમ, ખાવામાં ધરમ, ઊઠવાબેસવામાં ધરમ અને સૂતરના બે તાંતણામાં યે ધરમ! જેલમાં ધરમને નામે કેદીઓને ક્યાંકક્યાંક બાખડી પડવાનું પણ શૂર ચડતું અને એની ઓથે તિકડં પણ ચાલતું,–ખાસ કરીને બહારના ખબર સૌને પહોંચાડવામાં. નહાવાનું મળે ત્યારે નહાતા જાય શ્લોક ગાતા જાય ને વચ્ચે એમ પણ ગાઈ દેઃ

'ખબર આજે આવ્યા છે કે બાપુ કૂચ કરતા જાય છે,
સાથે લડતાલી ત્રણ હજાર. કામેં જઇને બેસશે.'

આવા બીજા વિનોદો પણ ચાલતા.

એકવાર અમારે ત્યાં ફીનિક્સમાં રવિવારની રજા માણવા ડરબન જેલનો એક બોર (ડચ) દારોગો આવ્યો. ગોરૂં શરીર ને ઊંચો પહાડ સમો. જેલમાં મારા પિતાશ્રી પરનો એ ચોકિયાત હતો. અમારી પંગતમાં એ ખૂબ રસથી જમ્યો. મારા પ્રત્યે એણે વિશેષ ભાવ બતાવ્યો. મને કહે, 'તારા પિતા જેલમાં બહુ મજામાં છે. તારે એને કંઇ કહેવડાવવું છે?' મને એની સાથે વાત કરવાની હોંશ થતી ન હતી. હું તો એનો ચહેરો જ જોયા કરતો હતો અને વિચારતો હતો કે 'આ માણસ કેવો હશે? અહીં આટલો ડાહ્યો ને ગરવો દેખાય છે, પણ કેદખાનામાં એનો કેવો રૉફ હશે?' મારે કંઇક તો જવાબ આપવો જ જોઇએ, એટલે મેં ટૂંકે પતાવ્યું: 'કહેજે કે અમે મજામાં છીએ.' ધરાઇધરાઇને તેણે અમારી વાડીનાં તાજાંતાજાં ફળ અને મઘમઘતું શાક આરોગ્યાં, અને પછી હાથ મેળવી ચાલતો થયો. બાપને કેદમાં રાખનારા એ મોટા મહેમાનની સ્મૃતિ મારા એ બાળજીવન પર સદા માટે અંકાઈ ગઈ અને ક્રારમા દેખાતા માણસમાં પણ માણસાઈ જેવાની વૃત્તિ વધી.

(ચાલુ)

પ્રભુદાસ છગનલાલ ગાંધી

એક સુધારો

ગયા અંકમાં જે કલાકારનો પરિચય આપ્યો છે તેમનું નામ અબ્દુલ કલામ નહિ પણ અબુલ કલામ છે અને તેમના જન્મની સાલ ૧૯૧૪ નહિ પણ ૧૯૧૬ છે.

કિંમતે મામૂલી પણ ઉપયોગે અણમોલ, આપણો ઘરઘરનો ને નિશદિનનો પરિચિત

કોલસો
અને તેની પેદાશો

ગયા અંકથી પૂર્ણ

ખાણિયા અથવા ખાણોમાં કામ કરતા મજૂરોને મલકટ્ટા કહે છે. દરેક ખાણમાં ૨૫૦ થી ૧૦૦૦ જેટલા મલકટ્ટા કામ કરે છે. મોટી ખાણોમાં ૨૦૦૦થી ૩૦૦૦ પણ હોય છે. તેઓ એક ટ્રૉલી ભરીને કોયલો ખોદી કાઢે ત્યારે તેમને ૭ આના મજૂરીના મળે છે. એક ટ્રૉલીમાં લગભગ પોણો ટન કોયલા સમાય. એક મલકટ્ટો એક પલ્લામાં—એટલે કે આઠ કલાકમાં—પોતપોતાની શક્તિ પ્રમાણે ૧થી ૨ ટ્રૉલી કોયલો ખોદી શકે છે. ખાણની અંદર તો ચોવીસે કલાક અંધારૂં હોવાથી ત્યાં દિવસ-રાતનો તો સવાલ જ નથી. ત્યાં તો હમેશ રાત જ હોય છે. તેથી ખાણનું કામ પણ ચોવીસે કલાક ચાલુ હોય છે. ૨૪ કલાકમાં મલકટ્ટાઓ આઠઆઠ કલાકે ત્રણ વખત બદલાય છે. તેને ત્રણ પલ્લા કહે છે. કોઇકોઇ ઉદ્યોગી મલકટ્ટાઓ એકીસાથે બે પલ્લામાં પણ કામ કરે છે. ખાણની અંદર ફક્ત પુરુષ મલકટ્ટાઓને જ કામ કરવા દેવામાં આવે છે. બે વર્ષથી સરકારી કાયદો થવાથી સ્ત્રી મલકટ્ટાઓને અંદર જવા દેવામાં આવતી હતી. તેઓ ફક્ત ઉપર કામ કરી શકે છે. અંદરનું કામનું સ્થળ ચાનકના નીચેના છેડાથી જેમજેમ વધારે દૂર તેમતેમ મજૂરીનો દર સહેજ વધારે મળે, કારણકે ખોદેલો કોયલો દરેક મલકટ્ટાએ ચાનક સુધી પહોંચાડવો જ જોઇએ. વળી ગૅસવાળી ખાણમાં પણ મજૂરીનો દર વધારે. કોઇ પણ પળે ગૅસ નીકળી આવે તો નક્કી મોત જ આવે.

આ મલકટ્ટાઓ બંગાળી, સંથાલ, માંઝી, બિહારી, ભૈયા, રામપુરી અને બિલાસપુરી જાતિના હોય છે. આ સિવાય ભાગ્યે જ બીજી કોઈ જાતિનો મલકટ્ટો ત્યાં હશે. તેમાં સંથાલ અને માંઝીનું પ્રમાણ વધારે છે. આ મલકટ્ટાઓ રાતના વખતે કોલીઆરી પાસેથી એકાદ બે ટોપલી કોલસાની ચોરી કરી ગામમાં બેત્રણ પૈસે વેચી પોતાની કમાણીમાં વધારો કરે છે. આ ચોરી ત્યાં એટલી વ્યાપક અને જાહેર છે કે આખું ઝરિયા ગામ આ ચોરીનો જ સસ્તો પડતો કોયલો વાપરે છે. ખાણના રખેવાળો તથા અધિકારીઓ પણ તે જાણતા હોવા છતાં તે તરફ આંખમીંચામણાં કરે છે. બેત્રણ પૈસા માટે તેઓ જો મલકટ્ટા સાથે તકરાર કરવા બેસે તો તે જ મલકટ્ટો તેમને હલકા-ઊંચા કોયલા સેળભેળ કરી નાખી વધારે નુકસાન કરી શકે છે. અંદર કામ કરતા મલકટ્ટાઓનું આયુષ્ય જરૂર ઓછું થઈ જાય જ. તેઓ પેટમાં જેટલો ખોરાક ખાતા હશે તેટલો શ્વાસ મારફત કોયલો ખાતા હશે. દરેક ૫૦ અથવા ૧૦૦ મલકટ્ટા ઉપર એક નાનો સરદાર દેખરેખ અને કામનોંધણી માટે હોય છે. બધા સરદારો ઉપર એક મોટો સરદાર હોય છે.

સરકારી કાયદા પ્રમાણે તેઓને બહાર આવે ત્યારે નહાવા માટે મોટા કુંડો હોય છે; પીવા માટે મફત દૂધ મળે છે; અઠવાડિયામાં એક વખત તંદુરસ્તી જાળવવા વગેરે વિષયો ઉપરનાં સિનેમા જોવા મળે છે; રહેવા માટે મફત ઘર મળે છે; બાળવા માટે તો મફત કોયલા મળે જ! માંદગી સમયે ડાક્ટર પણ મળે છે. પરંતુ આટઆટલી સગવડો મળવા છતાં હજી તેઓ પોતાની જૂની ટેવો ભુલી શક્યા નથી. સ્ત્રી તથા પુરુષો બંને દેશી દારૂ, તાડી અને તમાકુ—બીડીનાં વ્યસન છોડી શક્યાં નથી. પૈસો હાથમાં આવે એટલે સીધા પીઠામાં દોડી જાય છે. આજે જો અહીં કૉંગ્રેસ સરકાર ચાલુ હોત તો સંપૂર્ણ દારૂબંધીની નીતિથી તેઓ સુખી હોત. આજે તો તેઓ એટલા બધા ગરીબ છે કે બીજા દિવસે શું ખાવું તેનો તેમને વિચાર થઇ પડે છે. એવે વખતે તેઓ એક પૈસાના ચૂલામાં પાણી ભેળવી તેના ઉપર આખો દિવસ કાઢી નાખે છે.

કોલફીલ્ડના આત્મા સમાન કોલસાની ખાણનો તો આપણે પરિચય કર્યો; હવે તેની પેદાશ એટલે કાચો કોયલો ને તેમાંથી બનતા બીજા માલનો વિચાર કરીએ.

સ્ટીમકોલ

ખાણમાંથી સીધો નીકળેલો અને કંઇ પણ ક્રિયામાંથી પસાર ન થએલો કાચો કોયલો તે સ્ટીમકોલ કહેવાય છે. રેલવેનાં ઍંજિનો, મિલો, કારખાનાં વગેરેમાં આ જ કોયલો કામ આવે છે. તેની હલકી-ઊંચી જાતો ૭થી ૧૭ સીમ વચ્ચે વહેંચાએલી હોય છે. ઘણુંખરૂં ૧૦થી ૧૭ સીમના ઊંચા માલનો જ સોદો થાય છે.

★ કોલસામાંથી પેટ્રોલ ★

પહેલી નજરે તો કોલસા અને પેટ્રોલ વચ્ચે કશું સામ્ય ન જણાય, કારણ કોલસો એ રંગીન ઘન પદાર્થ છે, જ્યારે પેટ્રોલ રંગહીન પ્રવાહી છે. પરંતુ વિજ્ઞાનીઓએ કોલસામાંથી પણ પેટ્રોલ મેળવવાનું શકય બનાવ્યું છે.

કોલસામાંથી પેટ્રોલ મેળવવાની રીતને Hydrogenation (હાઇડ્રોજેનેશન) કહેવામાં આવે છે. હાઇડ્રોજેનેશન એટલે કોલસામાં હાઇડ્રોજન મેળવવો તે. ઘન બળતણ અને પ્રવાહી બળતણ વચ્ચે આમ તો આપણને કશું સામ્ય ન જણાય, પણ જો એ બંનેનું રાસાયણિક પૃથક્કરણ કર્યું હોય તો તરત તેમનું સરખાપણું જણાઇ આવે. એ બંનેના બંધારણનો મુખ્ય ઘટક કાર્બન છે. પેટ્રોલમાં ૮૮ ટકા કાર્બન અને બાકીના ટકા હાઇડ્રોજન છે; જ્યારે કોલસામાં ૮૦ ટકા કાર્બન અને બાકીના ભાગમાં મુખ્યત્વે હાઇડ્રોજન તથા થોડા પ્રમાણમાં નાઇટ્રોજન અને ગંધક પણ છે. કોલસામાંથી આ બીનજરૂરી નાઇટ્રોજન, ગંધક વગેરે કાઢી નાખી તેમાં ખૂટતો હાઇડ્રોજન મેળવીએ એટલે પેટ્રોલ બને.

આ શોધ ઈ. ૧૮૬૮માં એક ફ્રેન્ચ વિજ્ઞાનીએ પ્રથમ બહાર પાડી. પરંતુ ત્યાર પછીનાં ૪૦ વર્ષ સુધી એ પ્રયોગશાળામાં જ પુરાઇ રહી. એ ખરા ઉપયોગમાં ૧૯૧૨થી મુકાઈ. જર્મનીએ ૧૯૨૬માં તે માટે એક જબરૂં કારખાનું ઊભું કર્યું અને આજે તે એ રીતે લાખો ગૅલન પેટ્રોલનું ઉત્પાદન કરે છે. ૧૯૨૯માં ઈંગ્લંડે પણ તેનું અનુકરણ કર્યું.

હવે આપણે પેટ્રોલ સારવવાની ક્રિયા તરફ વળીએ. પહેલાં તો કોલસાની વસ્ત્રગાળ ભૂકી કરી નાખી તેને heavy Oil (હેવી ઑઈલ) નામના એક વિશિષ્ટ પ્રકારના તેલ સાથે મેળવી તેની લાહી–paste બનાવે છે. એ લાહી પછી એક મોટા નળામાં ગરમ કરવા મૂકી નળાને ફાટો મારી દે છે. ત્યારબાદ તેના પર દર ચોરસ ઇંચે ૩૫૦૦ રતલનું દબાણ આણી નળામાં હાઇડ્રોજન છોડવામાં આવે છે. પણ બંનેનું એકાએક મિશ્રણ નથી થઇ જતું. એમનું એકીકરણ કરવા માટે એક ત્રીજા પદાર્થની જરૂર પડે છે જેને સહાયક (catalytic agent) કહેવામાં આવે છે.

આ બંને પદાર્થનું એકીકરણ થતાં બહુ વખત લાગે છે, અને એ વેળા ઉત્પન્ન થતી ગરમી ઊકળતા પાણીની ગરમીથી ચારપાંચગણી હોય છે. એને પરિણામે અર્ધ-પ્રવાહી તેલ તથા થોડોક ગાળ બાકી રહે છે. એ ગાળને ઑઈલરોમાં બાળવાના કામમાં લેવામાં આવે છે, જ્યારે તેલના મિશ્રણને તેનું બાષ્પીભવન થઇ જાય ત્યાં સુધી ગરમી આપવામાં આવે છે. આ જે બાફ હોય છે તે કાચા તેલ (crude oil)ની હોય છે. એક નળીમાં તેને ઠંડી પાડી પુનઃ પ્રવાહી બનાવવામાં આવે છે, ને એમાંથી પછી એવી જ પ્રક્રિયા મારફત પેટ્રોલ સારવવામાં આવે છે.

૭થી ૧૦ સીમનો માલ કાઢતી ખાણો સેકંડ ક્લાસ ખાણો કહેવાય છે તથા ૧૦થી૧૭ કાઢતી ફર્સ્ટ ક્લાસ કહેવાય છે.

સ્ટીમકોલમાં પીળા ડાઘ (water mark)વાળો, પથરીલો (stone), આમડી (plate)વાળો વજનમાં ભારે તથા દેખાવમાં જ ખરાબ લાગતો કોયલો 'રિજેક્ટેડ' —નકામો—ગણી કાઢી નાખવામાં આવે છે અને સીધા બળતણના કામ માટે તે નકામો હોવાથી, તેનો સૉફ્ટ કોક બનાવવામાં આવે છે.

૧૦થી ૧૭ સીમનો કોયલો ચકચકતો, વજનમાં હલકો, (અંદર પથ્થરનો ભાગ ન હોવાથી) તથા દેખાવમાં જ સારો હોય છે. તેમાં પણ ગોળ જાત સૌથી વખણાય છે. તે ગોળ કોયલાને ભાંગવાથી ટુકડા નથી થઈ જતા, પણ ઉપરનાં પડ તૂટી જઈ અંદરથી ગોળાકાર જ દેખાય છે. ભાંગવા છતાં પણ તે પોતાની ગોળાઇ મૂકતો નથી.

સૉફ્ટ કોક

રિજેક્ટેડ, મિક્સ તથા ૭થી ૧૦ સીમનો હલકો કોયલો પહેલાં ભઠ્ઠીઓમાં બાળવામાં આવે છે અને તેના ઉપર રાખ નાખી તેને ઝાંપી દેવામાં આવે છે. પછી કોયલાની જાત પ્રમાણે અંદર ને અંદર તેને ૨૪ થી ૭૨ કલાક સુધી બળવા દેવામાં આવે છે, અને તેમાંનો બધો ધુમાડો નીકળી ગયા પછી, તેને પાણીથી ઠારી નાખવામાં આવે છે. આ થયો સૉફ્ટ કોક. તેને જ્યારે ફરીથી બાળવામાં આવે ત્યારે તે ધુમાડો કરતો નથી. કલકત્તામાં અને મધ્ય હિંદુસ્તાનમાં લગભગ ૯૫ ટકા આ જ કોયલો ઘરકામ માટે વપરાય છે. સ્ટીમકોલનો ભાવ ઝરિયા ડિલિવરી, હલકી-ઊંચી જાત પ્રમાણે ટનના રૂ. ૧ાથી ૪ા સુધી આવે છે. મુંબઈ, કરાંચી, અમદાવાદ વગેરે શહેરોમાં આ જ સ્ટીમકોલ, રેલવેનૂર વધી જવાથી, ૨૦થી ૩૫ રૂપિયે ટન પડે છે. સૉફ્ટ કોકનો ભાવ ઝરિયા ડિલિવરી, ટનના રૂ. ૭થી ૧૫ સુધી આવી શકે છે.

હાર્ડ કોક

આ જાત પણ સ્ટીમકોલમાંથી જ બનાવવામાં આવે છે. સ્ટીમકોલના મોટામોટા ટુકડાઓનો પહેલાં મશીનથી ભૂકો બનાવાય છે. પછી પાકા ચણેલા બંધ ભઠ્ઠાઓમાં, ઉપરનાં બાકોરાંમાંથી તે ભૂકો ભઠ્ઠાઓમાં નાખવામાં આવે છે. ને પછી ઉપરના એ બાકોરાંને

★ આપણા રાષ્ટ્રમાં કોલસો ★

હિંદુસ્તાનના અનેક બ્રિટિશ પ્રાન્તોમાં ને દેશી રાજ્યોમાં કોલસાની ખાણો આવેલી હોવા છતાં તેની નીપજ દેશના માત્ર એક ખૂણામાં—બિહાર અને બંગાળમાં—જ અટવાઇ રહી છે. દેશ આખાની કુલ નીપજમાં ૮૫ ટકા જેટલો જ એનો ફાળો છે. આનું પરિણામ એ આવ્યું છે કે આપણા દેશની ઘણીખરી કાપડની મિલો, કાગળની મિલો, ચામડાંનાં કારખાનાં, કાચનાં, સીમેન્ટનાં ને ખાંડ વગેરેનાં કારખાનાં એ જ પ્રાંતોની આસપાસના ૫૦૦ માઈલ જેટલા વિસ્તારમાં જ સીમિત બન્યાં છે. હદ ઉપરાંતની આ એકસ્થ પ્રવૃત્તિ હિંદુસ્તાનના બીજા પ્રાંતોના ઉદ્યોગવિકાસમાં બાધક નીવડે એ દેખીતું છે. દાખલા તરીકે મદ્રાસ ઈલાકો લોઢાની ખાણોથી સમૃદ્ધ છે, છતાં તે તેનો લાભ નથી ઉઠાવી શકતું, કારણ બંગાળ ને બિહારથી કોલસાની આયાતનો ખર્ચ તેને બહુ ભારે પડી જાય છે. એવી જ બીજા પ્રાંતોની ફરિયાદો ત્યારે જ દૂર થઇ શકે, કે જ્યારે રેલવે કંપનીઓ પોતાનાં ઊંચાં નૂરો ઘટાડી નફાખોરીની દાનત જતી કરે.

હિંદુસ્તાનનો બધા પ્રકારના કોલસાનો કુલ જથ્થો જોઇએ તો ભાગ્યે જ ૬૦ અબજ ટન થવા જાય. બીજા દેશો સાથે સરખાવીએ તો એ જથ્થો અમેરિકાના કોલસાના જથ્થાનો ૬૪મો ભાગ, કૅનૅડાના જથ્થાનો ૨૦મો ભાગ, બ્રિટનના જથ્થાનો ૩જો, જર્મનીનાનો ૭મો, ચીનનાનો ૧૬મો, મંચૂરિયાના તેમજ ઑસ્ટ્રેલિયાના જથ્થાનો ૩જો ભાગ થયો. આમ બીજા દેશોના મુકાબલે હિંદનો જથ્થો પ્રમાણમાં રંક છે, તેમ ગુણે યે રંક છે. ઍન્થ્રેસાઈટ કે હાઇ કાર્બન બિચ્યુમિનસ કોલસો તો હિંદમાં છે જ નહિ. એનો ઊંચામાં ઊંચો લેખાતો કોલસો લઇએ તો ભાગ્યે તેનો જથ્થો ૫ અબજ ટન થવા જાય છે, જે આજના જ અનુક્રમેથી ખોદાતો રહે તો ૧૦૦ વરસમાં ખલાસ થવા આવે. અને કોકિંગ કોલસો તો ભાગ્યે ૩૩ વરસ જ ચાલે એટલો છે!

પરંતુ આ તો એની કુદરતી આયુમર્યાદા થઇ. એની નીપજમાં આજે જે બગાડ અને ગેરવ્યવસ્થા ચાલે છે તે એ આયુમર્યાદા એથી પણ ઘટાડતાં આવે છે. વળી કોલસામાંથી આજના ઉદ્યોગોમાં આગળપડતું સ્થાન પામેલી જે અનેક ગૌણ પેદાશો નીપજે છે તેના તરફ તો નથી એ કોલસાની ખાણોના માલિકોએ ધ્યાન આપ્યું કે નથી સરકારે. સરકારે કોલસાનું એ બહોળું ઉદ્યોગક્ષેત્ર વિસ્તારવા આર્થિક મદદ આપી, વહેલામાં વહેલી તકે એ હિતાવહ પગલું ભરવું જોઇએ ને તેનો અપવ્યય અટકાવવા તેની નીપજ અને વેચાણનીતિ પર અંકુશ મૂકવા ર્‌હેનિશ વેસ્ટફાલિયન સીન્ડીકેટ જેવી સીન્ડીકેટ સ્થાપવી જોઇએ.

(મહાસભાએ સ્થાપેલી 'નેશનલ પ્લૅનિંગ કમિટી' પર ડૉ. બલરાજ શેઠે મોકલાવેલા રીપોર્ટમાંથી)

માટીથી બરાબર બંધ કરી લઇ બાજુના એક બાંકોરામાંથી એ ભૂકાને આગ દઇ પછી એ બાકોરાને પણ માટીથી પૅક કરી લેવામાં આવે છે. ધુમાડો નીકળી જવા માટે ઉપર એકાદ નાની ચીમની હોય છે. સ્ટીમ કોલની હલકી-ઊંચી જાત પ્રમાણે તેને ૨૪થી ૭૨ કલાક સુધી બળવા દે છે. બરાબર પાકી ગયા પછી બાજુના દરવાજા ખોલી નાખી લાલઘૂમ કોયલો બહાર કાઢે છે. હવે તેમાંથી ધુમાડો તથા ભડકો બંને નીકળી ગયા હોય છે. આ પછી તેના પર નળ વાટે પાણીનો સતત મારો ચાલુ રાખી તેને ઠારી નાખે છે. અને તેમાં બેથી ત્રણ કલાક તો સ્હેજે નીકળી જાય છે. આ ઠરેલો કોયલો ગાંગડા નહિ પણ પડ રૂપે હોય છે. તેને નક્કી કરેલા કદ પ્રમાણે હથોડા અથવા મશીનથી ભાંગી નાખવામાં આવે છે. આ થયો હાર્ડ કોક.

હાર્ડ કોકને બાળતાં તે ધુમાડો કરતો નથી. તેની ગરમી સ્ટીમકોલ કે સૉફ્ટ કોક કરતાં ૩થી ૪ગણી હોય છે. ૧૦થી ૧૭ સીમની સ્ટીમની ભૂકીમાંથી તે બનાવેલો હોવાથી તે સૉફ્ટ કોક કરતાં ઘણો મોંઘો હોય છે. રિજેક્ટેડ અથવા હલકા સ્ટીમમાંથી તે બની શકતો નથી. આ જાત લોઢું અથવા બીજી ધાતુઓ ગાળવાના કામમાં વપરાય છે. જમશેદપુરની ટાટા કંપની હાર્ડ કોક ઘણો વાપરે છે. તેનો ભાવ ઝરિયામાં ટનના રૂા. ૧૩થી ૨૩ સુધી આવી શકે છે. આ માલમાં ફુલવાળો તથા રંગે સહેજ સફેદ હાર્ડ કોક સૌથી વધારે ભાવ લાવે છે. લોદના સ્ટેશનનો હાર્ડ કોક વખણાય છે.

કોલડસ્ટ

કોલડસ્ટ એટલે કોયલાનો ભૂકો. ખાણમાંથી કોલસા કાઢતાં જે ભૂકો થાય તે પણ બીજા મોટા કોલસા સાથે બહાર નીકળે છે અને બહાર મોટા કોયલા નીકળ્યા પછી તેને ભાંગીને પણ કોલડસ્ટ બનાવવામાં આવે છે. આ ડસ્ટ, હાર્ડ કોક બનાવવામાં તથા ઈંટો તેમજ ચૂનો પકવવાના ભઠ્ઠામાં કામ આવે છે.

સ્ટીમકોલમાંથી બનતા સૉફ્ટકોક ને હાર્ડ કોકનો આપણે પરિચય કર્યો. હવે તેમાંથી બનતી બીજી વૈજ્ઞાનિક વસ્તુઓનો વિચાર કરીએ. ઝરિયાના માઇનફીલ્ડમાં આવી વૈજ્ઞાનિક વસ્તુઓ બનાવતાં ફક્ત બે જ કારખાનાં છે. બંને યુરોપિયન માલિકીનાં છે: લોદના કોક પ્લાન્ટ ને બરારી કોકપ્લાન્ટ. લોદના કરતાં બરારી

કોકપ્લાન્ટ મોટો ને વિશેષ વૈજ્ઞાનિક વસ્તુઓ નિપજાવે છે.

બરાલી કોકપ્લાન્ટ

ઝરિયાથી ચારેક માઈલ દૂર બરાલી ગામ પાસે આ કોકપ્લાન્ટ છે. પહેલાં તો તેની રચના તપાસીએ.

ફૅક્ટરીમાં, રેલવે લાઇનની બાજુમાં જ જમીનની અંદર જાળી ગોઠવેલી છે. રેલવે વૅગનમાંથી કોલડસ્ટ પરબારી તે જાળી ઉપર નાખવામાં આવે છે, જેથી ઝીણો માલ તેમાંથી ચળાઇને જમીનની અંદર આવેલા 'પૅન્સ'માં પડે છે અને જાડો માલ જે ઉપર રહી જાય છે તે જુદો કાઢી લેવામાં આવે છે. મશીન ચાલુ થતાં જમીનની અંદરના પૅન્સ ઉપર ચડવા માંડે છે તથા એકદમ ઊંચે કોલટાવર ઉપર પહોંચે છે. ત્યાં વળી તે મશીનથી પિસાય છે. એવી રીતે ઉપરથી ધીમેધીમે ત્રણચાર ઠેકાણે પિસાતીપિસાતી તે ભૂકી નીચે ટ્રૉલીમાં પડે છે અને ટ્રૉલી મારફત તેને ભઠ્ઠા પાસે લઈ જઈ અંદર નાખવામાં આવે છે. ત્યાંનો દરેક ભઠ્ઠો ૧૦ ટન ભૂકી સમાવી શકે છે. આવા કુલ ૧૬ ભઠ્ઠા ત્યાં છે. એમાં સ્ટૅંડર્ડ માલને લગભગ ૪૦ કલાક સુધી બંને બાજુથી ગૅસની નળી વાટે ગૅસની ગરમી આપવામાં આવે છે. બીજી કોઈ જાતની આગ તેને દેવાતી નથી. ૪૦ કલાક પછી ડસ્ટ પાકી ગયા બાદ તેને બહાર કાઢી પાણીના મારા વડે ઠંડી પાડી તેનાં પડોને હથોડાથી જોઇતા કદ પ્રમાણે ભાંગી હાર્ડ કોક બનાવવામાં આવે છે. મોટા ટુકડા ભાંગતાં જે થોડાઘણા નાના ટુકડાઓ (કાંકરા જેવા) પણ થઇ જાય છે તેને 'રબલ્સ' કહે છે. તે લોઢા તથા પિત્તળનાં નાનાંનાનાં કારખાનાંઓમાં કામ આવે છે. તેનો ભાવ ફૅક્ટરી ડિલિવરી ટનના રૂા. ૧૦ આવે છે. મોટા ટુકડા જે હાર્ડ કોક કહેવાય છે તેનો તેમને રૂા. ૧૮નો ભાવ ઊપજે છે. તેમના ઘણાખરા માલનો કૉન્ટ્રૅક્ટ પહેલેથી જ તાતા કંપની સાથે થઈ ગએલો હોય છે.

આ હાર્ડ કોક બનાવવાના ભઠ્ઠાઓમાં ઉપરથી ધુમાડો નીકળી જવા માટેની ચીમનીઓ બીજી ચાલુ ચીમનીઓ જેવી ખુલ્લી નથી હોતી. તેનો ધુમાડો નકામો આકાશમાં ચાલ્યો જવા ન દેતાં તેમાંથી વૈજ્ઞાનિક રીતે કૈંક વસ્તુઓ બનાવવામાં આવે છે.

પહેલાં ધુમાડાને ચીમનીમાંથી નળી દ્વારા આગળ લઇ જઇ તેને પાણીથી ઠંડો પાડે છે, અને અમુક ક્રિયાઓમાંથી પસાર કરી તેમાંથી કોલટાર (ડામર), રોડટાર તથા પીચ બનાવે છે. બાકી વધેલો ધુમાડો ફરી નળીવાટે આગળ એક કારખાનામાં લઇ જઇ ત્યાં તેમાંથી ગૅસ છૂટો પાડી લે છે તથા બાકી રહેલા ગૅસ વગરના ધુમાડામાંથી 'ઍમોનિયમ સલ્ફેટ' બનાવે છે. આ કાચા ઍમોનિયમ સલ્ફેટને અમુક ક્રિયાઓમાંથી પસાર કરી સફેદ દૂધ જેવું બનાવીને તેને બજારમાં વેચવામાં આવે છે. ખેતરમાં તે ઉત્તમ ખાતરનું કામ આપે છે. તદ્દન રેઢિયાળ જમીન ઉપર પણ તે સારામાં સારો પાક ઉત્પન્ન કરી શકે છે.

હવે છૂટા પાડી દીધેલા ગૅસને પાઇપ દ્વારા આગળ લઇ જઇ સ્ટીમથી ગરમ કરીને તેમાંથી નેપ્થા સારવી લેવામાં આવે છે. જેમાંથી ફીનાઈલ બને છે.

નેપ્થા છૂટો કરી લીધા પછી બાકી રહેલો ગૅસ પાઈપ દ્વારા આગળ લઈ જઈ તેમાં સેલ્ફ્યુરિક ઑઇલ મેળવીને ગરમ કરવાથી તેનો હલકો ભાગ વરાળ બની જાય છે અને ગૅસ રહી જાય છે. આ ગૅસની હવે કંઈ જરૂર ન હોવાથી તેને પાછો પાઇપ દ્વારા હાર્ડ કોકના ભઠ્ઠાઓમાં કોલડસ્ટને ગરમી આપવામાં તેમજ બીજાં બધાં કેમિકલ કારખાનાંઓમાં એવા જ કામમાં લેવામાં આવે છે. એ રીતે જોઇતાં રસાયણો બનાવી લીધા પછી આ ગૅસને નકામો ન જવા દેતાં છેવટ સુધી તેનો ઉપયોગ કરવામાં આવે છે.

ઉપર જણાવેલા ગૅસ અને સેલ્ફ્યુરિક ઑઇલના મિશ્રણને ગરમ કરી બનાવેલી વરાળ 'વેપર'ને પાછી ઠંડી કરવામાં આવે છે અને તેને અમુક ક્રિયામાંથી પસાર કરાવી તેમાંનાં પાણી અને તેલ જુદાં પાડવામાં આવે છે. આ જુદું પાડેલું ઑઇલ તે બેન્ઝોલાઇઝ્ડ ઑઈલ છે. તેને પાછું વિશુદ્ધ કરી ક્રૂડ બેન્ઝોલ બનાવવામાં આવે છે, જે જરાક મેલાશ ઉપર હોય છે. આ ક્રૂડ બેન્ઝોલને પાણી, ઍસિડ અને સોડાથી ધોઇ સફેદ ચકચકતું બનાવવામાં આવે છે. આ છેલ્લું પ્રવાહી તે 'મોટરસ્પીરીટ' અથવા પેટ્રોલ, જે મોટરો, વિમાનો તથા પેટ્રોલથી ચાલતા મશીનોમાં કામ આવે છે.

આવી રીતે આ ફૅક્ટરી ખાણમાંથી નીકળતા કાચા કોયલામાંથી દુનિયાને ઉપયોગી એવી હાર્ડકોક, ડામર, ઍમોનિયમ સલ્ફેટ, નેપ્થલીન, ફીનાઇલ, પેટ્રોલ વગેરે વસ્તુઓ બનાવે છે.

દેવજી માવજી ટોપરાણી

Our Friends Abroad

—આ પત્ર મેળવનાર: વિનુ મહેતા–મુંબાઇ—

૧૦૦૪ ક્રાંક્લૅંડ સ્ટ્રીટ
વાલાવાલા, વૉશિંગ્ટન (યુ.એસ.એ.)

પ્રિય વિનુ,

તમારા પોસ્ટકાર્ડ માટે આભારી બનું છું, પણ તમે જણાવો છો તે પત્ર અને 'હરિજન' મળ્યાં નથી.

મારો છેલ્લો પત્ર લખાયા પછી તો દુનિયામાં કૈંક ઐતિહાસિક બનાવો બની ગયા. ફ્રાન્સ પડયું અને ખાસ યુદ્ધનો આરંભ એ મહત્ત્વની બીનાઓ છે. અમેરિકાનો મોટો ભાગ બ્રિટિશ રાજ્ય જીત મેળવે એવું ઈચ્છનારો છે, કારણકે જર્મન જીત થાય તો પછી આ દેશનો જ વારો આવે.

તમે છાપાંઓમાં વાંચ્યું હશે કે યુનાઇટેડ સ્ટેટ્સ તેના શાંતિભર્યા કાળમાં લશ્કરભરતી હુકમ પહેલી જ વાર અમલમાં લાવે છે. જેના પર કોઇનો આધાર હોય તે સિવાયના ૧૮થી ૪૦ વર્ષના દરેક જણને એક વર્ષ લશ્કરની નોકરી ભરવી પડશે. મને લશ્કરી અમલ પસંદ નથી, પણ તે એક અનિવાર્ય અનિષ્ટ છે. એક વર્ષની નોકરી પૂરી થતાં માણસ છૂટો થાયછે, પણ યુદ્ધ ચાલુ હોય તો તેને ફરી બોલાવી શકાય.

મારો છેલ્લો પત્ર લખાયા પછી શાળા એકવાર બંધ થઇ અને પાછી ઊઘડી યે ખરી. હું બધા જ વિષયોમાં પાસ થયો અને હવે હું નીચેના વિષયો લેવાનો છું: ટાઇપિંગ, આજનો ઇતિહાસ, બૅન્ડ, વક્તૃત્વ અને ફ્રેન્ચ. ફ્રી સ્કૂલિંગ (મફત અભ્યાસ)નું મારૂં આ છેલ્લું વર્ષ છે અને કૉલેજમાં તો મારે પૈસા ભરવા પડશે. પરંતુ મારી પાસે પૂરતા પૈસા નથી, એટલે કૉલેજના ઘણા વિદ્યાર્થીઓની જેમ મારે કંઇક કામ મેળવીને વર્ષ કાઢી લેવું પડશે. અમારા દેશમાં કોઈપણ કામ કરી શકે એમ હોય તો તે કૉલેજની કેળવણી પામી શકે છે. હાઇસ્કૂલમાં એક વર્ષ મારે વધારે કરવું હોય તો થઈ શકે, પણ કૉલેજમાં દાખલ થવાને ચાર વર્ષનો કોર્સ પૂરતો છે.

તમે કયા ધંધાઓમાં જવાનું પસંદ કરો છો? મેં હજુ કશું નક્કી કર્યું નથી, પણ બે મુખ્ય સંભવિતતા છે: ધારાશાસ્ત્ર કે શિક્ષણશાસ્ત્ર. ગયા ઉનાળામાં મને એક છાપાની ફેરી મળી હતી. હજુ પણ તે ચાલુ છે. તેના મને ૨૨ ડૉલર મળે છે. રોજ બપોરે ૩ાથી ૫ સુધીમાં હું છાપાં વહેંચવા જાઉં છું. ફક્ત રવિવારે સવારમાં ૩ાથી ૬ જવું પડે છે. અઠવાડિયામાં દર ત્રીજી સવારે હું જાહેર ખબરોનું લખાણ પહોંચાડું છું. આ મળતરમાંથી હું કૉલેજનો ખર્ચ બચાવી કાઢું છું.

શાળા શરૂ થાય તે પહેલાં બેત્રણ દિવસમાં છોકરાઓ પોતાના eordury pants ખરીદવા માંડે છે. આ પૅન્ટ તપખીરિયા, લીલા, આછા તામ્રવર્ણા કે પીળા રંગોમાં મળે છે. ગમે તે એક રંગમાં અમને તે મળે છે. અમે વહેલાં ખરીદી રાખીએ છીએ એટલા માટે કે શાળામાં પહેરતાં પહેલાં મેલાં બની જાય. બહુ ચોખ્ખાં પહેરવાં એ વળી અજુગતું લેખાય છે. જેમ જૂનાં અને મેલાં તેમ સારૂં.

અમારા દેશમાં આવતે મહિને પ્રમુખની ચૂંટણી થવાની છે. ઉમેદવારો આખા મુલકમાં ઘૂમી રહ્યા છે. ભાષણો કરે છે કે અમારી પાસે સત્તા આવે તો આમ કરીએ ને તેમ કરીએ. સામાવાળા આવશે તો કેવાં નુકસાનો થશે તે પણ વર્ણવે છે. અમારે ત્યાં બે મોટા પક્ષો છે: રીપબ્લિકન અને ડેમૉક્રૅટ. આજકાલ ડેમૉક્રૅટ જોરમાં છે અને તેમનો મુખ્ય સત્તાધીશ પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટ છે. તે આ વખતે ત્રીજી વાર પ્રમુખપદ માટે ઉમેદવાર છે. રીપબ્લિકનોએ તેમના તરફથી મિ વેન્ડેલ વિલ્કીને આગળ ધર્યા છે તે પહેલાં ડેમૉક્રૅટ હતો, પણ રૂઝવેલ્ટની નીતિ તેને અનુકૂળ ન લાગવાથી રિપબ્લિકનોને મળી ગયો.

અમારા રાજબંધારણમાં કોઈ પ્રેસિડેન્ટને ત્રીજી વાર ચૂંટાવાની મનાઈ નથી, છતાં અમારા પહેલા પ્રેસિડેન્ટ વૉશિંગ્ટને એ પ્રથા અંગીકાર નહિ કરેલી. કદાચ એમાંથી પાછી રાજાઓની રીત પર ચડી જઇએ તો? ત્યાર પછી કોઈ પ્રેસિડેન્ટ ત્રીજી વાર આગળ આવ્યો નથી; માત્ર આ વર્ષે રૂઝવેલ્ટે જ આગ કર્યું છે. આથી ડેમૉક્રૅટોમાં ફાટ પડી છે. પણ નવેમ્બર સુધી સમજ નહિ પડે કે તે ચૂંટાશે યા નહિ. હું પોતે તો વિલ્કીને પસંદ કરૂં છું; ભલે તે રીપબ્લિકન પાર્ટીનો રહ્યો. તેણે કદી રાજ્યદ્વારી જગ્યા મેળવી નથી, પણ તેના વિચારો પાકા છે. બે પક્ષો વચ્ચે મુખ્ય મતભેદ તો આ ત્રીજીવારની ચૂંટણી સંબંધેનો જ છે. બંને બાજુનાં થાણાં બધાં શહેરો અને ગામોમાં છે. ત્યાંથી તમે જેને મત આપવા ચાહતા હો તેના બિલ્લા મળે છે. વિલ્કીનાં પ્રચારવાક્યો આવાં છે: 'વિલ્કીને વિજય અપાવો, વિલ્કીને સાથ આપો. વિલ્કી અને મૅકનેરીમાં પ્રજાની આશા છે. હું ત્રીજીવારની ચૂંટણીની સામે છું. ઈ.'

ડયુવે રીપબ્લિકનોની પસંદગી પામશે એમ ધારૂં છું. પણ સભામાં દરેક પક્ષે પોતાનાં નામો આપ્યાં ત્યારે ડયુવે પહેલી બેવાર તો આગળ આવ્યો, પણ ૬ઠ્ઠી અને ૭મી બે ફેરીમાં વિલ્કીનો કાળો ઘોડો ચૂંટણી પૂરતા ૫૧ ટકા મત ખેંચી ગયો. રૂઝવેલ્ટ તેની સામે પહેલી બૅલટ વેળા ૧૨૦૦માંથી તેના કરતાં ૧૭૫ વધુ મતે ચૂંટાયો હતો.

હું હવે બંધ રાખું છું, પણ તમે કૃપા કરી જલદી લખજો. હિંદમાંની તમારી શાળાપ્રણાલિ વિષે કંઈક લખો ને? એ વિષયમાં મને બહુ જ રસ પડશે.

તમારો અમેરિકન મિત્ર
Ted Rich

પંચતંત્રની વાર્તાઓ

ત્રીજું તન્ત્ર · સન્ધિવિગ્રહ અથવા કાકોલૂકીય

હવે આ સન્ધિવિગ્રહ નામે ત્રીજું તન્ત્ર આરંભાય છે, જેનો આ પ્રથમ શ્લોક છે:

રાખવો નહિ વિશ્વાસ મિત્રતાગત શત્રુમાં ।
ઘૂડપૂર્ણ ગુહા બાળી કાગડે આગ ચેતવી ॥

રાજકુમારોએ પૂછ્યું: 'એ કેમ?' વિષ્ણુશર્મા કહે:

એક વનમાં મોટો વડ હતો જે પક્ષિશબ્દે કરીને જાણે પથિકોને વિસામો ખાવા બોલાવતો હતો. ત્યાં સહસ્ર કાગડાના પરિવારવાળો મેઘવર્ણ નામે તમાલ-શામળો વાયસરાજ રહેતો હતો. એનાથી થોડે આઘે ગિરિગુહામાં હજાર ઘૂડના પરિવારવાળો અરિમર્દન નામે ઉલૂકરાજ વસતો હતો. એ એકવાર સહજવેરને કારણે રાતવેળાએ મોટા ઘૂડસંઘ સહિત કાગડાઓ ઉપર તૂટી પડ્યો ને અનેક કાગડાનું કદન કરીને પાછો ગયો.

બીજે દિવસે પ્રભાતે, હણાતાં શેષ રહેલા, ભાંગેલ ચાંચ પાંખ ને ચરણવાળા તથા બીજા કાગડાઓની ભાળ લીધા પછી મેઘવર્ણ મન્ત્રીઓ હારે એકાન્તમાં



મંત્રણા કરવા મંડ્યો, ને બોલ્યો, 'આ શત્રુની તરત પ્રતિક્રિયા કરવી જોઇએ. કહ્યું છે, કે

જન્મતાં વેંત જે શત્રુવ્યાધિને શમવે નહિ ।
અતિપુષ્ટાંગવાળો યે તે એનાથી હણાય છે ॥

એટલે વિચાર કરીને ઝટ બોલો, કે એનો ઘાત કયા ઉપાયથી કરવો.'

મેઘવર્ણના ઉજ્જીવી, સંજીવી, અનુજીવી, પ્રજીવી ને સ્થિરજીવી નામે પાંચ મન્ત્રી હતા, તેમાંથી ઉજ્જીવી કહે, 'શત્રુ બળવાન્ છે, પણ કદાચ આપણા સમાન હોય તો પણ સંધિ ઇષ્ટ છે, કારણ યુદ્ધમાં વિજય સંદિગ્ધ રહે છે. બૃહસ્પતિ કહી ગયો છે કે સંશયવાળું કામ કરવું નહિ. નેતરના જેવી વૃત્તિ રાખવી, સર્પના જેવી નહિ.'

સંજીવી કહે, 'સંધિ મને ન રુચે, કારણ પાણી ગમે એવું તપ્યું હોય તો પણ અગ્નિને હારે જ છે. એટલે વિગ્રહ કરવો એવી મારી મતિ છે. વનમાં રહીને હરણનાં બોટેલાં પાણી પીવાં એ સારું, પણ પ્રભુત્વરસના સ્વાદિયાએ શત્રુઅધીન રહેવું નહિ સારું. શત્રુ બળવાન્ છે તો શું થઈ ગયું? નાનો સિંહ ઉત્સાહશક્તિસંપન્ન હોય છે તો મોટા હાથીને મારે છે. અને બળથી અવધ્ય રિપુને, ભીમે કીચકને માર્યો તેમ, કળ કરીને માયાથી મારવા.'

અનુજીવી કહે, 'રાજન્, સંધિવિગ્રહ અજુક્તાં છે, ને મને તો યાન ઠીક લાગે છે. શત્રનું બળ જોઈને યુધિષ્ઠિર જેવાએ પણ દેશત્યાગ કર્યો હતો.'

પ્રજીવી કહે, 'દેવ, આણે વિદેશગમન કરવા કહ્યું, પણ એમ ઝટપટ ગઢનો પરિત્યાગ ન કરવો ઘટે. મારું મત એવું છે કે દુર્ગમાં સ્થિર આસન કરીને આપણે લડવું. સ્વસ્થાને રહેલો મગર ગજેન્દ્રને પણ ખેંચી જાય છે; પણ એ જ જો સ્થાનભ્રષ્ટ થાય તો કૂતરા આગળ પણ હારી જાય છે. પોતાને સ્થાને રહીને એક જણ સો જણની સામે પણ ટકર ઝીલે છે.'

સ્થિરજીવી કહે, 'મને સંશ્રય ગમે છે. માણસ સમર્થ ને તેજસ્વી હોય તો પણ બીજાની સહાયતા વિના એ શું કરે? પવન નથી હોતો તો સળગેલો અગ્નિ પણ એની જાણે

હરી જાય છે. એટલે કોઇ બળિયાનો આપણે આશરો લેવો.'

પાંચેનાં મત જાણીને મેઘવર્ણે પિતાના દીર્ઘાયુષી પ્રધાન ચિરજીવીને કહ્યું, 'તાત, હવે તું કહે કે શું કરવું.' ચિરજીવી કહે, 'આ ભાઇઓએ મને બોલવા સારુ અવકાશ રહેવા દીધો નથી, પણ બળવાન શત્રુ હારે વિરોધ કરવો તે હાથી હારે ચરણયુદ્ધ કરવા જેવું છે. કહ્યું છે, કે

પોતાનું પારકું તેમ ન વિચારી બલાબલ ।
ઝૂઝવા મંડતો જે તે નોતરે માત્ર નાશને ॥

આપણામાં યુદ્ધ કરવાનું સામર્થ્ય નથી, અને આ યુદ્ધકાળ પણ નથી. વિચાર કરીને કામ કરે એને, મહોદધિને નદીઓ ભજે છે તેમ, સંપત્તિઓ ભજે છે. જો યુદ્ધ થાય એમ નથી તો સંધિ પણ સહજવેરી હારે અશક્ય છે. એટલે મારી વાત સાંભળવી હોય તો આપણે એકાન્તે બેસિએ, કેમકે વાત છ કાને ગઈ એટલે ફૂટી સમજવી.'

રાજા ને ચિરજીવી બે જ રહ્યા એટલે મેઘવર્ણે પૂછયું, 'બાપુ, આ ઘૂડ હારે આપણે કેમ કરીને પ્રાણાન્તિક વેર બંધાણું?' તે બોલ્યો, 'ભદ્ર, વચનદોષથી. કહ્યું છે, કે

ગ્રીષ્મમાં ચરતાં નિત્ય ઊભા-મોલ અબુદ્ધિમાન્ ।
દ્વીપિચર્મપ્રતિચ્છન્ન ખરે ખોયો બગાડિયું ॥

રાજા કહે, 'એ કેમ?' ચિરજીવી બોલ્યોઃ

કથા ૧

હસ્તિનાપુરમાં શુદ્ધપટ નામે ધોબી હતો. એની આગળ ગધેડો હતો તે અતિવાહનની પીડાથી તથા ઘાસ ન મળવાથી બહુ દૂબળો થઈ ગયો. એટલે એને પોષણ મળે તો સારું એવી બુદ્ધિથી ધોબીએ એના શરીર ઉપર દીપડાનું ચામડું ઓઢાડીને એને રાતે પારકા જવમાં છોડી મૂકયો. હવે તો ગધેડો ઇચ્છાનુસાર સસ્ય ભક્ષણ કરે છે, અને દીપડો જાણીને કોઇ એને વારતું નથી; એટલે એ હ્રષ્ટપુષ્ટ થઈ ગયો. એક વાર એણે આઘેથી ગધેડીનું ભૂંકણ સાંભળ્યું અને તરત જ પોતે પણ ભૂંકવા મંડયો. આથી ક્ષેત્રપાળોએ આ તો ગધેડો જ છે એમ જાણીને લાકડી, પાણા તથા બાણ મારીને એને મારી નાખ્યો; એટલે હું કહું છું: 'ગ્રીષ્મમાં ચરતાં નિત્ય' ઇતિ.

(ચાલુ) **દેસાઇ વાલજી ગોવિન્દજી**

ફોટોગ્રાફી

હરીફાઇનું પરિણામ

હમણાંહમણાં હરીફાઈમાં આવતાં ચિત્રોની સંખ્યા ઘટી ગઇ છે. ગુણની દષ્ટિએ પણ ચિત્રો બહુ ઊતરતી કક્ષાનાં જણાયાં છે. ચાલુ યુદ્ધ આને માટે જવાબદાર નહિ હોય? આથી કેટલાક મહિનાથી એક યા વધુ ઇનામો અમારે મોકૂફ રાખવાં પડે છે. આ માસે પણ એમ જ બન્યું છે.

પહેલું ઇનામ: (મોકૂફ); બીજું ઇનામ: 'ખેતર ભણી'–મઝહર માસ્તર (પાલણપુર); ત્રીજું ઇનામ: (મોકૂફ); ઉત્તેજના: 'જીવનની સંધ્યા'–ફીરોઝ સરકાર (સુરત). નોંધપાત્ર (૧) 'સૂર્યપ્રકાશિત શેરી' મઝહર માસ્તર-(પાલણપુર); (૨) 'ગ્રામ્ય કળા' કંચનરાય અમીન-(અમદાવાદ).

સવારના કોમળ સૂર્યપ્રકાશમાં ગામમાંથી સીમ ભણી જતા ખેડૂત તથા તેના સાથીદાર (બળદ)ના ચિત્ર 'ખેતર ભણી'માં જુદા પ્રકારની ફોરમ આવે છે. ભાઇ મઝહર માસ્તરે સામા પ્રકાશમાં લીધેલા આ semi-silhouette ફોટોગ્રાફનો ક્રિયાભાગ સારો છે. વર્ણભેદ બરાબર છે, છતાં આકારોની સ્પષ્ટતા જળવાઈ રહી છે અને ચિત્રમાં હૂબહૂ વાતાવરણ ખડું થાય છે.

એકસપોઝર દરમિયાન પાત્રના હલનથી, કે ચાંપ દાબતી વેળાએ 'કૅમેરા ધ્રૂજવાથી, ચિત્રની વિગતમાં કેટલીકવાર અસ્પષ્ટતા આવે છે. ચિત્રમાં આ બેમાંથી કયું કારણ જવાબદાર છે તે શોધી કાઢવું આવશ્યક છે ચિત્રની ભોંય (બૅકગ્રાઉન્ડ)માં ઘણુંખરું સ્થિર વસ્તુઓ આવે છે. ચિત્રમાં જ્યારે ગતિમાન તેમજ સ્થિર બંને વસ્તુઓના આકાર બેવડા દેખાય ત્યારે જાણવું કે કૅમૅરા હાલ્યો છે; પણ જ્યારે ચલિત પાત્રની આકૃતિ જ ખસેલી દેખાય અને બૅકગ્રાઉન્ડ તથા ફોરગ્રાઉન્ડનાં સ્થિર પાત્રો સ્પષ્ટ દેખાય ત્યારે સમજવું કે પાત્રની ગતિ માટે એકસપોઝરની સ્પીડ ઓછી પડવાથી એ પરિણામ નીપજ્યું છે.

'ખેતર ભણી'માં ખેડૂત અને બળદ કૅમેરા તરફ સીધા ચાલ્યા આવે છે. આમ જ્યારે ચલિત પાત્ર કૅમેરા તરફ જ આવતું હોય ત્યારે ઓછામાં ઓછી ૧/૨૫ સેકન્ડની સ્પીડથી ચિત્ર સુરક્ષિતરીતે લઈ શકાય છે ભાઈ માસ્તરના ચિત્રમાં ફોરગ્રાઉન્ડમાં ડાબી તરફની ઊંચી જમીનની અને બૅકગ્રાઉન્ડના છાપરાની આઉટલાઇન બેવડાઈ ગએલી છે તે જોતાં આ દોષ માટે પાત્રની ગતિ અગર એકસપોઝરની સ્પીડ જવાબદાર નથી, પરંતુ ચાંપ (શટર) દાબતી વખતે દબાણનું પ્રમાણ વધવાથી તેમજ દબાણની દિશાભૂલથી કૅમેરા ધ્રૂજ્યો છે. આ પ્રકારની ખામી કૅમેરા શેઈક (camera

shake)ના નામથી ઓળખાય છે. જોકે આ ચિત્રમાં કૅમેરા-શેઇકનું પ્રમાણ બૂજ હોવાથી બીજી રીતે ચિત્ર રુચિકર અને આહ્લાદક લાગે છે.

ભાઇ સરકારના 'જીવનની સંધ્યા' ચિત્રમાં એક બુઝર્ગ મુસ્લીમ ગૃહસ્થનું અસરકારક પાત્રાલેખન છે. ઊંડી પેસી ગએલી ઝીણી આંખો એ પાત્રની વિશિષ્ટતા છે. પરંતુ ભાઇ સરકારે પાત્રનો પૂરેપૂરો ઉપયોગ રચ્યો નથી, નહિતો સુંદર ચિત્ર ઉપજાવી શકાત. ટેકનિક મોળી છે, સંયોજનનું ઠેકાણું નથી અને એક્સપોઝર તથા નેગેટિવનું ડેવેલપમેન્ટ વધારે-પડતું થવાથી કોમળ વર્ણભેદ અદૃશ્ય થયા છે. સૉફ્ટ મેડનો પેપર વાપરવાથી કદાચ સારો પ્રિન્ટ મેળવી શકાય.

ભાઈ માસ્તરના નોંધપાત્ર ચિત્રમાં ચિત્રના લક્ષ્યનું એકીકરણ થયું નથી. અપ્રમાણ છાયાપ્રકાશ ચિત્રમાં વિસંવાદ ઉપજાવે છે. ઝાડની ડાળીઓમાંથી ડોકિયાં કરતી શેરીના મકાનની સફેદ દીવાલો આંખને ખૂંચે છે.

માટીના પિંડમાંથી પાત્ર ઘડતા કુંભારના માટીવાળા હાથ અને આંગળાંની ચપળ ક્રિયાઓ દર્શાવવાનો ભાઇ અમીનનો પ્રયાસ ફતેહમંદ થયો નથી. કૅમેરાના અયોગ્ય દૃષ્ટિકોણને લીધે વાસણ તથા હાથના આકારો અણઘટતું આકર્ષણ પામે છે.

બલવન્ત ભટ્ટ



સંસારનાં શહેરો

૨૪-વૉશિંગ્ટન

અમેરિકાનાં સંયુક્ત રાજ્યોની પહેલી રાજધાની તો ફિલાડેલ્ફિયા હતું, જ્યાં તેર રાજ્યોએ ૧૭૭૬માં સંયુક્ત બની સ્વાતંત્ર્યનો ઢંઢેરો બહાર પાડેલો. પણ ૧૭૯૦ના જુલાઈની ૧૬મી તારીખે સમસ્ત અમેરિકન રાજ્યોની કૉંગ્રેસે એવો ઠરાવ પસાર કર્યો કે એક નવી રાજધાની ઊભી કરવી જે ફેડરેશનની -બધાં રાજ્યોના સમવાયની-સંયુક્ત મિલકત રહે તેમજ જે સઘળાં રાજ્યોના જ્યુરિસ્ડિક્શન (કાયદાની હકુમત)થી પર રહે. તદનુસાર મેરીલૅન્ડ અને વર્જિનિયા નામનાં રાજ્યોની સરહદ ઉપર પોટોમાક નદીને કાંઠે ૧૦૦ ચોરસ માઇલના વિસ્તારનું એક નવું જ સંસ્થાન 'ડિસ્ટ્રિક્ટ ઑફ કોલંબિયા'ના નામથી ઊભું કરવામાં આવ્યું અને તેની બરોબર મધ્યમાં એક નવું નગર વસાવી તેને અમેરિકાના સ્વાતંત્ર્યવીર તથા પ્રથમ પ્રમુખના નામ પરથી વૉશિંગ્ટન નામ આપવામાં આવ્યું. કોલંબિયાના ટચુકડા રાજ્યની ઉત્પત્તિ આ નગર માટે જ કરવામાં આવી છે. એ સ્થળની પસંદગી ખુદ વૉશિંગ્ટને પોતે જ કરેલી અને મેજર લ'આંફાં નામના એક ફ્રેન્ચ એન્જીનીઅર-અફસરે તેની નગરરચનાનો નકશો કરેલો.

પોટોમાક નદીને ડાબે કાંઠે આજે સોહી રહેલા અમેરિકાના એ પાટનગરના આજના નિર્માણના મુકાબલામાં તેની અસલ સ્થિતિનો ખ્યાલ મેળવવો હોય તો આ રહ્યા ડૅનિયલ વેબ્સ્ટરના શબ્દો: 'I wonder if there ever was an uglier, more dismal swamp than this town.' ઓગણીસમી સદી સુધી યુરોપના રાજદૂતો અને એલચીઓ ત્યાં રહેવું પણ નાપસંદ કરતા. પણ અમેરિકન સિવિલ વૉર(આંતરયુદ્ધમાં)ઉત્તરનાં રાજ્યોના મથક તરીકેના મૂલ્યથી તેની પ્રતિષ્ઠા વધી અને ૧૮૬૦ થી ૭૦ સુધીનાં દસ વર્ષમાં જ એની વસતિ ૬૧,૧૨૨ પરથી ૧,૦૯,૧૯૯ પર પહોંચી. પછી તો રફતેરફતે એની એટલી તો સુધારણા ચાલી કે આજે સાડા પાંચ લાખની વસતિ ધરાવતું એ મનોહર નગર જગતના બીજા કોઇ પણ પાટનગર જેટલું વસાહતયોગ્ય બની ચૂક્યું છે.

આખા નગર પર ગૌરવભર્યાં ઉત્તુંગ ઘુમ્મટે શોભી રહેલી ભવ્ય ઇમારત તે અમેરિકાની રાજસભાની બેઠકનું મકાન 'કૅપીટૉલ'. તેના શિખર પર સ્વાતંત્ર્ય દેવનું પૂતળું છે. બીજાં મહત્ત્વનાં મકાનો તે અમેરિકન કૉંગ્રેસની લાયબ્રેરી અને અમેરિકાના પ્રમુખનું બે મજલાનું સાદું રહેઠાણ 'વ્હાઇટ હાઉસ'. આ ઉપરાંત પાંચ યુનિવર્સિટીનાં અને એક ચિત્રાલયનું મકાન પણ છે.

વસતિનો મોટો ભાગ સરકારી અમલદારો અને નોકરિયાતોનો જ છે કેટલાક લોકો વળી તેનાં પરાં જેવાં ઍલેક્ઝાન્ડ્રિયા, આર્લિંગ્ટન કે ફેરફૅક્સમાં રહે છે. એ લોકોને—અને સામાન્યતઃ આખી અમેરિકન પ્રજાને-દરરોજનું દસથી વીસ માઇલનું ઘરથી ઑફિસ સુધીનું ડ્રાઇવિંગ.(મોટર ચલાવવાનું) તો કંઇ વિસાતમાં નથી હોતું. સરેરાશ અમેરિકન લોકો જેટલા જ અહીંના લોકો પણ મિલનસાર ખરા જ.





માધુકરી

ખૂટો ના ધૈર્ય માર્ગે શિર પર વસમી વર્ષતી આફતોમાં.
હાહોના હૂમલાઓ અડગ હઠવતો આત્મ હારે ન હારો.
શ્રદ્ધા ઊંડાણ કેરી અમર, અસિ તણી ધાર શા પંથ-અંતે,
સાક્ષી સત્‌સિદ્ધિની હો અમૃતમય મહાજ્યોતિપુંજે અનંતે.

—પૂજાલાલ

ગિડુગુ રામમૂર્તિ પંતુલુ


તેલુગૂ ભાષાના સમર્થ સમુદ્ધારક અને જીવનભર એ કાર્ય માટે ઝઝૂનાર આ પ્રયત્નશીલ સાહિત્યસેવકનો જન્મ ઈ. ૧૮૬૩ના ઑગસ્ટની ૧૨મીએ દક્ષિણમાં ઈંદુપલ્લી મુકામે થયો હતો. મૅટ્રિક સુધીનો અભ્યાસ પૂરો કર્યો ત્યાં પિતાનું અવસાન થયું એટલે અભ્યાસ છોડી તેમણે પર્લાકિમિડી મુકામે એક શાળામાં શિક્ષકની નોકરી સ્વીકારી. પરંતુ અધ્યાપન સાથે અભ્યાસ તો ચાલુ જ રાખ્યો અને બીએ.માં આખા પ્રાંતમાં બીજે નંબરે આવ્યા.

ઈ. ૧૮૯૮થી ૧૯૧૧ સુધી પર્લાકિમિડીની મહારાજા કૉલેજમાં ઇતિહાસના પ્રોફેસર રહ્યા. ત્યાં કુલ ૩૧ વરસ એ નોકરીમાં રહ્યા. ત્યાર પછી જ એમના કાર્યજીવનનો આરંભ થયો અને ૧૯૪૧ના જાન્યુઆરીની ૨૨મીએ થએલા અવસાન પર્યંત એ ભાષા અને ઇતિહાસના સંશોધનમાં જ મગ્ન રહ્યા હતા.

કઠોર નૈતિક જીવન ધરાવતા શ્રી પંતુલુ પોતાના આદર્શ ખાતર જીવનની કોઇ પણ તકને હોમી દેવા તૈયાર રહેતા મહાપુરુષ હતા. ભારતના સામાજિક જીવનમાં જે ક્રાન્તિ રામમોહનરાય અને વિદ્યાસાગરે મચાવી એવી જ ક્રાન્તિ તેલુગૂ ભાષાના નવનિર્માણ અર્થે એમણે મચાવી અને એ ભાષાના સાહિત્યના 'જૉનસન' બની રહ્યા.

ઈ ૧૯૩૬ના એપ્રિલની ૧લીએ આંધ્રના ગંજામ, પર્લા-કિમિડી અને બહેરામપુર જિલ્લા ઓરિસ્સામાં મેળવી દેવામાં આવ્યા. આથી પંતુલુને ભારે આઘાત થયો. એમણે એની વિરુદ્ધ લોકમત કેળવવા માંડયો અને પ્રતિજ્ઞા લીધી કે ઉપર્યુક્ત જિલ્લા આંધ્રમાં પાછા ન મેળવવામાં આવે ત્યાં સુધી પર્લાકિમિડીમાં પગ ન મૂકવો. ત્યાંથી એ રાજમહેંદ્રી ચાલ્યા ગયા. એ જિલ્લાઓ આંધ્રના જ છે એવા પુરાણા શિલાલેખો સહિત અનેક પુરાવા એ રજૂ કરતા રહ્યા.

તેલુગૂ ભાષાનું સ્વરૂપ તો ઠેઠ અગિયારમી-બારમી સદીમાં જે હતું તે જ આજે છે. ભાષામાં કોઈ પ્રવાહ નથી અને તે બહુ કૃત્રિમ અને પરિશ્રમસાધ્ય રહી છે. લેખકોએ એને એવી જટિલ બનાવી દીધી છે કે તેનું ગદ્ય તો માત્ર સંસ્કૃતાભ્યાસીઓ જ સમજી શકે. એનું સાહિત્ય ગણ્યા-ગાંઠયા વિદ્વાનોમાં જ સીમિત રહ્યું છે. આ સીમાબદ્ધતા સામે પંતુલુએ માથું ઊંચક્યું ને બોલચાલની સજીવ ભાષાને યથેષ્ટ સ્થાન અપાવવા આંદોલન ઉપાડયું. ઈ. ૧૯૦૭થી એમણે એ શરૂ કર્યું અને સરકાર તથા વિદ્વાનોના વિરોધ છતાં પોતાના પ્રયત્નને વળગી રહ્યા. એ અનેક ભાષાઓના જ્ઞાતા હોઇ, પોતાના સમર્થનમાં એવીએવી દલીલો મૂકતા કે એમના ઐતિહાસિક જ્ઞાન સામે વિરોધીઓને પણ નમવું



પડતું. એમનો ત્યાગ જેટલો જબ્બર હતો એટલો જ એમનો સંકલ્પ પ્રબળ હતો, ને પેન્શન લીધા પછીનાં ત્રીસ વર્ષ સુધીનું જીવન એમણે એની પાછળ હોમી દીધું.

સાહિત્ય, ઇતિહાસ અને રાજનીતિ ઉપરાંત પુરાતત્ત્વ અને જાતિવિજ્ઞાન (Ethnology)નો પણ એમને ખૂબ શોખ હતો. શિલાલેખો ઉકેલી એમણે ઇતિહાસજ્ઞાનમાં ઉમેરો કર્યો. પર્લાકિમિડી નજીકથી 'સવર' નામની જંગલી જાતિની ભાષા અને જાતિતત્ત્વનો અભ્યાસ કર્યો. આ સેવાના ઉપલક્ષમાં સરકારે એમને ૧૯૩૪માં 'રાવસાહેબ'ના ખિતાબ તથા 'કૈસરે હિંદ' પદકથી સંમાનિત કર્યા

આંધ્ર પણ એ ઉપેક્ષિત મહાપુરુષની કદર કરી એમની સિત્તેરમી વર્ષગાંઠ ધામધૂમથી ઊજવી અને એમના સઘળા ગ્રંથો પ્રકાશિત કર્યા. આંધ્ર વિશ્વવિદ્યાલયે એમને 'કલાપ્રપૂર્ણ'ની તથા સરકારે 'મહામહોપાધ્યાય'ની ઉપાધિથી વિભૂષિત કર્યા, પરંતુ અફસોસની વાત એ છે કે જે સંમાન એમને મળવું જોઇતું હતું ને પુસ્તક રૂપે જે રીતે એમની સેવા લેવી જોઇતી હતી તેની દરકાર કરવામાં ન આવી.

મેંદી

મેંદી અથવા હિનાને લાટિનમાં 'Lawsonia Alba' કહે છે. બાઇબલમાં એને 'Camphire' કહેવામાં આવ્યું છે. પ્લીનીએ તેને 'મિસરનું સરૂ' કહેલું. મિસરીઓ તો એને 'સ્વર્ગીય સુગંધી' ગણે છે. વેસ્ટ ઈંડીઝમાં તે Jamaica mignonette' તરીકે ઓળખાય છે અને ઇંગ્લંડમાં 'Egyptian Privet' તરીકે. અરબ લોકો પ્રાચીન કાળથી એ વાવતા આવેલા અને આજે તો હિંદ, ઇરાન અને ભૂમધ્યકાંઠાના સઘળા દેશોમાં તે વાવવામાં આવે છે. તેમાં સુગંધી અને વાસ વિનાની એવી બે જાત થાય છે. વાસ વિનાની જાત બગીચાઓમાં વાડ કરવાના ઉપયોગ માટે વવાય છે.

મેંદીનો છોડ ખૂબ પાતળો ને સાતઆઠ ફૂટ ઊંચો થાય છે. એને લીલાશપડતાં સફેદ ફૂલોનાં ઝૂમખાં બાઝે છે. શિયાળાના અંતમાં એની ફાલવાની મોસમ પૂરી થતાં એને લીલા રંગનાં નાનાં ફળ આવે છે. વાડ તરીકે એના છોડનો સારો ઉપયોગ થાય છે, કારણ કે છોડ પુખ્ત થયા પછી તેને કાંટા બાઝે છે. ગમે તેવી—ક્ષારવાળી જમીનમાં પણ એ ઊગે છે. એનાં બી વાવીને એને ઉગાડી શકાય છે, પણ મોટે ભાગે કલમોનો જ આશરો લેવામાં આવે છે.

મેંદીનાં પાનનો ઉપયોગ ઘણા જૂના કાળથી સુગંધી માટે તથા શરીરનાં અંગો રંગવા માટે થતો આવ્યો છે. મુસલમાન સ્ત્રીઓ પોતાના હાથપગ એ વડે રંગે છે અને મુસલમાન પુરુષો પોતાનાં દાઢીમૂછ. ચામડાં રંગવાના કામમાં પણ એનો ઉપયોગ થાય છે. મેંદીનાં ફૂલમાંથી સુગંધીદાર અત્તર પણ સારવવામાં આવે છે.

ક્રીઓલાઈટ

ઇ. ૧૭૯૪માં ડેન લોકોને ગ્રીનલૅંડમાંથી એક એવી પોચી ધાતુ મળી આવી જે મીણબત્તીના પ્રકાશમાં પણ પીગળી જાય. એના શુદ્ધ સ્વરૂપે તો એ બરફની જેમ બિલકુલ રંગહીન હોય છે, પરંતુ સાથે બીજી ધાતુઓનો ભેળ હોય તો તેમાં લાલ, ભૂખરી કે શ્યામ છાયા રહે છે. એ અર્ધપારદર્શક તો હોય છે, પણ પાણીમાં મૂકવામાં આવતાં બિલકુલ પારદર્શક થઇ જાય છે આને લઇને એસ્કિમો લોકો એને બરફનો જ કોઈ વિશિષ્ટ પ્રકાર માનતા, અને એ ઉપરથી જ ગ્રીકોએ એને ગ્રીક નામ 'ક્રીઓલાઇટ' આપ્યું, જેનો અર્થ થાય 'હિમપત્થર'. ગ્રીનલૅન્ડમાં માત્ર એક જ સ્થળે તે મળી આવે છે. ઍલ્યુમિનિયમની બનાવટમાં, એનામેલ કામમાં, પોર્સીલેનને સખત બનાવવાના વગેરે કામમાં તે આવે છે.



ગ્રંથમાળા વ્યવસ્થિત રાખવી હોય તો

એક જ સેટનાં ઘણાં પુસ્તકો હોય, ગ્રંથાવલિ હોય કે માસિકની ફાઇલો હોય, તે પોતપોતાના ક્રમવાર મૂકાઈ છે કે નહિ તે આપોઆપ જણાઈ આવે તે માટે કોઈ એક રંગથી કે રંગેલા કાગળથી તે બધી પર એક ત્રાંસી પટ્ટી દોરવી કે ચોડવી, જેથી તેમાંનું કોઈ પણ પુસ્તક ભૂલથી ક્રમવિનાની જગ્યાએ મૂકાયું હશે તો લીટી તેના સાંધાની ઉપર કે નીચે રહેવાથી ખબર પડશે.

ગુજરાત સાહિત્ય સભા (અમદાવાદ) તરફની વાર્ષિક સાહિત્યસમીક્ષા

માટે આ વર્ષે થએલી વ્યવસ્થામાં નીચે મુજબનો ફેરફાર કરવામાં આવ્યો છેઃ વિભાગ બીજામાં આવતા નિબંધ, વિવેચન, જીવનચરિત્ર, ધર્મતત્ત્વજ્ઞાન, ઇતિહાસ-પુરાતત્ત્વ, ભાષાશાસ્ત્ર, કેળવણી, બાળસાહિત્ય, પ્રવાસ આદિ લલિતેતર સાહિત્યના સમીક્ષકનું તેમનું સરનામું આ પ્રમાણે ફેરવાયું છેઃ 'શ્રી યશવંત શુક્લ' ચિલ્ડ્રન્સ ઍકેડેમી, ૧૫ મૅથ્યુ રોડ, ગિરગામ, મુંબઈ-૪.' વિભાગ ત્રીજોઃ વિજ્ઞાનની બધી શાખાઓના સમીક્ષક શ્રી વિજયલાલ ક. ધ્રુવનો સ્વર્ગવાસ થવાથી તેમની જગાએ શ્રી ધનજીભાઈ ફકીરભાઇને નીમવામાં આવ્યા છે. તેમને કલ્યાણ સોસાએટી, એલિસબ્રિજ, અમદાવાદ એ સરનામે પુસ્તકો મોકલવાં. દરેક પ્રકાશક તથા લેખકને આ ફેરફાર ધ્યાનમાં લઇ પોતાનાં પ્રકાશનો તથા કૃતિઓ મોકલી આપવા વિનંતિ છે.

આ મહિનો (ઑગસ્ટ) ઇતિહાસમાં

તા. ૧ રશિયાએ સર્વિયાને મદદ આપતાં ઑસ્ટ્રિયા તથા જર્મનીએ તેની સામે યુદ્ધ જાહેર કર્યું અને પહેલા મહાયુદ્ધની શરૂઆત થઈ–ઇ. ૧૯૧૪.

તા. ૮ જર્મન ભાષાનું પ્રથમ ધોરણ નક્કી કરનાર મહાન જર્મન ભાષાશાસ્ત્રી અને વૈયાકરણી યોહાન ક્રિસ્ટૉફ આડેલુંગનો જન્મ–ઇ. ૧૭૩૨.

તા. ૧૫ નેપોલિયન બોનાપાર્ટનો કોર્સિકા ટાપુના મુખ્ય શહેર અનાસિયો મુકામે જન્મ–ઇ. ૧૭૬૯.

તા. ૧૭ વૉરન હેસ્ટિંગ્ઝ અને સર ફિલિપ ફ્રાન્સિસ વચ્ચે દ્વંદ્વયુદ્ધ–ઇ. ૧૭૮૦.

તા. ૧૮ ફ્રેન્ચ વાર્તાસમ્રાટ ઑનોરે દ બાલ્ઝાકનું અવસાન–ઇ. ૧૮૫૦.

તા. ૨૨ જર્મની તથા રશિયાએ અનાક્રમક કરારો કર્યા–ઇ. ૧૯૩૯ (જેનો અત્યારે ભંગ થઈ રહ્યો છે.)

તા. ૨૪ હિટલરે જર્મનીમાં લશ્કરી શિક્ષણ ફરજિયાત કર્યું–ઈ. ૧૯૩૭.

તા. ૨૬ બ્રિટિશોએ ઉમ્દત–ઉદ્દૌલ્લાને કર્ણાટકના નવાબપદે સ્થાપ્યો ઇ.૧૭૬૬

તા. ૩૧ ફ્રેન્ચ કવિ, વિવેચક, પત્રકાર અને નવલકથાલેખક થીઑફીલ ગોતીએરનો જન્મ–ઈ. ૧૮૧૧.

આ માસની વિભૂતિ

નર્મદાશંકર લાલશંકર કવિ

પ્રેમ–શૌર્યનાં ગાનથી ગુજરાતીઓનાં હૈયાંને રસ–ભરત અને ગૌરવાન્વિત કરનાર એ રંગીલા અને વીર કવિનો જન્મ ૧૮૩૩ની ૨૪મી ઑગસ્ટે સુરતમાં વડનગરા નાગર બ્રાહ્મણ લાલશંકર પુરુષોત્તમ દવેને ત્યાં થયો હતો. એમની માતાનું નામ નવદુર્ગા. સુંદર મરોડના અક્ષરો લખનાર તરીકે શહેરભરમાં વિખ્યાત પિતા લહીઆનો ધંધો કરતા. સુરતની ગામઠી શાળામાં પ્રાથમિક અભ્યાસ કર્યા પછી કવિએ માધ્યમિક કેળવણી મુંબાઈના એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં લીધેલી. ૧૮૪૪માં કવિ પરિણિત થયા અને માતા-



વિહોણા પણ થયા. ૧૮૫૩-માં પ્રથમ પત્ની વિદેહ થયાં તે વેળા કવિ સુરતમાં પંદર રૂપિયાને પગારે માસ્તરગીરી કરતા હતા, પણ તેમનું મન ચંચલ, બુદ્ધિ તેજસ્વી, જ્ઞાનપિપાસા અછીપ અને મહત્ત્વાકાંક્ષા તીવ્ર હતી. ૧૮ની વયે તો મુંબાઇમાં 'બુદ્ધિવર્ધક સભા' સ્થાપી તેમણે સ્વદેશપ્રેમ, હુન્નર-ઉદ્યોગવૃદ્ધિ અને સંસારસુધારા વિષે જુસ્સાદાર ભાષણો તથા જોશીલાં કાવ્યો વડે સભાઓ ગજવેલી. અંગ્રેજી, સંસ્કૃત અને વ્રજભાષાનાં અસંખ્ય પુસ્તકોનો તેમણે અભ્યાસ કરેલો અને પાશ્ચાત્ય સાહિત્યના સંપર્કને લીધે આવેલા નવદર્શન વડે ગુજરાતી પદ્યમાં એક નવો જ પ્રવાહ શરૂ કરનારા આદ્ય પ્રવર્તક તે નીવડ્યા. સુરતમાં એમણે સ્વદેશહિતેચ્છુ મંડળ સ્થાપ્યું અને લોકોને ચીમકી આપી જાગ્રત કરવા 'ડાંડિયો' નામનું વિશિષ્ટ પખવાડિક પત્ર શરૂ કર્યું. પ્રબળ ઉદ્રેક અને ગિર્વાણભક્તિના પ્રેરાએલા કવિ હવે વધુ વખત નોકરીના બંધનમાં રહી શક્યા નહિ અને ૨૫મે વર્ષે નોકરી છોડી કલમને ખોળે માથું મૂકી સાહિત્યસેવા પર જ જીવનનિર્વાહ કરવાનું વ્રત લીધું. સરસ્વતીદેવીની આ ઉપાસનામાં કવિની કસોટી પણ સારીપેઠે થઇ. અનેક કપરા દિવસો એમને વેઠવા પડ્યા; પણ ચણામમરા ફાકીને પણ એ કવિ આત્માએ ગરીબાઇ સામે વીરતાપૂર્વક ઝૂઝીને અખંડ શારદાસેવા જારી રાખી અને 'જય જય ગરવી ગુજરાત'ના ગાન સાથે એણે ગુજરાતને 'નર્મકોષ' અર્પણ કર્યો ત્યારે તો માથે દેવાનો ડુંગર ચડી ગયો હતો. અંતે કાળને વશ થઈ તેમણે શેઠ ગોકળદાસ તેજપાળ દવાખાનામાં નામની નોકરી સ્વીકારી. આવા કપરા દિવસોમાં, તેમજ કવિએ એ વિધવાઓને ઘરમાં આશ્રય આપ્યા છતાં કવિ પ્રત્યેના ભાવમાં લેશપણ ન્યૂનતા ન આવવા દેનાર તેમનાં બીજી વારનાં પત્ની ડાહીગૌરી કવિના આખા જીવન દરમ્યાન એક અમોઘ બળ બની રહ્યાં હતાં. સુધારાનો શંખ ફૂંકનાર એ કવિની ઉત્તરકાળની પરિપક્વ વિચારણાએ એમને ધર્મવિચાર તરફ વાળ્યા અને પોતાના એ ફેરવાએલા વિચારનું પ્રતીતિજનક સમર્થન એ નામના પુસ્તકમાં એમણે કરાવ્યું છે. ૧૮૮૬માં ૫૩ વર્ષની વયે સં. ૧૯૪૨ની મહાશિવરાત્રીએ ગુજરાતના એ રસિકશૂર કવિનો દેહવિલય થયો. ગુજરાતી કવિતાના નવયુગના અરુણ દલપતરામના સમકાલિન અને કાવ્યમાં નૂતન પ્રાણતત્ત્વના આદિ જનક, ગુજરાતી ગદ્યના પિતા, પ્રથમ કોષકાર, 'આઉટલાઈન ઑફ હિસ્ટરી'ના લેખક એચ જી. વેલ્સથી દશકાઓ પૂર્વે 'રાજ્યરંગ' લખી જગતના ઇતિહાસની રૂપરેખા આંકનાર ઇતિહાસ-અભ્યાસી, અને નાનામોટા ૭૫ ગ્રંથો લખી ગુર્જરીને ગરવી કરી જનાર તેઓ કવિ તેમજ સરસ્વતીસેવક તરીકે ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવ નામ મૂકી ગયા છે.

ભારતીય સંવતો

૨૧–રાજ્યાભિષેક સંવત

દક્ષિણી લોકોના આ 'રાજ્યાભિષેક શક' અથવા 'રાજશક' શિવાજીના રાજ્યાભિષેકના દિવસથી એટલે કે શક સંવત ૧૫૯૬ના આનંદ સંવત્સરમાં જેઠ શુદ ૧૩થી ચાલુ થયો હતો. એનું વર્ષ જેઠ શુદ ૧૩થી જ બદલાતું. મરાઠાઓના અમલમાં એનો પ્રચાર રહેલો, પણ હવે નથી રહ્યો.

હિંદમાં વર્ષે ૧૫ લાખ માતાઓ પ્રસૂતિમાં મરે છે, જ્યારે અમેરિકામાં માત્ર ૧૫ હજાર. આમ દર વીસ સેકંડે આપણે ત્યાં એક માતા અવસાન પામે છે.

અલ્તમશના નાના પુત્ર નસીરુદ્દીન જેવી જ એની બેગમ પણ સદ્‌ગુણી હતી ને દિલ્હીની શાહાનશાહબાનુ થયા છતાં ઘરનું બધું કામ હાથે કરતી. એક દિવસ રસોઈ વેળા દાઝતાં તેણે નસીરુદ્દીન પાસે મદદ માટે એક બાંદીની માગણી મૂકી; પરંતુ એ ન સ્વીકારતાં નસીરુદ્દીને જવાબ આપ્યો, 'રાજ્યની લક્ષ્મીમાં વધારો કરવાનો જ મારો અધિકાર છે; જરૂર ઉપરાંત વાપરવાનો નહિ.'

અનેકાર્થી શબ્દ: **કોટિ**=કરોડ, અથવા સો લાખની સંખ્યા; આલિંગન; વર્ગ કે પ્રકાર; કમાનનો છેડો; તકરારના પ્રશ્નની એક બાજુ–પૂર્વપક્ષ; ઊંચામાં ઊંચું બિંદુ–અંતિમતા; કાટખૂણિયા ત્રિકોણની કર્ણ સિવાયની બાજુ.

કહેવતોના અર્થ: 'સક્કર્મીના સાળા ઘણા.' સક્કર્મી—શ્રીમંત—માણસની વહુને 'બહેન બહેન' કહેતા ઘણા જણ જે ખુશામત કરતા આવે એ સ્થિતિ નિર્દેશીને લોકોની લક્ષ્મીપૂજા તેમજ સ્વાર્થસાધુ વૃત્તિ તથા પૈસાનો મહિમા બતાવવા આ કહેવત વપરાય છે, અને એ ભાવની અનેક કહેવતો પ્રચલિત છે. એમાંની થોડી: લીલા વનના સૂડા ઘણા; સૌ ઝગતી (સગડી)એ તાપે; ધમધમતી વહેલે સૌ બેસવા આવે; મધ ત્યાં માખ; સબ દામકે ગુલામ; જારને સૌ જુહાર કરે; ગાંઠે હોય જર, સૌ પૂછે ઘર; જર બિસ્યાર (ઘણું) તો મરદ હોશિયાર; નમતે ત્રાજવે સૌ બેસે; દામ કરે કામ, લોંડી કરે સલામ.

દુનિયામાં ઇશુ ખ્રિસ્તની મૂર્તિઓ કરતાં ભગવાન બુદ્ધની મૂર્તિઓની સંખ્યા ઘણી જ વધારે છે. તેમાં વધુમાં વધુ ચીન અને જાપાનમાં છે.

દુનિયાનાં એક લાખ ઉપરની વસ્તી ધરાવતાં શહેરોનો ૭૦ ટકા ભાગ નદી અથવા સમુદ્રકિનારે વસેલો છે.



નૉર્વેનું દૃશ્ય રજૂ કરતી એ દેશની ટિકિટ (સંગ્રહ: હરિલાલ બેંકર)

ગણિતગમ્મત

$(૧ + ૨)^૨ - (૧^૨ + ૨^૨) = ૨ \times ૨$

$(૨ + ૩)^૨ - (૨^૨ + ૩^૨) = ૩ \times ૪$

$(૩ + ૪)^૨ - (૩^૨ + ૩^૨) = ૪ \times ૬$

$(૪ + ૫)^૨ - (૪^૨ + ૫^૨) = ૫ \times ૮$

$(૫ + ૬)^૨ - (૫^૨ + ૬^૨) = ૬ \times ૧૦$

$(૬ + ૭)^૨ - (૬^૨ + ૭^૨) = ૭ \times ૧૨$

$(૭ + ૮)^૨ - (૭^૨ + ૮^૨) = ૮ \times ૧૪$

$(૮ + ૯)^૨ - (૮^૨ + ૯^૨) = ૯ \times ૧૬$

$(૯ + ૧૦)^૨ - (૯^૨ + ૧૦^૨) = ૧૦ \times ૧૮$

$(૧૦ + ૧૧)^૨ - (૧૦^૨ + ૧૧^૨) = ૧૧ \times ૨૦$

અને એમ આગળ (કા. મ. જોષી)

તમાકુના ડાઘ લીંબુના રસથી નીકળી જશે.

હોલાંડનું વેનીસ ગણાતું આમ્સ્ટરડામ નગર નાનામોટા ૯૦ ટાપુઓ ઉપર બંધાએલું છે.

દુનિયાભરમાં ઓછામાં ઓછું હવામાન (વધુમાં વધુ ઠંડી) સાઈબીરિયા (રશિયા)માં આવેલા વર્ખોનીનિસ્કી મુકામે ૧૮૮૫ના જાન્યુઆરીની ૧૫મી તારીખે મપાયું છે: શૂન્ય નીચે ૯૦ ડિગ્રી અને થોડા દોકડા ઉપર!

સામાન્ય વાચકની આંખો વાંચતી વખતે એકએક નહિ પણ બેથી ત્રણ શબ્દો એકીસાથે ઉકેલતી જતી હોય છે.

'મારા વર્ગમાં તને ઊંઘવું ભારે પડશે હો, ચંદુ ?'

'સાહેબ, તમે જરાક ધીમેથી બોલશો તો વાંધો નહિ આવે.'

માણસના ચહેરા ઉપર દર ચોરસ ઇંચે લગભગ ૧૬૦ વાળ હોય છે.



ઝાડે ચડતી માછલી

ઘેરા લીલા રંગની અને શરીરે ધૂંધળા પટાવાળી છ ઇંચની આ માછલી તળાવ કે નદીમાં પાણી ખૂટે ત્યારે બીજા પાણીની શોધમાં જમીનપર પ્રવાસે (મોટે ભાગે રાત્રે) નીકળે છે અને વચ્ચે કોઇ ઝાડ આવે તો તે પર ચડી પણ શકે છે.

વધુમાં વધુ કોની કેટલી ગતિ ?

આંગળીના નખ (વર્ષમાં)		૨$\frac{૧}{૨}$	ઈંચ વધે
માણસના વાળ	,,	૧૬	,,
વાંસ	,,	૩૩	,,
હવાની લહરી (એક કલાકે)		૫	માઈલ
માણસની ચાલ	,,	૯$\frac{૧}{૩}$	,,
મરઘી	,,	૧૨	,,
માણસની દોડ	,,	૧૪$\frac{૧}{૩}$	,,
હાથી	,,	૨૫	,,
ગ્રેહાઉન્ડ કૂતરો	,,	૩૬	,,
સંદેશવાહક કબૂતરો	,,	૪૦	,,
ઘોડેસ્વાર	,,	૪૧	,,
સામાન્ય વહાણ	,,	૫૬	,,
ગરુડ	,,	૧૨૫	,,
મોટરબોટ	,,	૧૨૫	,,
આગગાડી	,,	૧૨૫	,,
દરિયાઈ જહાજ	,,	૪૪૦	,,
ધ્વનિ	,,	૭૬૦	,,
વાવંટોળ	,,	૧૨૦૦	,,
બંદૂકની ગોળી	,,	૧૮૦૦	,,
પ્રકાશ (એક સેકંડે)		૧૮૬૩૨૫	,,



યમુનાતીરે રાધા • શિલ્પી : શ્રીધર મહાપત્ર
સૌંદર્યના સ્તોત્ર સમું પાષાણમાં ઉતારેલું આ એક મનોહર શિલ્પકાવ્ય છે. એ શા વિચાર કરતી હશે ? એ તે યમુનાજળમાં પોતાનું પ્રતિબિંબ નીરખે છે કે પાદાંગુલીઓ પાસેનાં પદ્મપત્રો સાથે લીલા ખેલે છે ? કે પ્રિયતમ શ્રી કૃષ્ણનું ચિંતન એ કરતી હશે ? ચિત્રવિષયમાં કરેલા મનોહર ભાવસંચાર ઉપરાંત તેની શિલ્પક્રિયા પણ અનુપમ છે.



હરપાર્વતી-નૃત્ય

શ્રી મહાપાત્રનું આ એક અનેરું કાષ્ઠસર્જન છે. દોઢ કે બે હાથના લાકડાના ટુકડામાં કલાપૂર્ણ નૃત્યડોલન અને હરપાર્વતીનાં મુખારવિંદોની ભાવલીલા શ્રી મહાપાત્રની પ્રથમ પંક્તિની કૃતિ ઠરે એવું આ શિલ્પ છે, અને કલકત્તાના કલા પ્રદર્શનમાં એ માટે તેમને સુવર્ણચંદ્રક અપાયો છે

શિલ્પી • શ્રીધર મહાપાત્ર